


નવો નિશાળિયો] [સોમાભાઈ મિસ્ત્રી

કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

જુલાઇ * સળંગ અંક ૮૧૦ * ૧૯૯૫

તંત્રી : ધીરુ પરીખ સંસ્થાપક : રવિશંકર રાવળ સંપાદક : બિહારીલાલ ટાંક



રાગ મેઘ

(કાંગડા શૈલી)

જુલાઈ ૧૯૯૫

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૧૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

એપ્રિલ ૧૯૯૫ના 'કુમાર'માં નેલ્સન મેન્ડેલા જેવા અશ્વેત પ્રજાના મહાન લડવૈયા તથા તારણહારનું અભ્યાસપૂર્ણ તેમજ તેમના જીવનનાં વિવિધ પાસાંઓને આવરી લેતું, વિગતવાર ચરિત્ર વાંચીને આનંદ થયો.

વિખ્યાત વિભૂતિઓનું જીવન લોકસમુદાયને તથા ખાસ કરીને કિશોરોને પ્રેરણાદાયી નીવડે છે. જીવનમાં માત્ર એક ધ્યેયને દૃષ્ટિ સમક્ષ રાખીને, તે માટે ઝૂઝનારા લોકો, ભલેને સામાન્ય પરિવારમાં જન્મ્યા હોય, છતાં પણ માનવ સમુદાયનું કલ્યાણ કરીને વિશ્વના ઇતિહાસમાં અમર નામના મેળવે છે. આ બોધપાઠ મેન્ડેલાના જીવનમાંથી આપણા યુવાવર્ગને પ્રાપ્ત થાય છે. લેખકે મેન્ડેલાના પોતાના ધ્યેયને વળગી રહેવાના ગુણોને ઉપસાવીને આપણા સમાજના યુવાનો સમક્ષ બોધપ્રદ ચરિત્ર રજૂ કર્યું છે. અભિનંદન ! **કા. વી. વાઘેલા (અમદાવાદ)**

ચિત્રકાર હીરાલાલ ખત્રીના જીવનમાં એમનો સ્ટૂડિઓ આગમાં ભસ્મિભૂત થયાનો બનાવ બન્યો. એવો જ બનાવ કલાકાર એ એ. આલમેલકરના જીવનમાં બન્યો હતો. બોરીબંદર પાસેના એમના ઘરમાં આગ લાગી અને પોતાનાં ચિત્રો, અન્ય ચિત્રકારોનાં ચિત્રોનો એમનો સંગ્રહ બધું જ અગ્નિસાત થયેલું અને કલાકાર ઘરની સામેની ફૂટપાથ પર ઊભા ઊભા જોયા કરતા હતા. બધું જ નાશ થયું હતું. એના થોડા જ સમય પછી From Ashes to Life - 'રાખમાંથી બાગ' નામનું પ્રદર્શન તૈયાર કર્યું અને પોતે ફિનિક્ષ પક્ષીની જેમ પાછા જીવંત થયા. આ પ્રેરણા એમને આ ગુરુ પાસેથી જ મળી હશેને ?

વર્ષભરના 'કુમાર' સાચવવા માટે ફાઈલ બંધાવવી જોઈએ. પરંતુ હવે બુક બાઈન્ડરો ઘટતા જાય છે અને તે સરસ બાંધણી કરી આપતા નથી. વળી, સારું મનપસંદ બાઈન્ડિંગ કોઈ કરી આપે તો લગભગ લવાજમ જેટલાં દામ માગે. એક સરળ અને બિનખર્ચાળ ઉકેલ શોધ્યો છે. 'કુમાર'ની સાઈઝ ૧૮.૫ સે.મી. આડી અને ૨૪ સે.મી. ઊભી છે. પ્લાસ્ટિકની ચૌદ પાતળી થેલી (વધુમાં વધુ ૨૫ પૈસા નંગના થાય) ૨૦ કે ૨૨ સે.મી. પહોળી અને ૨૪ કે ૨૬ સે.મી. ઊભી લઈ ડાબી બાજુએ પોસ્ટકાર્ડથી જાડું કાર્ડ લઈ પટ્ટી જેટલું ઉપર નીચે(થેલી સાથે ચાર-છ સારી સ્ટેપલ પિન મારી,) પહેલી અને છેલ્લી થેલીમાં જાડાં પૂઠાં 'કુમાર'ની સાઈઝનાં ભરાવી દઈએ એટલે ફાઈલ તૈયાર. અંદરની બાર થેલીઓમાં 'કુમાર'નો એક એક અંક સહેલાઈથી રહી જાય. જોઈએ ત્યારે વાંચવા કાઢી શકાય. **રમેશ શાહ (સૂરત)**

'કુમાર' એપ્રિલ ૧૯૯૫ના આવરણ પાને यदेव पुरुषं सूर्यै.... છપાયું છે ત્યાં મારી સમજ મુજબ यदेव पुरुषः सूर्यै જોઈએ. ડૉ. જયકુમાર શુક્લે આપેલ 'નેલ્સન મેન્ડેલા' ચરિત્ર ગુજરાતી વાચકોને મળવું જરૂરી હતું. 'વાંઝણી' લઘુકથા રોચક બની રહી. **જયદીપ ડાભી (ડાકોર)**

વર્ષા

વર્ષાની ધારના કોણે આકાશથી
અવનિને ઉર આ તાર સાંધિયા ?
અંગુલિ વીજની કોણે આ ફેરવી,
શુષ્કતા વિદારતાં ગીત છોડિયાં ? વર્ષા૦

ગીતો એ થનથન નાચે છે મોરલા,
ટહુકારે વન વન વ્યાપી રહ્યાં;
રૂમઝૂમ રૂમઝૂમ ઝરણાંઓ નાચતાં,
પર્વતના બંધ સૌ તૂટી ગયા. વર્ષા૦

ચારે તે આરે ભેટે સરોવર,
નદીઓને હાથ ના હૈયાં રહ્યાં;
ગીતે એ વનવન સમૃદ્ધિ સાંપડી,
શુષ્કતા-ભુજંગપાશ તૂટી ગયા. વર્ષા૦

ગીતે એ આભમાં નાચે છે વાદળી,
પોઢયા અંકુર સૌ ઊભા થયા;
પૃથ્વીના પ્રાણનાં થંભેલાં વ્હેણ સૌ
તાલે એ ગીતના વ્હેતાં થયાં. વર્ષા૦

પ્રહ્લાદ પારેખ

કણી / હેમન્ત દેસાઈ

(શિખરિણી-સૉનેટ)

ડસે કોઈ ઝીણી કણી હૃદયમાં શાન્ત ક્ષણમાં
મને એકાન્તે એ ઘણુંક પજવે, એનું અહીંયાં
હશે હોવું શાને; ક્યમ ખટકતી - જાણું કશું ના.
કદા એનું આછું અનુભવ્યું'તું અસ્તિત્વ, વસમા
વહ્યા વ્હેવારો ને ગતિવિધિ સહી તેની વચમાં–
અજાણ્યે કે જાણ્યે અવગણી, હવે લાગી ડસવા !

પ્રવેશી એ ક્યારે ક્યહીંથી ક્યમ શી રીત ટકી ને
હશે કેવું એનું સ્વરૂપ — મથું હાવાં સમજવા.
અભિજ્ઞા ના કિન્તુ પ્રકટિત થતી એની કંઈ એ
ઈપત્ ઘેરે મારું સજગ દૃઢ સંવિત્ વળીવળી
મહત્ માધુર્યોનાં સુખ છીનવી લેતી અવનવાં–
યથાવત્ મ્હાલું હું પણ કદીક ઊઠું ખળભળી !

વિમાસું: આ જન્મે નિત પજવશે કે ગળી જશે
સ્વયં વા ભાંગીને નીકળી પડશે કો' દિ અવશે ?!

બે હથેળી / હરેશ 'તથાગત'

(ગઝલ)

બે હથેળી થાય ભેગી, ત્યાં જ ઘર,
ત્યાં વસંતો, શેષ સઘળે પાનખર !

આવ, સહિયારાપણું શણગારવા,
મૂક જીવે જીવ, અધરો પર અધર !

એકલું ગમતું નથી સ્હેજે મને,
આવ, પાછો આવ, મારા હમસફર !

કોઈની ચિઠ્ઠી સમા અજવાસને,
પોંખશું ચારે તરફ, આઠે પ્રહર.

સાથિયો ભીતર કરી લઈ નેહનો,
આરતી જેવી પળોને યાદ કર.

કણી ● ચિત્તમાં કોઈ ભૂતકાલીન ક્ષણ ખટકી રહી છે તે ખટકનું મંથનપૂર્ણ નિરૂપણ કરતું સૉનેટ. **અંદર જઈએ** ● આજે જ્યારે યુગદોડ બહિર્મુખ બની છે ત્યારે જીવનની સાચી દિશા કઈ તે સ્વચિત્તને સર્જક 'અંદર જઈએ' દ્વારા ચીંધે છે તેનું ગાન. **બે હથેળી** ● માણસ એકલો હોય તે અધૂરો છે, પણ બે હથેળી દ્વારા દ્વૈતનો આનંદ વ્યક્ત કરતી ગઝલ. **મેઘ** ● પહાડ અને મેદાનમાં સર્વત્ર વરસાદની જે લીલા પ્રકટે છે તેનું નવીન ચારુ કલ્પનામંડ્યું ચિત્ર. વળી, અંતે જતાં માનવચિત્ત પર વર્ષાની કેવી અસર થાય છે તે પણ ભાવોદ્રેકથી નિરૂપાયું છે.- **ધી. પ.**

અંદર જઈએ / ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

ચાલ, ચતુરા ! અંદર જઈએ,
ગહ્વરમાંથી ગગને જઈએ !–

નદીએ નદીએ સમદર જઈએ
શિલા શિલાએ પર્વત ચડીએ
લહરે લહરે લ્હેરાતાં સૌ

દૂર ગગનની પાર ઊતરીએ
વિણ વાદળ વીજ બની ચમકીએ.

નહીં કિનારે, નહીં ખડક પર,
જળ વીંધીને જઈએ તળિયે;
થવાય ઝળહળ ઝળહળ મોતી,
કોક છીપમાં એવું મળિયે !
સફળ સ્વાતિની શ્રદ્ધા થઈએ.

મેઘ / મણિલાલ હ. પટેલ

(સવૈયા)

પ્હાડોમાં વરસાદ પેઠ્યો ને ખીણોમાં ઉન્માદ,
પડખાં ફોડી પ્રગટ્યાં ઝરણાં તળેટીઓમાં સાદ.

'ખરી પછાડી, પુચ્છ ઉલાળી' જળઘોડાઓ દોડ્યા
મટિયાળી સુગંધો પ્હેરી હેપાએ 'રથ જોડ્યા'.

ડુમાતાં ડૂસકાંની માફક ગોરંભાતો મેઘ,
આંસુની ગત ધારે ફોરાં પછી વીંઝાતી તેગ.

સમી સાંજથી મેઘ ગર્જતો આછી ચમકે વીજ,
છાતી જેવાં ખેતર વચ્ચે સૌએ ઓર્યાં બીજ.

ચાસચાસમાં સીતા પ્રગટ્યાં આસપાસ અજવાસ,
માથે માથે આંબા ઊગ્યા પગમાં પ્રસર્યાં ઘાસ.

લીલમલીલાં અજવાળાંમાં અંધારાં આમેજ,
કૂંપળ ખોબા વાળી ઝીલે જળનાં ઝમરાખ તેજ.

ટીપે ટીપે પલળી પૃથ્વી ટીપામાં જૈ બેઠી,
કુંવારકા ધરતી ખેડાઈ બોરસલી થૈ ઍંઠી.

લીમડે પાકી લીંબોળીઓ તો પણ થૈ ના મીઠી,
ઊભી વાટે કાજળ ભેળી પલળી ગૈ છે પીઠી.

કોઈ કહે કે દીવા પ્રગટ્યા કોક કહે કે આંસુ,
ઝરમર ઝરતી સાંજે આપણ ઘરમાં કેમ સમાશું !

‘સહુ સુન્દરીઓની સાથ, સાદાઈ રાખો રે
સ્ત્રી-શિક્ષણ વૃદ્ધિ થાય, તેવું ભાખો રે
સંપી સુધરી હે બહેન, સુધારો કરજો રે
ધીમે ધીમે વિચારી વાત, પગલાં ભરજો રે.’

આ કાવ્યપંક્તિઓ દલપત-નર્મદ યુગની યાદ તાજી કરાવે તે સ્વાભાવિક છે. આ કોઈ નામી કવિની પંક્તિઓ નથી, પણ એ એક સમાજસુધારક કવયિત્રીનો પદ્યોદ્‌ગાર છે. આ પંક્તિઓનાં રચયિતાં છે કૃષ્ણાગૌરી હીરાલાલ રાવળ. આજે આ નામ કદાચ કોઈને યાદ પણ નથી. પણ એમના કાળે એમણે જે કામ કર્યું તે આજે સ્મરવાયોગ્ય છે.



ગુજરાતના ગ્રામજીવનમાં રહી સમાજસુધારો કરનાર આદર્શ શિક્ષિકા અને સૌપ્રથમ ગુજરાતી મહિલા નવલકથાકાર

કૃષ્ણાગૌરી હીરાલાલ રાવળ

ડૉ. મકરન્દ મહેતા • ડૉ. શિરીન મહેતા

આજની સરખામણીમાં ૧૦૦-૧૨૫ વર્ષ પહેલાંનું ભારતીય નારીનું જીવન અનેક સામાજિક બંધનોથી લદાયેલું હતું. બાળલગ્નો, દહેજપ્રથા, વિધવા પરના અત્યાચારો, રોવા-કૂટવાનો રિવાજ અને જ્ઞાતિબંધનો જેવાં સામાજિક અનિષ્ટોનો ભોગ મુખ્યત્વે તો સ્ત્રીઓને જ બનવું પડતું. આવાં કારણોસર સુધારાના કવિ દલપતરામે ઑક્ટોબર ૧૮૯૫ના ‘બુદ્ધિપ્રકાશ’માં ગુજરાતી પ્રજાને બોધ આપતાં લખ્યું હતું :

‘સબળાને આજ સુધી અબળા કહીને,
કરી મેલી ખરેખાત અબળા બિચારીને,
જુઓ કોઈ જુઓ જેને અબળા કહો છો તમે,
શક્તિઓ નિહાળો તેની બારીક વિચારીને.’

દલપતરામનો સમય સમાજ-સુધારાનો યુગ હતો. દુર્ગારામ મહેતાજી, મહિપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, મણિશંકર કિકાણી, નર્મદ અને કરસનદાસ મૂળજી જેવા ગુજરાતનાં પ્રથમ પેઢીના સુધારકો પશ્ચિમની વૈચારિક અસરો ઝીલીને સામાજિક અનિષ્ટો સામે ઝૂંબેશ ચલાવી રહ્યા હતા. ગુજરાતનાં પ્રથમ સ્ત્રી સ્નાતકો (૧૯૦૧) વિદ્યાબહેન નીલકંઠ અને શારદાબહેન મહેતા આ સામાજિક વાતાવરણમાં ઊછર્યાં હતાં. તેમને વિષે તો ઘણું લખાયું છે. પણ હરિકુંવર ધનજી, અંબા જીવનરામ, તુળસીબાઈ, ગંગાબહેન યાજ્ઞિક અને કૃષ્ણાગૌરી રાવળ જેવી ગાંધીયુગ પહેલાંની અનેક ગ્રામવાસી મહિલાઓનાં નામ તો કદાચ બૌદ્ધિકોએ પણ સાંભળ્યાં નહિ હોય ! એ જાણીને નવાઈ લાગે કે ગુજરાતનું સૌપ્રથમ મહિલા માસિક ‘સ્ત્રી સદ્‌બોધ રત્ન’ ઓક્ટોબર ૧૮૮૨માં શરૂ કરનાર અમદાવાદ, સૂરત અને વડોદરા જેવાં નગરોમાં વસતી કોઈ મહિલા નહિ, પણ ખેડાનાં વતની તુળસીબાઈ હતાં. આ પહેલાં ‘સ્ત્રીબોધ’ (૧૮૫૭) ખરું, પણ તે શરૂ કરનાર પારસી પુરુષો હતા.

આવી ગ્રામમહિલાઓમાં આગળ તરી આવતું નામ છે કૃષ્ણાગૌરીનું. એમનો જન્મ ૨૩-૩-૧૮૭૧ના રોજ પંચમહાલ જિલ્લાના લુણાવાડા ગામમાં ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તે સમયના રિવાજ મુજબ તેમનું લગ્ન ૧૧મે વર્ષે, હીરાલાલ વિદ્યારામ રાવળ (૧૮૬૫-૧૯૨૫) સાથે થયું હતું. હીરાલાલના વડીલ ભાઈ છગનલાલ રાવળ (૧૮૫૭-૧૯૪૭) તેમના સમયના જાણીતા સાક્ષર હતા. હીરાલાલે પ્રાથમિક શિક્ષણ લુણાવાડામાં પ્રાપ્ત કર્યા બાદ તેઓ શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરવા અમદાવાદ ગયા. તે સમયે ટ્રેનિંગ કૉલેજના આચાર્ય હતા મહિપતરામ. આ રીતે હીરાલાલ તેમના તથા ભોળાનાથ સારાભાઈ જેવા સમાજ-સુધારકોના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા. પ્રાર્થના-સમાજની સભાઓમાં તેઓ નિયમિત હાજરી આપતા. આ સમય દરમિયાન કૃષ્ણાગૌરીએ લુણાવાડાની પ્રાથમિક શાળાનાં ૩ ધોરણો પસાર કર્યાં હતાં.

અમદાવાદમાં શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ હીરાલાલની નિમણૂક પંચમહાલ જિલ્લાના આદિવાસી વિસ્તાર સંતરામપુરની વિક્ટોરિયા જૂબિલી કન્યાશાળામાં ઈ.સ. ૧૮૮૭માં થઈ. તે જ વર્ષે કૃષ્ણાગૌરી પણ શાળામાં રૂપિયા ૯ના માસિક પગારથી મદદનીશ શિક્ષિકા તરીકે જોડાયાં. તેમણે ૧૮૯૯માં પ્રસિદ્ધ કરેલી નવલકથા ‘સદ્‌ગુણી

આ નિબંધ તૈયાર કરવામાં અમને કૃષ્ણાગૌરી રાવળના દૌહિત્ર અને ગુજરાત યુનિવર્સિટીના ડાયરેક્ટર ઓફ યુથ વેલફેર શ્રી કનક દવેએ ઘણી મદદ કરી છે. અમે તેમનો તેમજ તેમનાં સગાંસંબંધીઓનો આભાર માનીએ છીએ.

હેમંતકુમારી'માં પ્રસ્તાવનાના સ્વરૂપે જે આત્મવૃત્તાંત આપ્યું છે તે ગુજરાતી ભાષામાં રચાયેલી સ્ત્રીઓની આત્મકથામાં સૌપ્રથમ છે. તેમાં તેમણે નોંધ્યું છે : 'દુર્ભાગ્યે મ્હારાં માતુશ્રી મ્હારી બાલ્યાવસ્થામાં સ્વર્ગવાસી થએલાં હોવાથી, માત-પિતાને ત્યાં હું કશું શીખેલી નહોતી. મારા પતિ સ્ત્રી-કેળવણી તરફ ઘણો પ્રેમ રાખતા હોવાથી જ્યારથી હું તેમના સહવાસમાં આવી, ત્યારથી તેમણે મને ખાનગી શિક્ષણ આપવા માંડ્યું અને નોકરીમાં દાખલ થયા પછી વિદ્યાવૃદ્ધિ કરવાની મને તક મળી'.

કૃષ્ણાગૌરી ઉદ્યમી અને વિદ્યાવ્યાસંગી હતાં. નોકરી અને ગૃહકાર્યમાંથી જે ફાજલ સમય મળે તેનો ઉપયોગ તેઓ 'બુદ્ધિપ્રકાશ', 'હિતેચ્છુ' અને 'મહિલા મિત્ર' જેવાં સુપ્રતિષ્ઠિત સામયિકો ઉપરાંત નવલકથાઓ અને અન્ય ગ્રંથો વાંચવામાં કરતાં. વળી, ડોશીબાઈ નામના પારસી બાનુને ઘેર ભરત-ગૂંથણ શીખવા પણ જાય. આ સમય દરમિયાન એક પ્રસંગ બન્યો. રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ જે. એમ. કેમ્પબેલ ૧૮૮૯માં કન્યાશાળાના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરવા સંતરામપુર ગયા. તેમણે અંગ્રેજ સરકારની નીતિ સમજાવતાં ભાષણમાં કહ્યું કે, જો કોઈ મહિલા અમદાવાદની મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજમાં ત્રણ વર્ષનો કોર્સ કરી આવશે તો તેને મુખ્ય શિક્ષિકા તરીકે બઢતી આપવામાં આવશે.

આ વ્યાખ્યાનની અસર યુવાન અને મહત્ત્વાકાંક્ષી કૃષ્ણાગૌરી પર પડ્યા વગર રહી નહિ. મનમાં એક જ વિચાર ઘોળાયા કરે કે મારે માટે આ એક અણધારી સોનેરી તક છે અને જો હું આ કામ પાર પાડું તો મને 'કેમ્પબેલ સ્કોલરશિપ' પણ મળે તેમ છે. પરન્તુ એમની ચિન્તા એ હતી કે, પતિને એકલો મૂકીને અમદાવાદ જેવા અજાણ્યા શહેરમાં ત્રણ વર્ષ ગાળવાં શી રીતે ? આવાં મનોમંથનો બાદ તેમણે અમદાવાદ જવાનો નિર્ણય લીધો. આવું કામ તે સમયની ગામડાંની બહેનો માટે જરા પણ સરળ નહોતું. કૃષ્ણાગૌરીના શબ્દોમાં : 'તે વખતે મેં લુણાવાડા અને સુંથ-રામપુર સિવાય અન્ય સ્થળ નહિ જોએલું હોવાથી, અમદાવાદ જેટલે છેટે જવું એ મ્હારે મન ઇંગ્લૅંડ જવા બરાબર હતું અને તેથી હું વિચારમાં પડી ગયેલી હતી.' પણ લેખિકાને ડૉ. આનંદીબાઈ જોષીનું (૧૮૬૫-૮૭) દૃષ્ટાંત યાદ આવ્યું. મહારાષ્ટ્રની આ બાળાને ભણાવનાર તેનો પતિ ગોપાળરાવ પોસ્ટ ઑફિસનો કારકુન હતો. પતિની હૂંફ અને મદદથી તે છેક અમેરિકા પહોંચી ગઈ અને ફિલાડેલ્ફીઆની મેડિકલ કૉલેજમાં અભ્યાસ કર્યો. એમ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરીને તે સ્વદેશ પાછી ફરી. પણ કમનસીબે તે ૧૮૮૭ના ફેબ્રુઆરીમાં માત્ર ૨૨ વર્ષની વયે પૂનામાં મૃત્યુ પામી. આનંદીબાઈના પરદેશગમનનું વૃત્તાંત 'બુદ્ધિપ્રકાશ'માં પ્રસિદ્ધ થતું. તેના અકાળ અવસાનના સમાચાર પણ તેમાં પ્રસિદ્ધ થયા હતા. આ પ્રસંગની સ્મૃતિને કૃષ્ણાગૌરીએ આ પ્રમાણે શબ્દાંકિત કરી છે : 'મરહુમ સૌ ડૉક્ટર આનંદીબાઈ જોષીના પતિ જેમ તેમને શીખવવાને ઘણા આતુર હતા, તે જ પ્રમાણે મને વધારે અભ્યાસ કરાવવા મ્હારા પતિનો આગ્રહ હોવાથી, સન ૧૮૮૯ની વર્ષાઋતુમાં, પાનમ નદીનાં જોસબંધ વહેતાં પાણીમાં ગોધરાના રેલવે સ્ટેશન તરફ મેં ચાલવા માંડ્યું.' પતિનો સંગાથ તો હતો જ, પણ નદી પાર કરતાં તેમને એક કરુણ પ્રસંગની યાદ આવી ગઈ. લુણાવાડાની એક બહેન વડોદરાની ફિમેલ ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ કરતી હતી. તે દિવાળીની રજા



કૃષ્ણાગૌરીનો પરિવાર : બેઠેલાંમાં મધ્યમાં સફેદ સાલ્લામાં કૃષ્ણાગૌરી, તેમની જમણી બાજુ મોટાં પુત્રી કુસુમગૌરી અને પુત્રવધૂઓ. ઊભેલા : પાઘડીમાં કુસુમગૌરીના પતિ હરગોવિંદભાઈ તથા કૃષ્ણાગૌરીના ચાર પુત્રો-મુકુન્દરાય, મદનરાય, ચંદ્રકાન્ત, સુરેન્દ્રરાય.

માણવા જ્યારે પોતાને ગામ જતી હતી ત્યારે આ જ નદીનાં ધસમસતાં પૂરમાં તે તણાઈ ગઈ હતી. આવી બધી વિપરીત પરિસ્થિતિઓ સામે ઝઝૂમીને પણ એમણે અમદાવાદમાં અભ્યાસ કર્યો.

કૃષ્ણાગૌરી ત્રણ વર્ષે અમદાવાદથી સંતરામપુર પાછાં ફર્યાં. ૧૮૯૩ના એપ્રિલમાં તેમની નિમણૂક જૂબિલી કન્યાશાળાનાં મુખ્ય શિક્ષિકા તરીકે રૂપિયા ૨૮ના પગારથી થઈ. અહીંથી ૧૮૯૮ના જૂનમાં તેમની બદલી લુણાવાડાની લેડી રે કન્યા શાળાનાં મુખ્ય શિક્ષિકા તરીકે થઈ..તે સમયે છોકરીઓનાં લગ્ન ૧૦-૧૨ વર્ષની વયે થઈ જતાં હોવાથી કન્યાકેળવણીનો પ્રશ્ન અતિ વિકટ હતો. કૃષ્ણાગૌરી જ્યારે સંતરામપુર હતાં ત્યારે તે મા-બાપને કન્યાકેળવણીનું મહત્ત્વ સમજાવતાં અને છોકરીઓને એકઠી કરવા સવારના પહોરમાં ઘેર ઘેર પહોંચી જતાં. આ રીત તેમણે લુણાવાડામાં અજમાવી. કૃષ્ણાગૌરીને ફૂલ-છોડનો ભારે શૉખ હતો. ભજન, ગરબા અને વકૃત્વકલાના પણ ભારે રસિયાં. છોકરીઓને રસપૂર્વક આ બધું તેઓ શીખવતાં હોવાથી મા-બાપ પર સારી અસર થઈ. વળી, ૧૯૦૩માં સુપ્રસિદ્ધ સમાજસુધારક, સાહિત્યકાર અને કેળવણીકાર હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા લુણાવાડાના દીવાનપદે નિમાતા કૃષ્ણાગૌરીએ તેમનો સંપર્ક સાધીને કન્યાશાળામાં પાકશાસ્ત્ર અને બાળઉછેર વિષયો શરૂ કર્યા. 'સુંદરી સુબોધ' નામના સ્ત્રી-માસિકના ડિસેમ્બર ૧૯૦૭ના અંકમાં કૃષ્ણાગૌરીએ લેખ લખીને તેના અભ્યાસક્રમ વિષે રસપ્રદ માહિતી આપી છે. આજની આપણી હોમ સાયન્સ કૉલેજનાં મૂળ બાળ-ઉછેર અને પાકશાસ્ત્ર જેવી આ પ્રકારની આદ્ય પ્રવૃત્તિમાં પડ્યાં છે ! કૃષ્ણાગૌરીના હાથ નીચે ભણી ગયેલાં ૮૬ વર્ષના રુક્ષ્મણીબહેન સુથારે અમને તા. ૨૨-૩-૧૯૯૫ના રોજ જણાવ્યું હતું કે કૃષ્ણાગૌરી ઘણાં ઉદ્યમી અને ઉત્સાહી શિક્ષિકા હતાં. તેઓ જણાવે છે : 'કૃષ્ણાબા અમને પરંપરાગત વિષયો શીખવવા ઉપરાંત ભજનો, ગરબા, વક્તૃત્વકલા અને પાકશાસ્ત્ર પણ શીખવતાં. ઘરને સ્વચ્છ અને સુશોભિત રાખવા અંગેની તેમની તાલીમ મને આજે પણ યાદ આવે છે. તે વખતે આજની જેમ સ્ત્રીઓ જાહેરમાં નજરે પડવામાં સંકોચ અનુભવતી, પણ નવરાત્રીને પ્રસંગે કે શાળાના મેળાવડાઓમાં અમે રંગબેરંગી સાડીઓ પહેરીને ગરબા ગાતાં ત્યારે ગામલોકો તે જોવા આવતાં, તેથી અમારો ઉત્સાહ વધતો. કૃષ્ણાબા કડક સ્વભાવના હતાં. જો ગણિતમાં ભૂલ થાય તો અંગૂઠા પકડાવે અને નસીબ અવળું હોય તો માર પણ પડે. પણ અમારા પર પ્રેમ પણ તેટલો જ વરસાવતાં.' આવી હતી કૃષ્ણાગૌરીની નિરાળી છબી.

ગુજરાતના સમાજસુધારાના એક મહત્ત્વના પ્રવાહ તરફ આપણું ધ્યાન પ્રમાણમાં ઓછું ગયું. લગભગ ૧૮૮૦ બાદ આધુનિક શિક્ષણ પામેલી સ્ત્રીઓ ગદ્યલેખક તરીકે તેમની સર્જનશક્તિનો ઉપયોગ કરતી થઈ હતી. કૃષ્ણાગૌરી માસિકો અને વર્તમાનપત્રોમાં કાવ્યો અને લેખો પ્રસિદ્ધ કરતાં. મુંબઈનાં વિખ્યાત સમાજસુધારક જમનાબાઈ સક્કાઈએ ૧૯૦૩માં 'ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ' નામની સંસ્થા તેમજ 'સ્ત્રી હિતોપદેશ' નામનું સામયિક શરૂ કર્યું હતું. કૃષ્ણાગૌરી આ સંસ્થાનાં સભ્ય હતાં અને સામયિકમાં અવારનવાર લખતાં.

કૃષ્ણાગૌરીએ લેખક તરીકેની કારકિર્દી 'બુદ્ધિપ્રકાશ'થી શરૂ કરી હતી. તેના આજથી સો વર્ષ પૂર્વેના સપ્ટેમ્બર ૧૮૯૫ના અંકમાં તેમણે 'સ્ત્રીકેળવણીનો ઉત્કર્ષ કરવાનાં અથવા કન્યાશાળાની આબાદી વધારવાનાં મુખ્ય સાધન' એ શીર્ષક નીચે લખેલો લેખ તે સમયના ગુજરાતના મોટા ભાગના બૌદ્ધિકોની સામાજિક વિભાવના વ્યક્ત કરે છે. એક તરફ 'છોડીઓ માટે પુસ્તકાલય, મફત નોટ, સિલેટ, પેન અને શિષ્યવૃત્તિ'ની વાત કરે છે. પણ બીજી તરફ તેમણે જે લખ્યું છે તે વાંચીને આજે ઘણાંને ક્ષોભ થાય ! પુરુષો જાણે કશું જ ખોટું કરે નહિ તેમ માની લઈને તેમણે લખ્યું છે કે કોઈ પણ સ્ત્રી-શિક્ષક 'હલકી વર્ણની, તથા ધણીએ દૂર કરેલી કે પતિ સાથે નિરંતર અણબનાવ રાખતી હોવી ન જોઈએ. હિંદુ સ્ત્રી-શિક્ષકોની ગેરહાજરીમાં દેશી ખ્રિસ્તી સ્ત્રી-શિક્ષકોએ આ કામ ઉપાડ્યું છે તે સારું છે. પણ તેમને તેમનાં લાયક સ્થળોમાં રાખ્યાં હોય તો વધારે સારું. જ્યાં ઉચ્ચ વર્ણના હિંદુઓની ભરચક વસ્તી છે, તેવા સ્થળે દેશી-ખ્રિસ્તી શિક્ષિકાઓ અને હિંદુ વિધવાઓને રાખ્યાં કરતાં જેનો પતિ ટ્રેન્ડ શિક્ષક હોય તેવી ઉચ્ચ વર્ણની શિક્ષક પત્ની આબરૂદાર રીતે તેની ફરજો બજાવી શકશે.' જાણીતા સાહિત્યકાર કેશવ હર્ષદ ધ્રુવે પણ જ્યારે ૧૮૭૯માં તેમની પત્નીના સ્મરણાર્થે 'સૌભાગ્યવતી ચતુરલક્ષ્મી સ્મારક ફંડ' શરૂ કર્યું ત્યારે તેમણે કેટલીક શરતો કરી હતી – ફંડનો ઉપયોગ સ્ત્રીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્ય બનાવવામાં કરવો, પણ તે 'ઊંચા વર્ણની હિંદુ સ્ત્રી' જ હોવી જોઈએ ! ગાંધીયુગ પહેલાં ગુજરાતની સામાજિક વિભાવના બહુધા ઊંચા વર્ણો પૂરતી સીમિત હતી !

કૃષ્ણાગૌરીના કેટલાક લેખો ધ્યાનપાત્ર છે : 'સુંદરી સુબોધ'ના ડિસેમ્બર ૧૯૧૨ના અંકમાં તેમણે બે લેખો પ્રસિદ્ધ કર્યા : 'ગૃહમંદિરની સ્વચ્છતા' અને 'સુંદરી સુબોધ અને ત્હેનાં લેખકો'. બુદ્ધિપ્રકાશમાં (જૂન ૧૯૧૫) 'એક સ્ત્રી શિક્ષકે પુત્રીને લખેલો પત્ર' શીર્ષકથી લેખ પ્રસિદ્ધ કર્યો. તેમાં તેમનાં પુત્રી કુસુમગૌરીને 'સ્ત્રી હિતોપદેશ' વાંચવાની સલાહ આપતાં લખ્યું છે કે એ 'મૂલ્યવાન માળામાં દાખલ થયેલ દરેક લેખ અને કવિતારૂપી મણકા ગુર્જર પ્રાંતની વિદ્યારૂપી વાડીમાં અહોનિશ ફરતાં રહેનાર સાહિત્યપ્રેમી સુપ્રસિદ્ધ વિદ્વાનો તથા વિદ્યાવિભૂષિત બહેનોના તરફથી આદર સહિત મળી આવેલાં હીરામોતી કરતાં પણ વધારે કિંમતનાં છે. માટે

તમે ગૃહકાર્યથી મુક્ત થતાં જરૂર વાંચતા રહેશો.' તેમણે પોતાની પુત્રી અને પુત્રવધૂ માટે તો તેની નકલો ખરીદી જ, પણ બીજી મહિલાઓ માટે પણ તેમણે નકલો રવાના કરી. તેની સાથે સાથે તેમણે વિદ્યાબહેન નીલકંઠે સંપાદિત કરેલ જાન્યુઆરી ૧૯૦૭નો 'ગુલશન'નો સચિત્ર અંક વાંચવાની પણ ભલામણ કરી. તેની નકલો રવાના કરતા તેમણે ઉમેર્યું : 'ઉપર જણાવેલાં માસિકો એક વાર વાંચ્યાં પછી તેમાંના લેખો કેળવાયેલી અને સારાં કુટુંબની વાચક બહેનોને પસંદ ન પડે તો તેની કિંમત તથા પોસ્ટેજ હું મારા ખરચથી પાછાં આપવાને આ જાહેરપત્રથી બંધાઉ છું, એવું સર્વે બહેનોને હિંમતથી જણાવજો.' તેમણે 'સુંદરી સુબોધ અને ત્હેનાં લેખકો'માં આ માસિકના મહત્ત્વ વિષે તેમના સમયની મહિલાઓને ધ્યાનમાં રાખીને લખ્યું છે તે કદાચ આજની મહિલા બૌદ્ધિકો તેમજ કર્મશીલોને ઉપયોગી જણાય. તેઓ લખે છે :

"સંસાર-સુધારા અને સ્ત્રી-કેળવણીને માટે ઉત્સાહથી કામ કરનાર સ્વ. મહિપતરામ રૂપરામ નીલકંઠની જ્ઞાતિના તરુણ વિદ્વાનોએ તેમજ તેમના બનેલા બંધુસમાજે ૧૯૦૩માં 'સુંદરી સુબોધ' પત્રને જન્મ આપીને સમાજોપયોગી કામ કર્યું છે. આ પત્રના જન્મથી જ હું તેની ગ્રાહક છું. તેથી ત્હેના નવ વર્ષના લાંબા અનુભવ ઉપરથી હું ખાત્રીપૂર્વક કહી શકું છું કે આ માસિક કેળવાયેલા દરેક હિંદુ, પારસી, મુસલમાન અને ખ્રિસ્તી ભાઈબહેનોને માટે વાંચવાલાયક છે. ગૃહિણીઓએ પોતાને માટે આ માસિક ખરીદ કરવા ઉપરાંત પોતાના કુટુંબની બહેનો, ભાભીઓ અને પુત્રીઓ તથા વહુઓ માટે તે ગામ-પરગામમાં દર માસે મોકલવા લાયક છે. હું પ્રથમ એ પ્રમાણે કરતી હતી, પણ તેમ કરવા જતાં મને અતિપ્રિય 'સુંદરી સુબોધ'ની આખી ફાઈલ મારી પાસે રહી શકી નહીં અને તૂટક થઈ તે મને પસંદ પડ્યું નહિ અને તેથી અંતઃકરણને કાંઈક ગ્લાની થવાથી મેં તેમ કરવું બંધ કર્યું. પણ મારી પુત્રી સૌ. બ્હેન કુસુમગૌરી પર અમદાવાદ ખાતે જુદું જ માસિક મોકલવા ગોઠવણ કરેલી છે અને ઈશ્વરકૃપા હશે તો પુત્રવધૂને પણ હવે પછી લોકપ્રિય માસિક સ્વતંત્રપણે વાંચવા મળે એવી રીતે ગોઠવણ કરવા વિચાર છે. આજકાલ ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં અનેક માસિકોમાં ગૃહસંસાર અને સ્ત્રીકેળવણીના વધારા માટે સતત પ્રયત્ન કરનાર શુદ્ધ અને ઉત્તમ ગુજરાતી ભાષામાં જુદા જુદા તરુણ અને અનુભવી વિદ્વાનોની કલમે લખાઈને પ્રગટ થતું 'સુંદરી સુબોધ' માસિક લોકોને અને ખાસ કરીને કેળવાયેલી બ્હેનોને એટલું તો પ્રિય થઈ પડેલું છે કે, તે દર માસે વેળાસર પ્રગટ થયેલું જોવાને તેનાં ગ્રાહકો હંમેશા આતુર હોય છે અને એક વાર હાથમાં આવ્યા પછી તેનો વિશેષ ભાગ ઉપર ટપકે વાંચ્યા વિના તૈયાર થયેલી રસોઈ જમવા જવાં સ્ત્રીઓની ઇચ્છા થતી નથી. 'સુંદરી સુબોધ'નો રૂપ-લેખવાળો સચિત્ર ખાસ અંક તો એટલો બધો ઉપયોગી છે કે હું દર વર્ષે તેની ૫-૭ નકલો બીજી બહેનોને ભેટ તરીકે મોકલું છું. જ્યાં આ માસિક જતું પહોંચતું ન હોય તેવાં ગામડાંઓમાં પણ હું તે મોકલું છું. હું એવી આશા રાખું છું કે બીજી બહેનો એ પ્રમાણે કરીને સ્ત્રી ઉપયોગી વાચનનો અને સમાજસુધારાનો પ્રસાર કરશે."

આ અવતરણ ભલે લખાયું હોય 'સુંદરી સુબોધ' નિમિત્તે, પણ એની પાછળની કૃષ્ણાગૌરીની સ્ત્રીકેળવણી અને સ્ત્રીસંસ્કારની ઉચ્ચ ભાવના એ કાળે એમનામાં કેવી તીવ્ર હતી તેનું દ્યોતક છે. સમાજમાં સ્ત્રીઓના ઉત્થાન માટે તેઓ કેવા જાગ્રત હતાં તેની નિતાંત પ્રતીતિ કરાવી રહે તેમ છે.

કૃષ્ણાગૌરી તેમના સમયના સાહિત્યિક અને બૌદ્ધિક પ્રવાહોથી સુપરિચિત હતાં. તે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી', 'પ્રાર્થના સમાજ', 'બાળલગ્ન-નિષેધક મંડળી' અને 'ગુજરાત હિંદુ સંસાર સુધારક સમાજ' જેવી સંસ્થાઓનાં સભ્ય હતાં. જ્યારે તે વીસ વર્ષનાં હતાં ત્યારે ધરતીકંપ થયો હોય તેમ ૧૮૯૦માં બંગાળમાં ફૂલમણિદાસીનો પ્રસંગ બન્યો. તે દેશભરમાં ચર્ચાતો થયો. ૧૧ વર્ષની આ બાળકીની ઇચ્છા ન હોવા છતાં ૨૮ વર્ષના બીજવરે લગ્નનો હક્ક ભોગવવાની ફરજ પાડી હતી. છોકરી આ પ્રકારના કાયદેસર બળાત્કારથી તરફડવા લાગી અને ત્યાર બાદ મરી ગઈ. આ સમગ્ર વાત અદાલત સુધી પહોંચી, પણ તેનું કાંઈ જ પરિણામ

(ડાબેથી : દૌહિત્રી પ્રભાવતી અને પુત્રી કુસુમગૌરી)



ન આવ્યું. ઇન્ડિયન પીનલ કોડ મુજબ લગ્નની વયમર્યાદા ત્યારે ૧૦ વર્ષની નક્કી થયેલ હોવાથી પતિ નિર્દોષ સાબીત થયો !


આવા સંજોગોમાં પ્રખર સમાજસુધારક બહેરામજી મલબારીએ 'બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્ય' (ઇન્ફન્ટ મૅરેજ ઍન્ડ એનફોર્સ્ડ વિડોહૂડ') શીર્ષકથી પત્રિકા પ્રસિદ્ધ કરી. તેણે આ વિષયને દેશભરમાં ચર્ચાતો કર્યો. લોકમાન્ય તિલક જેવા રાષ્ટ્રવાદીઓએ પણ સંમતિવય ધારા(એજ ઑફ કન્સેન્ટ બિલ, ૧૮૯૧)નો વિરોધ કર્યો. તેમણે એવી દલીલ કરી કે 'આ બાબત હિંદુઓના આંતરિક જીવનને સ્પર્શે છે તેથી સુધારો કરવો હોય તો તે અમે કરીશું. બ્રિટિશ સરકારે તેમાં માથું મારવાની જરૂર નથી.' મણિલાલ નભુભાઈ, મનઃસુખરામ સૂર્યરામ, આનંદશંકર ધ્રુવ અને ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ જેવા મોટા ભાગના ગુજરાતી બૌદ્ધિકોએ તિલકને સાથ આપ્યો. ઘણા બૌદ્ધિકો બાળલગ્નની વિરુદ્ધ હતા પણ વિધવાલગ્ન જેવો સ્ફોટક વિષય હાથ ધરવો તેમને તે સમયે અવ્યવહારુ લાગ્યો હતો. રમણભાઈ નીલકંઠ, લાલશંકર ઉમિયાશંકર અને દયારામ ગીદુમલ જેવા બૌદ્ધિકોએ આ ધારાનું સંપૂર્ણ સમર્થન કર્યું, પણ તેઓ લઘુમતીમાં હતા. ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સંવેદનશીલ સાહિત્યકાર પણ આ મહત્ત્વની ચર્ચા વખતે અંતિમ નિર્ણય લઈ શક્યા નહોતા. જોકે છેવટે સાંસ્થાનિક સરકાર ૧૮૯૧માં 'સંમતિવય ધારો' પસાર કરીને જ જંપી !

કૃષ્ણાગૌરી આ રાષ્ટ્રિય અને પ્રાદેશિક સ્તરની ચર્ચાઓથી સારાં એવાં વાકેફ હતાં. તેમણે ફૂલમણિદાસીથી શરૂ કરીને 'બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્ય' અને 'સંમતિવય ધારા' વિશે તલસ્પર્શી છણાવટ કરતો લેખ 'હિતેચ્છુ'ના તા. ૨૨-૪-૧૮૯૭ના અંકમાં પ્રગટ કર્યો. તેમણે લેખમાં સ્ત્રીઓ અને ખાસ કરીને બાળ-વિધવાઓની દારુણ દશાનું સચોટ શબ્દચિત્ર દોરીને સ્ત્રીઓની સ્થિતિ સુધારવાની હિમાયત કરી. તેમણે જાહેર કર્યું કે જ્યાં સુધી પ્રગતિશીલ કાયદાની સાથે સાથે તેને અનુરૂપ લોકશિક્ષણનો પ્રચાર નહિ થાય ત્યાં સુધી સમાજમાં ફૂલમણિદાસી જેવા પ્રસંગો બન્યા જ કરશે. જમનાબહેન સકકઈ અને કૃષ્ણાગૌરીના અપવાદોને બાદ કરતાં સ્ત્રીઓને સ્પર્શતા ઉપરોક્ત પ્રસંગો વિશે તે સમયની બીજી કોઈ પણ ગુજરાતી હિંદુ મહિલાનાં લખાણો ઉપલબ્ધ થતાં નથી.

કૃષ્ણાગૌરીએ તેમની નવલકથા 'સદ્ગુણી હેમંતકુમારી : સંસારસુધારાની વારતા' લખતા પહેલાં સારું એવું સંશોધન કર્યું હતું. તેમણે નવલકથા લખવાનો પ્રારંભ ૧૮૯૭માં કર્યો અને ૧૮૯૯માં તે પ્રસિદ્ધ થઈ. તે અરસામાં 'સરસ્વતીચંદ્ર'ના ત્રણ ભાગ છપાઈ ગયા હતા. 'ભદ્રંભદ્ર'ના હપ્તા ૧૮૯૨થી 'જ્ઞાનસુધા'માં પ્રસિદ્ધ થતા હતા. આમ, 'હેમંતકુમારી' કૃતિ નવી સામાજિક અને સાહિત્યિક ચેતનામાંથી પ્રગટ થઈ છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

ચંદ્રાપુર નગરમાં ત્રિપુરાનંદ અને તેની પત્ની વીજળીબાઈ અગાશીમાં ચાંદની રાત માણતાં માણતાં વાતે વળગે છે. પણ વીજળીને નિરાશ થતી જોઈ તે જ્યારે કારણ પૂછે છે ત્યારે તે વંધ્યત્વનું મહેણું મારે છે. પતિ સુધારક છે, પણ પત્નીના આગ્રહને વશ થઈ તે બાધાઆખડીઓ રખાવે છે. પણ કશું વળતું નથી. તેવામાં આનંદગિરિ નામના સન્યાસી ચંદ્રાપુર આવે છે. ઔષધોની સાથે સાથે ગૃહસ્થધર્મ વિશે કેટલીક સૂચનાઓ આપે છે. પરિણામે હેમંતકુમારીનો જન્મ થાય છે. પડોશણો 'પથરો' અવતરવા બદલ મહેણાં મારે છે, પણ માબાપ હેમંતને ઘણું વહાલ કરે છે. હેમંતકુમારી મુક્ત વાતાવરણમાં ભણે છે, ઇનામો અને સ્કૉલરશિપો મેળવે છે અને મેળાવડામાં વ્યાખ્યાનો આપે છે. પણ તે સમયના રિવાજ પ્રમાણે તે ૧૦ વર્ષની થતાં વીજળી ત્રિપુરાનંદને કહે છે : 'કેમ સાંભળો છો કે ? તમારી ઊંઘ તો કોઈ દિવસ ઊડવાની નહિ. મને તો લોક ચૂંટી ખાય છે અને કહે છે કે અગિયાર-બાર વર્ષની છોડીને ક્યાં સુધી ઘરમાં ઘાલી મૂકશો ?' બરાબર આ જ સમયે કરુણાશંકર નામના જ્ઞાતિબંધુ ત્રિપુરાનંદને ઘેર જઈ ચડતાં વીજળીબાઈ રાજી થઈ જાય છે. તે જ્યારે ફરિયાદ કરે છે કે એમને તો હજુ છોડીને ભણાવવાના કોડ છે ત્યારે ત્રિપુરાનંદ કન્યાકેળવણીનું મહત્ત્વ સમજાવે છે. આ સાંભળીને કરુણાશંકરનો પિત્તો બગડે છે. સંભળાવે છે : 'હું નહોતો જાણતો કે તમે આવા છેક સુધારાવાળા થઈ ગયા હશો. હું તો જાણતો હતો કે તમે કાંઈક સારા હશો, પણ તમે તો અર્ધ બગડેલા દેખાઓ છો... પેલા મલબારી અને તેના જેવા માણસોનાં લાંબાં લાંબાં ભાષણો સાંભળીને તું પણ પૂરો સુધારાવાળો બની ગયો છું ! હાલ તારા મગજનું કાંઈ ઠેકાણું નથી'. અને ત્રિપુરાનંદે નમતું જોખ્યું.

(નવલકથાનું મુખપૃષ્ઠ)


સદ્ગુણી હેમંતકુમારી.

સંસાર સુધારાની વારતા.

કર્તા

સૌ૦ કૃષ્ણાગૌરી રાવળ.

હિરાલાલ વિદ્યારામ રાવળ.

સંવત ૧૯૫૫ ઈ. સન ૧૮૯૯

કિંમત ચાર આના.

હેમંતકુમારીનાં લગ્ન ૪૨ વર્ષના બીજવર જદુરામ જાની સાથે થાય

છે. તે યજમાનવૃત્તિ કરે છે, અફીણનું સેવન કરે છે અને પત્નીને દુઃખ દેવામાં બાકી રાખતો નથી. હેમંતકુમારી થોડો સમય પિયર જઈને માબાપ પાસે નિસાસો નાખે છે. નવલકથા-લેખિકા આ પ્રસંગે ટકોર કરે છે, 'આ તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં!' પણ હેમંતકુમારી હિંમત હારતી નથી. તે ચંદ્રાપુરમાં માણેકલક્ષ્મી, શિવલક્ષ્મી અને ડૉ. રુકિમણીબાઈ જેવી સ્ત્રીઓની સાથે હળીમળીને ચર્ચાસભાઓ યોજે છે. આવી એક સભામાં તે ફૂલમણિદાસીનું દૃષ્ટાંત ટાંકીને કહે છે કે આવાં અપમૃત્યુ આપણા સમાજને લાંછનરૂપ છે.

હેમંતકુમારી કજોડાનો ભોગ બની હોવા છતાં તે પત્ની તરીકેની બધી ફરજો અદા કરે છે. તેને પુત્ર જન્મે છે, પણ તે તરત મૃત્યુ પામે છે. માતા માટે આ કારી ઘા સહન કરવો મુશ્કેલ હતો. અધૂરામાં પૂરું, તેનો 'ભરથાર' પણ મરકીનો ભોગ બને છે. લેખિકા આશ્ચર્યકારક ચિહ્નનો ઉપયોગ કરીને કટાક્ષ કરે છે : 'એ ભલી બાઈનું સૌભાગ્યશોભન શિરછત્ર અચાનક આ લોકનો ત્યાગ કરીને ઊડી ગયું ને પંચમહાભૂતનું ખાલી ખોખું પાસે પડી રહ્યું. બિચારી હેમંત સનાથ હતી તે અનાથ થઈ પડી ને વિધવાવસ્થામાં ઘરખૂણે બેઠી !!!'

હેમંતકુમારી ઘોર નિરાશામાં તેનું જીવન જીવવા લાગી. તે બીમાર પડી. જીવવાની કોઈ આશા રહી નહિ. તેવામાં તેને મળવા તેની શિક્ષક અને મિત્ર માણેકલક્ષ્મી આવ્યાં. તે હેમંતને ડૉ. રુકિમણીની 'ફિમેલ હૉસ્પિટલ'માં લઈ ગઈ. બન્ને એકબીજાંથી પરિચિત હતાં. તેથી ડૉક્ટરે હેમંતને પોતાને ઘેર રાખી. પ્રેમ અને તબીબી ઇલાજોને કારણે હેમંતકુમારી ત્રણ મહિનામાં સાજી થઈ ગઈ. પોતાને ઘેર જવાની તૈયારી કરી. જતાં પહેલાં ગળગળી થઈને ડૉક્ટર અને શિક્ષિકાને ગળે વળગી પડી.

હેમંત માનસિક રીતે સ્વસ્થ થઈ ગઈ. તેણે મિત્રોને ઘેર બોલાવીને કહ્યું, 'ચાલો, હવે આપણે સ્ત્રીસમાજ પાછો મેળવીએ. સ્ત્રી-સમાજ મેળવીને સારાંસારાં વ્યાખ્યાનો કરીએ તો મને બહુ આનંદ થશે.' માણેકલક્ષ્મી અને રુકિમણી યુવાન વિધવાના આવાં વચનો સાંભળવાને આતુર હતાં. તે ઘણાં રાજી થયાં. નવી સ્થપાયેલી 'સ્ત્રી જ્ઞાનવર્ધક સભા' દ્વારા કન્યાશાળાના પુસ્તકાલયમાં સ્ત્રીઓએ એક મીટિંગ કરી. તેમાં હિંદુ, મુસ્લિમ, પારસી અને ખ્રિસ્તી સ્ત્રીઓએ ભાગ લીધો. ઉજ્જવલ ભાવિ તરફ ડગલાં ભરતી હોય તેમ હેમંતકુમારીએ સુંદર વ્યાખ્યાન આપ્યું.

'સદ્ગુણી હેમંતકુમારી' નવલકથામાં કલા કરતાં બોધતત્ત્વ વધારે છે. કદાચ આ કારણથી આપણા સાહિત્યકારો અને સાહિત્યવિવેચકોએ તેની નોંધ લીધી નથી. ડાહ્યાભાઈ દેરાસરી ('સાઠીના સાહિત્યનું દિગ્દર્શન')થી શરૂ કરીને મધુસૂદન પારેખ ('અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ') અને ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ અનેં યશવંત શુક્લે ('ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ') તથા રાધેશ્યામ શર્મા અને રઘુવીર ચૌધરી ('ગુજરાતી નવલકથા')એ આ નવલકથાનો ઉલ્લેખ સરખો નથી કર્યો. ત્રિભુવનદાસ ગજ્જર જેવા વિજ્ઞાનીના ઉલ્લેખો 'સાહિત્યકાર' તરીકે થયા છે, પણ 'ગ્રંથ અને ગ્રંથકાર'ના અપવાદને બાદ કરતાં કૃષ્ણાગૌરી રાવળનો નવલકથાકાર તરીકે બીજા કોઈ વિદ્વાને ઉલ્લેખ કર્યો નથી ! જોકે તેનો અર્થ એ નથી કે તેમના જમાનામાં આ નવલકથા વંચાતી નહોતી. 'બુદ્ધિપ્રકાશ', 'હિતેચ્છુ' અને 'સુદર્શન'માં તેની પ્રશંસા થઈ હતી. 'ગુજરાત શાળાપત્ર'ના જૂન ૧૯૯૦નાં અંકમાં ખેડા જિલ્લાના એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર કરીમઅલી રહીમ નાનજીયાણીએ આવો અભિપ્રાય આપ્યો હતો : 'સદ્ગુણી હેમંતકુમારી' સ્ત્રીઓ માટે અમૃતનો પ્યાલો છે.'' જાણીતા સાક્ષર કેશવ હર્ષદ ધ્રુવે તેને બીરદાવી હતી. ગુજરાત કૉલેજના ઇતિહાસ અને લૉજિકના પ્રોફેસર કાશીરામ સેવકરામ દવેના શબ્દોમાં : 'સદ્ગુણી હેમંતકુમારીમાં સંસારસુધારાના ચાલતા વિષયો ઉપર જે ચર્ચાઓ લખેલી છે તેથી સ્ત્રીકેળવણીને તથા સંસારસુધારાના પક્ષને ટેકો મળશે. તે વાર્તા વાંચી શકાય તેવી સરળ ભાષામાં લખાયેલી છે તેથી સામાન્ય વાચકવર્ગને બોધકારક થઈ પડવાનો સંભવ છે. એક સ્ત્રીના પ્રથમ પ્રયત્ન તરીકે તે ઉત્તેજનને પાત્ર છે.'

કૃષ્ણાગૌરી તેમના સમયનાં નિબંધલેખક, નવલકથાકાર, કેળવણીકાર અને સમાજસુધારક હતાં. તેમના સમયમાં જે કાંઈ આછીપાતળી તકો ઉપલબ્ધ હતી તેનો તેમણે ભણવા-ભણાવવામાં તેમજ લેખન-કાર્યમાં ઉપયોગ કર્યો. વળી, ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ તેમજ પુત્રવધૂઓના શિક્ષણમાં તેમણે ઊંડો રસ લીધો. નોકરીમાંથી નિવૃત્ત થયાં બાદ તેમની ઇચ્છા લેખન-પ્રવૃત્તિને વિકસાવવાની હતી. પણ ૧૯૧૫માં પતિ હીરાલાલનું આકસ્મિક અવસાન થયું. કૃષ્ણાગૌરીએ સમગ્ર પરિવાર માટે જમણમાં વેઢમી બનાવી હતી. પણ જમવાની વેળા થઈ ત્યાં હીરાલાલે કહ્યું કે હું પાસેના નાગરવાડામાં એક મકાન જોઈને આવું છું. તે ગયા પણ પાછા ફરતાં રસ્તામાં યાદ આવ્યું કે છત્રી ભૂલી ગયા છે. તે મકાન તરફ ગયા, પણ જેવા છત્રી લે છે ત્યાં જ મકાન ધરાશાયી થઈ ગયું. તેઓ દટાઈ ગયા અને તરત મૃત્યુ પામ્યા. ત્યાર બાદ કૃષ્ણાગૌરીના જ્યેષ્ઠ પુત્ર મુકુંદરાયનું (જ. ૧૮૯૨) અવસાન થયું. આવા પ્રસંગોથી તે ભાંગી પડ્યાં. તેમની કલમ પણ બંધ પડી ગઈ. આમ, તેમનાં જીવનનાં છેલ્લાં ૨૫ વર્ષ એક શાંત કુટુંબીજન તરીકે પસાર થયાં હતાં, ૧૯૫૦માં તેમનું ૭૯ વર્ષની વયે અવસાન થયું ત્યાં સુધીમાં તો તેઓ સ્ત્રીકેળવણીના ક્ષેત્રમાંથી પણ વિસરાઈ ચૂક્યાં હતાં ! □

ટ્રાફિક જામ

— વિનોદ અધ્વર્યુ —

શકુંતલાની આંગળીએથી વીંટી પડી ગયેલી; પરિણામે આપત્તિ. મારી આંગળીએથી પણ... ના વાત અગાઉથી ઉઘાડી ન પાડી દેવી જોઈએ, મઝા મારી જાય. રહસ્ય ઘોળાય તો રસ પડે. એટલે....

કલ્પો - આજથી ચાળીસેક વર્ષ પહેલાંનું મુંબઈ. ચર્ચગેટ રેલવે-સ્ટેશનથી ફ્લોરાફાઉન્ટન તરફ જતો રસ્તો. સાંજ ઢળી ગયા પછીના ટાણે, ઓછી થતી જતી ભીડ વચ્ચે, રવાલ ચાલે જતી એક બગી - મુંબઈની પેલી વિખ્યાત વિકટોરિયા આરામદાયક જ નહીં, રૂઆબદાર, મોકળાશવાળી એ ચાર પૈડાંની ગાડીમાં, ઓઢો 'ખુલ્લો રાખી, સાંજને ટાણે મરીન ડ્રાઈવ પર કે રાત્રે ઝળહળતા દીવાઓ-વાળા રસ્તાઓ પર જે સજોડે વિહર્યાં હોય, એમાં નિરાંતે અઢેલીને પડ્યાં પડ્યાં જેણે પાલવા-વાલકેશ્વર - નેપિયન્સી રોડના ડ્રાઈવ માણ્યા હોય, એ જ સમજી શકે કે એ વિકટોરિયાની બાદશાહી કેવી હતી ! કદાચ એટલે જ, શોખીન-રસિક મુંબઈગરાઓએ એને ટાંગો કે ઘોડાગાડી જેવું સાવ ખપાટિયું નામ ન આપતાં વિકટોરિયા જેવું 'રોયલ' ગરવું - નામ આપ્યું હશે. ખુલ્લી વિકટોરિયામાં, નમતી સાંજે મોકળી ગાદી પર લેટીને ઘોડાની ખરીઓની, ઘેનમાં નાખી દે તેવી એકધારી તાલબદ્ધ ગતિના લયને માણતાં માણતાં, સાગરના કાંઠાના સમાંતર માર્ગે મહાલવા નીકળેલાં હોંશીલાં નવદંપતીઓ, અથવા વરસતા વરસાદમાં ઓઢો અને પડદા ઢાંકી દઈ બંધ બગીમાં 'મેઘમલ્હાર' માણતાં પ્રણયી યુગલો, કે રવિવારની દુર્લભ રજા ભોગવવા, આખા કુટુંબકબીલાથી ગાડીને ઠાંસોઠાંસ ભરી દઈને, 'મુંબઈ' માણવા નીકળેલાં પરાંવાસી મધ્યમવર્ગીઓ, તો વળી, ક્યારેક અચાનક ઝાપટું પડી જતાં, ખૂબ મોંઘા 'શુઝ' ભીનાં ન થાય, માટે બેવડું ભાડું આપીનેય, નજીક જ જવાનું હોય તોય વિકટોરિયા રોકી લેતા કૉલેજિયન નબીરાઓ એ સૌમાં જે રંગીલાપણું - રોમેન્ટિક તત્ત્વ છલકાતું હતું તેમાં આ અલબેલી નગરી - 'મોહમયી'નું આગવું વ્યક્તિત્વ પ્રગટ થતું હતું. આ વિકટોરિયાઓ આજે ભલે ક્યાંક ક્યાંક કદાચ જોવા મળે - પણ વાસ્તવમાં તો, ઘોંઘાટિયાં ને ધુમાડિયાં યાંત્રિક વાહનોના આક્રમણને પરિણામે સ્મૃતિશેષ થઈ જતાં મુંબઈગરાઓએ કેટલું બધું ગુમાવ્યું છે ? એ બાદશાહી ઠાઠ ! અલ્પધન પણ ભોગવી શકે એવી એ અમીરી ! એ રંગીન મિજાજ ને ઠાવકો ઠસ્સો ! આજની મોંઘામાં મોંઘી મોટર ગાડીઓ પણ ન બહેલાવી શકે તેવો એ વિકટોરિયાનો રૂઆબ ને રોમાન્સ ! - ને રમણીય રોમાંચ ! અંગ્રેજોના ગયા પછી મુંબઈએ જે કેટલુંક ગુમાવ્યું છે તેમાંનું એક આગવું તત્ત્વ તે આ વિલાસી વિકટોરિયાઓ !.... ખેર... મૂળ વાત પર આવું....

અલબત્ત, આ કહાણી જ એ જમાનાની છે જ્યારે વિકટોરિયાઓ મુંબઈગરાઓનું માનીતું ને માનવંતું વાહન ગણાતી એટલે આટલું... પણ મૂળ વાત.... તો ....

ચર્ચગેટ જ દોડતી વિકટોરિયામાં.....ના, એ તો પછીની વાત. તે પહેલાં -

ચર્ચગેટ સ્ટેશન... એક પાછળ એક આવતી ટ્રેનો.... ગામડાના અઠવાડિક બજારમાં સકરટેટી-તરબૂચ ઠાલવતાં ગાડાંની જેમ પૅસેન્જરોને પ્લૅટફૉર્મ પર ઠાલવતી જાય છે, અને ઠલવાયલાં ટેટી-તરબૂચ ગબડવા માંડે તેમ ઉતારુઓ પ્લૅટફૉર્મ પરથી સ્ટેશનની બહાર ગબડતાં જાય છે.

સ્ટેશન પરનું મોટું, જૂનું, ગોળ ઘડિયાળ જાણે ઠેકડીમાં દાંતિયાં કરતું મને કહેતું હતું : 'અધીરા, તું બહુ વહેલો આવી ગયો છે !' શું થાય ? એ ઘડિયાળે જો કદી શેક્સપિયર વાંચ્યો હોત તો એને સમજાત કે સમયની ગતિ કાંઈ એના ડાયલ પર દેખાય છે એવી એક સરખી નથી હોતી. મારી - મારા હૃદયના ધબકારાની ઝડપ પ્રમાણે ગતિ કરતી ઘડિયાળની દોડ તો ઉતાવળી જ હોવાની ! મારા એ અધીરા સમયની ગતિ તો હું ખારીશિંગના કેટલા શંકુ ખાલી કરી ગયો તે પરથી માપી શકાય. તો બીજું કરવું પણ શું ? શિંગ ચગળવી ઘડીએ ઘડીએ 'Next Train' અને 'Stopping at -' દર્શાવતાં પાટિયાં - ઇન્ડિકેટર્સ વાંચ્યાં કરવાં, પ્રત્યેક ટ્રેનમાંથી ઊતરતી યુવતીઓના ચહેરામાં માધવીને ઓળખવાનો પ્રયત્ન કરવો અને વચગાળામાં પપ્પાની 'પૈસો સર્વશક્તિમાન'ની ફિલસૂફી વિષે સ-વિરોધ વિચાર કર્યા કરવો !...

હા, એમની એ ફિલસૂફી જાણવા જેવી છે. તેમનું દૃઢ મંતવ્ય છે કે પૈસા વડે સૌ કાંઈ પ્રાપ્ત થઈ શકે. પૈસો એ સર્વસાધક સાધન છે. મારા કવિસ્વભાવને તે જરાય મંજૂર નહીં. મેં તેમને કહેલું જ કે એમનાં અઢળક નાણાં મને કોઈ પણ રીતે માધવી મેળવી આપી શકશે નહીં. હું માધવી માટે મજનૂનાં જેમ તલસતો હતો. પિતા સાથે, કશાય આડપડદા વગર મિત્રની જેમ, વાત કરવાની છૂટ એટલે તે મારી તડપન જાણે. અલબત્ત, મારી 'પ્રાખર સહરાની તરસ'ની વેદનાવરાળો સામે એ તો આઈસબર્ગની જેમ જ બેઠા હોય. હું તેમને કહું કે માધવી તો - પણ સૉરી, તમે તે હકીકત નથી જાણતા. લ્યો, કહું.

માધવી સુંદર પોડશી, મનોહર ને મુગ્ધ. એની આંખોમાં અવિરત અપાર કુતૂહલ, વદન પર વિસ્મય, હોઠ પર 'અનિમિત્ત હાસ', એની ઊપડતી અલકલટને આવરતી આંગળીઓ - અચ્છા, કવિતા કરવાનું રહેવા દઉં. માત્ર હકીકતો - માધવી આફ્રિકામાં વર્ષોથી વસવાટ કરતા અત્યંત ધનાઢ્ય કુટુંબની પુત્રી. એ કુટુંબનાં

સૌ અવારનવાર આંતરરાષ્ટ્રિય આંટાફેરા કર્યાં કરે. મુખ્યત્વે ઇન્ગલન્ડ-અમેરિકા, ક્યારેક જ ભારત આવે. માધવીની તો, સભાન વયે કદાચ આ પહેલી જ ભારતયાત્રા હશે... મેં એને એક લગ્નસમારંભમાં જોઈ. બસ ! જોઈ ને જિતાઈ ગયો ! મને થયું 'અહો ! દૃષ્ટં દૃષ્ટવ્યમ્'... મનમાં શિખરિણીનું લયડોલન લ્હેરવા માંડ્યું. 'ઇયં સા તે મૂર્તિ' કાલિદાસ ને જગન્નાથ ને જયદેવ મનમાં એકસાથે ગવાવા માંડ્યા ત્યાં ખભા પર હાથ પડતાં જ હું 'ક્ષીણે પુણ્યે' પાછો ધરતી પર આવ્યો. પપ્પા કહેતા હતા 'આ આઈસ્ક્રીમ ઓગળી રહ્યો છે...' ઘેર આવ્યા પછી જણાયું કે હૈયું હરાઈ ગયું છે ! હવે ક્યારે ફરીથી ? પણ બીજે જ દિવસે જવાબ મળી ગયો ! પપ્પાએ જણાવ્યું 'આજે એક મિલનસમારંભમાં...' ને આપણે તૈયાર ! પપ્પાની મજાકભરી નજર જોતાં લાગ્યું કે, સામાન્ય રીતે આવા સામાજિક સમારંભો ટાળનાર તેમના આ સુપુત્રે આજે એકદમ ઉત્સાહ કેમ દર્શાવ્યો તે તેમના ખ્યાલ બહાર ન હતું !

તમે સમજો જ છો કે આવા સુંદર પુષ્પ પાછળ ભમરાઓનું ટોળું તો ભમતું જ હોય. મારે ભારે હરીફાઈનો સામનો કરવાનો હતો. એક પછી એક સમારંભો – મિજબાનીઓ – મિલન મેળાવડામાં હળવા-મળવા-વાતો કરવાનું ય થતું હતું, ને પેલા સ્પર્ધકોને ધ્યાનમાં રાખીને પોષાક, હેરસ્ટાઈલ, સેન્ટ તથા 'સ્માર્ટનેસ'ના પ્રદર્શનની વ્યૂહરચનાઓ પણ ગોઠવાયે જતી હતી. પણ ધીરેધીરે પાર્ટીઓ નાની થવા લાગી ! કોણ જાણે કેમ પણ સ્પર્ધકો બાકાત થવા લાગ્યા. મિલનોમાં થોડાંક સ્વજનો હોય, પણ એવી 'ઇન્ટિમેટ' પાર્ટીમાં પણ પપ્પા અને હું તો ખરા જ ! મળ્યે જતી તકોના ઉત્સાહમાં આમ શાથી તેનો વિચાર કરવાનો અવકાશ જ ન હતો ! ગઈકાલે જ, છેલ્લી બેઠક તો આપણે ત્યાં જ ! પપ્પાનાં ઉત્સાહ અને ઔદાર્ય અકળ હતાં !

...પણ આ બધા દરમ્યાન હું તો હૃદય ગુમાવી બેઠેલો. જ્યારે માધવી તો કેવળ નિર્દોષ મુગ્ધતાભરી, 'દિસે આ દુનિયા નવી'નો કૌતુકભાવ જ વ્યક્ત કરતી, હરતી-ફરતી, હળતી-મળતી, વાતો કરતી, પતંગિયાની જેમ ઊડ્યાં કરતી ! એટલે મારા મનની વાત તો મનમાં જ મૂંઝાયા કરી ! ઉત્તરોત્તર ઉત્સુકતા ઉત્કટ થતી ગઈ પણ મોં ખોલવાની તક મળે, ને જીભ ઊપડે, ત્યાં તો એ લોકોની 'દેશ'માં રહેવાની સીઝન પૂરી થઈ ગઈ ! બેત્રણ દિવસમાં તો તે બધાં પાછાં જવાનાં...!

અરેરે !... હવે ? આવી રહેલા વિષાદયોગમાં આધાર માટે મેં 'કેકારવ' શોધવા માંડ્યો...

પપ્પાથી તો કશું જ અજ્ઞાત નહીં ! પાઈપ ભરતાંભરતાં ટાઢકથી કહે : 'એમ નિસાસા શાનો મૂક્યા કરે છે ? પ્રયત્ન કર. બોલ, તારે કેટલા પૈસા જોઈએ છે ?' એમને તો પૈસાની જ વાત.

'પૈસાથી શું વળે ?'

'શું એટલે ? ગમે તે થઈ શકે.' પૈસા હંમેશા બરફ જેવી ટાઢાશથી વાત કરે. એક જ ટોનમાં - એક જ સૂરમાં - જરાય ચઢાવ-ઉતાર કે દ્રુત-વિલંબિતતા નહીં. એ જ રીત અકળાવે.

એમનો એ જ સનાતન ઉત્તર, 'પૈસાથી બધું થઈ શકે.'

મેં કહ્યું : 'આ બાબતમાં નહીં. એ લોકો કૈં ઓછા પૈસાદાર છે કે પૈસાથી આકર્ષાય ? લલચાય ?

'લલચાવવાનું કોણ કહે છે ? બોલ 'તને તક મળે તો તું તેને કઈ રીતે આકર્ષી શકે ?'

'તેને ભારતીયતાનું ભારે આકર્ષણ થઈ ગયું છે.'

'તો તો આ તારાં પેન્ટશર્ટને બદલે પહેરવા માંડ ધોતી-ઝભ્ભા - સરસ બંગાળી સ્ટાઈલથી...'

'તમેય શું પપ્પા! મેં કદી ધોતી પહેરી છે ? મને પહેરતાંય આવડે છે ? કદાચ પહેરીને ચાલવા જાઉં તો અડબડિયું આવી જાય.'

'એ તો સારું ને - પડવું, પણ એના પગમાં જ પડવું. બિલકુલ ભારતીય રીતે સાષ્ટાંગ...' હું ચિડાયો. મેં પપ્પા તરફ જોયું તો એ તો તદ્દન સ્વસ્થતાથી પાઈપના ઘૂંટ ભરી ધૂમ્રતરંગો છત તરફ ફેંકતા હતા.

'અરે પપ્પા...' મેં નિરાશાનો ઉદ્ગાર કાઢ્યો.

'તો બીજું શું થાય ?' ને ફરી ધૂમ્રગોટ.

'કહું ?' મારામાં કશુંક સળવળ્યું. 'મારી કાવ્યસાધના એળે નથી ગઈ. મેં ન્હાનાલાલ અને કલાપી ને શેલી ને કીટ્સ નકામાં નથી વાંચ્યા. મને જો એની સાથે એકાંતમાં વાત કરવાનો થોડો પણ સમય મળે -'

'કેટલો ?'

'થોડો ! બે કલાક... કલાક...'

'તે તો મળે. પ્રયત્ન કર. પૈસાની જરૂર...'

'પાછા પૈસા ? એમાં પૈસાની વાત જ ક્યાં આવી ?'

'બધે. પૈસાનાં પ્રભાવ અને પરાક્રમનો હજી તને ખ્યાલ નથી.

''તો લ્યો, તમારા પૈસાથી, એ 'ઓલપાવરફુલ એજન્ટ'થી મને થોડો સમય ખરીદી આપો.'' મેં ચેલેન્જ ફેંકી.

બે મિનિટ - પાંચ મિનિટ કોઈ જવાબ નહીં ! પપ્પા ચૂપ ! માત્ર છત તરફ ધૂમ્રવલયો ફેંકાયા કરે. મેં વિજયી વીરની અદાથી, બહાર જવા માટે પગ ઉપાડ્યા. પપ્પાને મ્હાત કર્યાનું મનમાં જોશ હતું, પણ હૃદયમાં ડૂબતા વહાણને જોઈ રહેતા ખલાસીની નિરાશા !

હું બારણા સુધી પહોંચ્યો, ત્યાં પપ્પાનો અવાજ સંભળાયો :

'કાલે સાંજે તું તેને ચર્ચગેટથી તેમની હોટલ સુધી એસ્કોર્ટ કરવાનો છે ને ?'

પપ્પાને આની પણ ખબર હતી !

'હા, એની મમ્મીએ સૂચવ્યું. મેં હા પાડી. એના પપ્પાનું પણ સૂચન...'

'સારું કર્યું. મેં તેમને કહ્યું જ હતું કે તારી મદદ...' એટલે ? આ પપ્પાએ ગોઠવેલું ?! હું આશ્ચર્ય પૂરું અનુભવું ત્યાં તો પપ્પાનો પ્રશ્ન આવ્યો :

'તે વખતે તો તને તારા કલાપી-કીટ્સનો ઉપયોગ કરવાની તક મળશે ને?

'પણ ચર્ચગેટથી હોટલ, ટેક્ષીમાં પહોંચતા કેટલી વાર ? એટલી જ મિનિટોમાં...'

'ટેક્ષી કરતાં વિક્ટોરિયા સારી.' ઠંડો ઉચ્ચાર.

'વિક્ટોરિયા ? ઘોડાગાડી ? એ તો ટેક્ષી જ પસંદ કરેને ?'

'હં.'

'શું કરશે તમારા પૈસા ?...' ને પપ્પા ફરીથી ચૂપ !- હોલવાવા લાગેલી ચૂંગી ફરી સળગાવવા લાગ્યા. હું જવા લાગ્યો, ત્યાં તો ફોઈનો અવાજ સંભળાયો.. 'ઊભો રહે !' ફોઈ બારણા પાસે ઊભાં ઊભાં અમારી વાત સાંભળતાં હતાં. માના અવસાન પછી ઘરમાં આ એકલવાયાં મોટાં ફોઈ જ તંત્રવાહક વડીલ હતાં. મને 'ઊભો રહે' કહી તે અંદર ગયાં... મને થયું કે હવે તે શુકનનો ગૉળ આપશે કે ચમચી દહીં લાવશે. તે આવ્યાં - બોલતાં બોલતાં 'તારા પપ્પાને તો પૈસો જ પરમેશ્વર'. 'ના.' પપ્પાનો શાંત ઉત્તર. 'હું પૈસાની પૂજા નથી કરતો. એ ભગવાન નથી, પણ મુખ્ય કામદાર છે. ચીફ ઇક્ઝેક્યુટિવ - વેરી એફિશન્ટ એજન્ટ.' 'રહેવા દે હવે' ને મને કહે - 'લે' મેં ગૉળ લેવા હાથ લંબાવ્યો. પણ તેમણે મારા હાથમાં નાનકડી મજાની લાલ ડબ્બી આપી. હું જોઈ જ રહ્યો.

'જુવે છે શું ? વીંટી છે.'

'તારી માની.' પપ્પાએ ઉમેર્યું.

'હા, તારી માની.' ફોઈએ કહ્યું. 'તારી વહુને આપવાની હતી. તો કાલે આપજે, એ છોકરીને. ને પછી જોજો એ તને...'

'ફોઈબા !' હું વીંટી જોતો બોલ્યો.' આ તો શું, આથીય મોંઘી અને સરસ વીંટીઓ કેટલીય હશે એની પાસે.'

'તે હશે, પણ તેમાં તારી માનો પ્રેમ-આશા-હોંશ નહીં હોયને ! આશીર્વાદ નહીં હોયને ? પ્રેમ ! પૈસો નહીં પ્રેમ. એને પ્રેમથી જીત - તારા ને તારી માના પ્રેમથી. બાપના પૈસાથી નહીં.'

અને ફોઈએ કેટલા વખત સુધી પ્રેમસ્તુતિ અને ધનનિંદા ગાયા કર્યાં. હું તો જડની જેમ ઊભો હતો.

મારે કરવુંય શું ? કહેવુંય શું ? એમ કંઈ વીંટી અપાય ? ને એ સ્વીકારે ? પણ ફોઈનું માન અને મન તો રાખવું જ રહ્યું ! મેં વીંટી આંગળીયે ચઢાવી. વળી પપ્પાની સૂચના સંભળાઈ :

'મોકા મળતા નથી, ઊભા કરવા પડે છે. સાંભળ, આ વીંટી' અને કેવી વિચિત્ર સલાહ...

એ પછી વાત. ચર્ચગેટ પર માધવી ટ્રેનમાંથી ઊતરી... ત્યાંથી આગળ મેં એને ટ્રેનમાંથી ઊતરતી જોઈ. ધબકારા વધી ગયા...

માધવી : 'સૉરી, જરા લેઈટ...' ('રોપ્ય ઘંટા અહો વાગી !')

'આપણે ઝડપથી... ('હંસોને કલરવ કશો !') - મમ્મીપપ્પા રાહ જોતાં હશે...'

'ઓહ યસ.' મેં ભાનમાં આવીને કહ્યું. જોકે આ 'લેઈટ' ને 'ઝડપ' ખંજર જેમ વાગ્યાં હતાં ને મનમાં ચીરો પડ્યો હતો.

હવે તો ટેક્ષી જ ને! ઉતાવળ !

સ્ટેશનની બહાર નીકળી મેં બૂમ મારી 'ટેક્ષી !' મારા અવાજને એકદમ શું થઈ ગયું ? મેં ફરીથી, ગળું ખોંખારીને બૂમ મારી - 'ટેક્ષી'... અરે એક પણ ટેક્ષી ન મળે ! થોડીવાર પહેલાં હું આવ્યો ત્યારે તો પાંચ-દસ પડી હતી ! અત્યારે એક પણ... હા. આ એક આવી. 'ટેક્ષી...' પણ વચમાંથી આ વાહનઅડ્ડાના મુકાદમ જેવા કોઈએ અટકાવી, ટેક્ષીવાળાને કંઈક કહ્યું ને ટેક્ષી પાછી વળી ગઈ !

હવે ?

'નો ટેક્ષી ?' માધવીએ ઉદ્વેગથી પૂછ્યું.

'હા, જુવોને...' હું અકળાયો, 'જુવોને, આ તે કાંઈ શહેર છે ? ત્યાં વળી મનમાંથી સૂર ઊઠ્યો - 'હા...શ, થોડીક મિનિટો વધારે'

'તો હવે ?'

'એમ કરીએ. વિકટોરિયા...' અને જાણે અમારી મુસીબત સમજી ગયો હોય તેમ પેલા મુકાદમે એક વિકટોરિયાવાળાને હુકમ કર્યો : 'એય, સા'બ કો લે જાવ.' બેઠ જાઈએ, સા'બ.'ને અમે ગોઠવાયાં. માધવી કમને - નછૂટકે, હું કંઈક રાહતથી, કંઈક ખુશી સાથે... જે થોડીક ક્ષણો એના સાન્નિધ્યમાં વધારે... હૃદયમાં એકસાથે ખુશી અને ગમગીની ઘોળાતાં હતાં. મને શેક્સપિયર યાદ આવ્યો. 'સનશાઈન ઍન્ડ શાવર...' એક આછા આંચકા સાથે ગાડી ઊપડી. ચર્ચગેટથી ફાઉન્ટનને રસ્તે... ટપ... ટપ... ટપ... ટપ... ઘોડાના ડાબલાનો તાલબદ્ધ અવાજ... આસપાસ ઓસરતી સંધ્યાનાં આછાં અંધારાંમાં પ્રગટતા દીવા.... બાજુમાં એ બધું કુતૂહલથી જોઈ રહેલી માધવી...! એની ઊડતી લટો... વિક્ટોરિયાને ભરી દઈને બહાર ઉભરાતી... રેલાતી એના સેન્ટની મોહક-માદક સુગન્ધ... ને ક્યારેક ઊડીઊડીને સ્પર્શી જતી એના રેશમી ફ્રોકની ઝૂલ...

એ ચંદ પળોના વિક્ટોરિયા-પ્રવાસનો શો રમણીય રોમાંચ ! મારું સમસ્ત અસ્તિત્વ જાણે એ સુગંધમય સાંજના વાતાવરણમાં ઓગળી ગયું ! મને યાદ આવ્યું બ્રાઉનિંગનું 'ધ લાસ્ટ રાઈડ ટુગેધર'; ને મનમાં પંક્તિઓ જાગી - 'ઇન્સ્ટન્ટ ટુ ઇટરનિટી-' ખરે જ ! આ ક્ષણ જો અનંત બની જાય !... વિશ્વનાં બધાં ઘડિયાળોની - વિશ્વની - સૂર્યની ગતિ અટકી જાય...

ને એક આંચકા સાથે ગાડી અટકી ગઈ ! ઘોડો જરાક ખચકાયો ને વળી આંચકા સાથે ગાડી ચાલુ... પણ એટલી

ક્ષણમાં મારી આંગળીએથી વીંટી ફેંકાઈ ગયેલી !... પહેલે જ આંચકે હું આનંદસમાધિમાંથી જાગી ગયો - ને મને અચાનક પપ્પાની પેલી વિચિત્ર સૂચના યાદ આવી... 'તારી વીંટી પડી જાય...'

ને વીંટી પડી ગઈ ! મેં એકદમ ગાડીવાનને બૂમ મારી.

'રોકો.... રોકો...'

'શું થયું ?' માધવીએ પૂછ્યું.

'મારી વીંટી પડી ગઈ !... એક મિનિટ હમણાં આંચકો આવ્યો ત્યારે જ... આટલામાં જ પડી હશે... શોધી આવું... અને માધવી વીંટી - ઉતાવળ - જડવાની શક્યતા - એ બધાનો વિચાર કરે એટલામાં તો હું વિક્ટોરિયામાંથી નીચે કૂદી પડ્યો. ગાડી આવી હતી તે રસ્તે દોડ્યો. ને ટ્રાફિક વચ્ચે જઈ શોધવા લાગ્યો ! વીંટી જડી ગઈ ! હું પાછો વિક્ટોરિયામાં !

'મળી ગઈ ?'

'હા... ગાડીવાન, ચલાવો.' હવે તો સામે જ ફાઉન્ટન દેખાતો હતો ! બસ એક વળાંક અને હોટલ... બસ... પછી ? ને નિરાશ હૃદયે હું વીંટી હાથમાં જ રમાડતો રહ્યો... 'કેવી છે જોઉં ?' માધવીએ પૂછ્યું. મને ગમ્યું. છેવટે એટલું તો.... મેં વીંટી એના હાથમાં મૂકી. એના ચહેરા પરથી લાગ્યું કે એણે મોંઘી દાટ હીરાની વીંટીની રાખેલી ધારણા ખોટી પડતી હતી ! એની આંખો જાણે કહેતી હતી - આ નાનકડી સામાન્ય વીંટી માટે આટલી ધાંધલ - ને આટલો વધુ વિલંબ?... મારી છાતીમાં ધબકારા વિલંબિત થવા લાગ્યા. છેલ્લી મુલાકાતમાં આવો છબરડો ! મારો ક્ષોભ છાવરવા મેં આ વીંટીનું મહત્ત્વ દર્શાવવાનો પ્રયત્ન કર્યો. 'આ તો મારી માની વીંટી...'

પણ અન્યમનસ્ક માધવીએ ધ્યાન દોર્યું. ગાડી ત્યાંની ત્યાં જ હતી - ખોટકાયલી. મેં ગાડીવાનને તાકીદ કરી. 'અરે ભાઈ, જલદી કરો. આગે ચલાવ...'

ગાડીવાને કશુંય બોલ્યા વગર પાછું ફરી અમારા તરફથી ચાબુકથી આજુબાજુનો ટ્રાફિક બતાવ્યો.

- બધો ટ્રાફિક ઠપ - સ્થગિત ! અર્ધાં અંધારાંમાં ટમટમતા દીવાઓ વચ્ચે ચારેબાજુ વિક્ટોરિયાઓ... ટેક્ષીઓ - મોટરકારોનો ખીચોખીચ ખડકલો ! ટ્રાફિક જામ ! મેં આગળની બેઠક પર ઊભા રહીને આગળ જોયું તો છેક ફાઉન્ટન સુધીનો બધો રસ્તો સજ્જડ રીતે બંધ ! સાપોલિયું ન સરકી એવી જડબેસલાક ભીડાભીડ ! અને ફાઉન્ટન તરફ આવતા બધા રસ્તા પરથી હજી તો વાહનો ધસ્યે જ આવતાં હતાં... ટેક્ષીઓ - ટ્રકો - બસો !

માર્યા ! હવે ? આ વીંટીએ તો ઉપાધિ કરી. જરા રોકાયાં તેમાં ફસાઈ ગયાં ! મોડામાં વધુ મોડું ! હવે હોટલ પર કેમ પહોંચાશે ? ક્યારે પહોંચાશે ? હું છોભીલો પડી ગયો ને માધવીની ક્ષમા માગવા તેની સામે જોયું, તો તે તો જાણે આ આકસ્મિક પરિસ્થિતિની અનિવાર્યતાને સ્વીકારી લઈને જે થાય તેવી મનોદશામાં નિરાંત કરીને બેઠી હતી. પણ મારો ક્ષોભ કેમ મટે ? ને આ ફસામણી માટે કારણભૂત આ વીંટી ! છતાં મારે કંઈક બચાવ તો કરવો જ રહ્યો ! એટલે આ નાચીઝ લાગતી વીંટીનું મહત્ત્વપુરાણ મેં આરંભ્યું. માનો મહિમા, એના આશીર્વાદ - પ્રેમ ને તે દૃષ્ટિએ વીંટીનું મુદ્રારાક્ષસની મુદ્રા કે શકુંતલાના અભિજ્ઞાન અથવા ડેસડેમોનાના રૂમાલ કરતાં પણ કેટલું વધારે મહત્ત્વ છે. તેમાં માતૃપ્રેમની કેવી દિવ્યતા અને ભવ્યતા ભરેલી છે તેનું આખ્યાન માંડ્યું. પણ વાત કરતાં કરતાં મારી જીભ વધુ ને વધુ મુક્તવિહાર કરવા લાગી. વિશ્વભરની કવિતા જાણે એકરૂપ થઈ વરસવા - વહેવા લાગી ! અને મારી અભ્યર્થના ક્યારે માતૃપ્રેમમાંથી મારી પ્રણયાકાંક્ષામાં સરી ગઈ તેનો મને ખ્યાલ પણ ન રહ્યો. મારી ઊર્મિઓ, મારી વ્યાકુળતા, મારી લગની કેવી વાણીમાં, કેવા કેવા હૃદયોદ્‌ગારમાં - અલંકારોમાં વ્યક્ત થઈ તે તો ખબર નથી પણ ફરીથી વહેવા માંડેલા માર્ગપ્રવાહમાં ગતિશીલ થતી વિક્ટોરિયાના ઝડકા સાથે હું પાછો ભાનમાં આવ્યો ત્યારે મારી વીંટી તેની આંગળિએ હતી અને તેનો હાથ મારા હાથમાં હતો !

* * *

ફોઈ ખુશ ! 'જોયું ને પ્રેમભાવનાનું પરિણામ?' મેં સાભાર સંમતિ આપી, પણ મનમાં સમજતો હતો કે પ્રેમ કંઈ ટ્રાફિક જામ ન કરાવે ! ટ્રાફિક જામ તો અકસ્માત હતો, અનુકૂળતા હતી, પરિણામ તો મારી કવિતાના કામણથી આવ્યું હતું ! ને પપ્પા તો ચૂપચાપ ચુંગી જ ફૂંક્યા કરતા હતા !

એટલામાં ડોરબેલ વાગ્યો. ફોઈએ બારણું ઉઘાડ્યું. એક જણ દાખલ થયો. અરે ! આ તો પેલો ચર્ચગેટવાળો મુકાદમ !...

'સાહેબજી સાહેબ.'

'બધું બરાબર પત્યું સખારામ ?'

'જી સાહેબ... ટેક્ષીવાળાઓએ જતા રહેવાના પૈસા થોડા વધારે લીધા પણ ટ્રાફિક પોલિસે સહકાર આપ્યો એટલે જામ બરાબર...'

શું ? મારા મગજમાં જાણે સેંકડો ટરબાઈન્સ એકસાથે ફરવા માંડ્યાં.

'ને ભાઈ વીંટી પણ બરાબર જગાએ જ ફેંકી એટલે...' એ ગયો, પણ મારા મનમાં જાણે મધપૂડો છંછેડાયો... તો પપ્પાએ આ કારણે વીંટી પાડી નાખવા સૂચવેલું ? ફોઈ ક્યાં ? ને પપ્પા ?

....એ તો સ્વસ્થતાથી ધુમાડાનાં ગૂંચળાં ઉડાવતા ચુંગી પીતા પડ્યા હતા, ટાઢા આઈસબર્ગની જેમ ! □

(વાર્તાબીજ - 'ઓ. હેન્રી'માંથી)

ધરુવાડિયું

મણિલાલ હ. પટેલ

જેઠના આકરા તડકા તપતા હોય, ધૂળિયા વંટોળ ખુલ્લાં ખેતરોમાં રમણે ચડતા હોય, બધી દિશાઓ પીતાંબરી ભાસતી હોય, દિવસાંતે મેલાં લૂગડાં જેવી સાંજ ઢળતી હોય અને હરાયાં ઢોર સિવાય સીમવગડો પણ સન્નાટે સૂનાં હોય ત્યારે અચાનક દાદા બાપાને કહેતા સંભળાય કે 'હવે સવારમાં વાદળી-કોળમડીઓ વળવા માંડી છે ડાંગરનું ધુરવાડિયું તૈયાર કરવા માંડો...'

કપોવણ પડી ગયેલા માદરપાટનું ઢીંચણિયું થેપાડું, ઉપર ઊતરી જવા આવેલું એકાદ બાંય-ચાળે ફાટી લીરા લબડાવતું કેડિયું પહેરીને સવાર સવારમાં બાપા ખેતરે જવા નીકળે, ખભે પાવડો લઈને ખાખી બીડી ફૂંકતાં ફૂંકતાં એ મોટાભાઈને સૂચના આપે - 'ઉકરડેથી ઉપર ઉપરનું કોરુંમોરું, સારું સારું ખાતર ગાડું ભરીને તમે લઈ આવો વાવની ક્યારીમાં.' પગમાં પટ્ટીને બદલે દોરડી બાંધેલાં સ્લીપરિયાં ઘાલીને એ ફટાક ફટાક કરતા ચાલ્યા જાય - ઘડીવાર પ્રેમાનંદનો સુદામો યાદ આવી જાય.

બધાં વગરકહ્યે સમજી જાય કે ધરુવાડિયાની તૈયારીઓ આરંભાઈ છે... છાણિયું ખાતર ભરવા ગાડું ઉકરડે મંડાય, બળદોને મગફળીના પાલાના ટોપલા નિરાય... ઘરમાં બેન કંસારનાં આંધણ મૂકતી હોય અને બા માટીની મોટી ચોરસી - કોઠીમાં ઊતરીને ડાંગરનો સૂડલો ભરી બહાર કાઢતી હોય... દાદા એ ડાંગરને ખળામાં જરાક તડકે ચઢાવે. બપોરી વેળાએ બા એ ડાંગરમાં ભળી ગયેલા મૂછાળા વરીઓ (ડાંગરની રાતી જાત)ના દાણા વીણી કાઢે... મણ જેટલી ડાંગરનો સૂંડલો ધરુવાડિયાના બિયારણ સારું ત્રીજા ભેંત્યામાં મુકાઈ જાય. એ સોનાવરણી મૂઠીફાટ ડાંગર જોઈને જીવને એના તાજા પૌંઆ ખાવાના અભરખા જાગે. અમે બે-ચાર દાણા લઈને દાંત વચ્ચે દબાવીને ફોતરી ઉખાડી ચાખીએ ત્યારે દાદા કહે, 'બિયારણ ખવાય નહીં, ભૈ ! પેટમાં ઊગે...' પાછા મનોમન બબડે - 'આમ તો આય સુદામાના તાંદુલ જ છે ને ! ભગવાને એમની માયાથી એનાં વળતર વાળ્યાં, તો કણબી એને ધરતીમાં વાવીને હજારઘણું પકવે પછી જગતને મોઢે ધરે... એને જગતનો તાત અમથો નથી કહ્યો...'

ક્યારો ખેડાય, બેવાર ઊભીઆડી ખેડ મૂકીને હળથી ક્યારીને બહરવામાં આવે... પછી એમાં છાણિયા ખાતરને ઝીણું ઝીણું ભાંગીને વાળી દેવાનું... ફરીથી હળ મુકાય... પછી ખુલ્લી ખેડમાં વાવનાં પાણી કલકલતાં ફરી વળે... ક્યારીનો ચ્હેરો ભીની માટીથી બદલાઈ જાય, પછી એ ક્યારીનું નામ પડી જાય ધરુવાડિયું ! અમારાં ખેતરોમાં આવાં એક-બે ધરુવાડિયું નક્કી હોય... આંતરે વર્ષે એમાં ધરુ નંખાય. લોક એને 'ધરવાડિયું' પણ કહે. બે દિવસે વરાપ થતાં ધરુવાડિયું ખેડાય... એમાં કાંઈ ઘાસ લોચા કે ખાંપા-ખરપા હોય તો વિણાઈ જાય... માટી વવરાતી જાય એમ ખેડો થતી જાય. ધરુવાડિયાની માટી સુંવાળા કંસાર જેવી થઈ જાય... પછી દાદા પેલો સૂંડલો લઈને ડાંગર વાવવા જાય. મોટાભાઈ વવાઈ ગયેલા ધરુવાડિયાને ખેડે... સમાળ દેવાય પછી બાપા સાથે અમે એમાં પાળા બાંધીએ પાવડાથી. નાના નાના ક્યારાઓ વચ્ચે પાળીઓ અને બેઉ શેઢે પાણી મૂકવાની નીકો. સાંજે પાણી મુકાઈ જાય. ક્યારે ક્યારે લાકડાં રોપી ઉપર લૂગડાંના કકડા ભરાવીએ જેથી ચકલાં દાણા વીણી ન ખાય... ચાર-પાંચ દિવસમાં તો ધરુવાડિયું ઊગી નીકળે... માતાના જવારા જેવા અંકુરો જોતજોતામાં મોટા થાય ને ધરુવાડિયું લીલછાઈ જાય.

સીમમાં આવાં ઘણાં ધરુવાડિયાં ઊછરી રહ્યાં હોય. બા વહેલી સવારે ધરુ નીંદવા આવે. ચીડો તથા નકામું ઘાસ નીંદી કાઢે. બપોરી વેળા દાદા હરાઈ - રખડતી ગાયો વાળવા ધરુવાડિયાના શેઢે આંબા નીચે ઢોયણી નાખીને પડ્યા હોય. હાથમાં ચકરડી હોય, ખભે શણનાં ફેલાં... એ પાન કાઢતા જાય ને ચકરડીમાં ભીંડી વીંટતા જાય... કોઈકે ધરુવાડિયાની પડખે ઝાડડાળ અને ઘાસપરાળનો ખોયલો (ઝાકળિયું) ઘાલ્યો હોય... સાંજે હરાયાં ઢોર વાળવાની જવાબદારી અમારી. ધરુના કૂણા કુમાશવાળા છોડ એવા તો મલકતા હોય, પવનમાં લળીલળીને રાજી થતા હોય કે કોઈની નજર લાગી જાય... એટલે બા ધરુવાડિયાની મોચમમાં લાકડું રોપી એના ઉપર ફૂટલું હાંલ્લું ઊંધું પાડી રાખે, દાદા કોઈનાં તૂટલાં પગરખાં ચાડિયાની જેમ ટીંગાડી રાખે. હા, ધરુવાડિયું તો કુંવારકા જેવું ગણાય. એનાં રાખોપાં તો રાતદિવસનાં... આઠે પહોરનાં. જેઠના આકરા તાપમાં કોમળ ધરુને સાચવીને અષાઢ ભેળું કરવાનું. આ ધરુવાડિયું તે બાર માસના ચોખા અને ઘરખર્ચ માટેનું વેચાણ ! આ ધરુથી મોટા મોટા ક્યારા રોપવાના ને ડાંગર પકવવાની... આનો જ આધાર... એને કુંવારકાબેનની જેમ ઉછેરવાનું.... ખારેકકોપરાં ખાઈને બેન ગૌરીવ્રત કરે... પરઘેર જવા એની કાયા બંધાય, કઠણાય. વ્રતની વાતે વાતે બેનદીકરી સભાન થાય. લાજમજાની સમજે અને જીવ તથા જાતને તૈયાર કરે... એણેય આ ધરુવાડિયાની જેમ કોકના ખાલી ખોબા ને મોટા કૂબા ભર્યાભાદર્યા કરવાના છે... કહોને જીવતરના ખાલી પડેલા ક્યારડા રોપવાના છે ને પકવવાના છે સોનાવરણા મોલ... મોંઘામૂલના મોલ ! મનખાવતારના મોલ...

આષાઢી બીજ આવે, આભે વાદળાં ઊમટે ને વીજ ચમકાવે. સમી સાંજના મેઘ મંડાય ને આષાઢી દિવસો ભીંજાય... ધરુવાડિયાં કલકલી ઊઠે... ગૌરીવ્રતના દિવસોમાં ઘરેઘરે જ્વારા ઊછરે અને સીમમાં ક્યારે ક્યારે ધરુ... જ્વારા ભારે વરસાદ સાથે વિદાય લ્યે... ક્યારી ભરાઈ-છલકાઈ જાય... ખેડૂતો ઘાંણિયા મૂકીને ભર્યા ક્યારા ડહોળે-ખેડે.... પછી રોપણી માટે દાડિયાં આવે... દાદા ઘીનો દીવો, અગરબત્તી અને શ્રીફળ લઈને ધરુવાડિયે પહોંચી જાય... કુંવારકાબેન દીવો કરે ને શેઢે શ્રીફળ વધેરે... સૌને કોપરાની શેષ અને ગોળ ખાવા મળે! બેનના હાથે ધરુવાડિયાના ઉગમણા ક્યારામાંથી પહેલો રોપ-છોડ ઊપડે... બસ શુકન થયાં... પછી બા-ભાઈ-ભાભી-બાપા બધાં ધરુ ઉપાડવા મંડી પડે... અમે દૂરની સીમમાં ક્યારડા રોપતાં દાડિયાંને ધરુની નાનીનાની ઝૂડીઓ પહોંચાડીએ... ધરુવાડિયામાં ધરુ ઉપાડનારાંને ચા-નાસ્તો મોકલીએ... ધરુ પાણીભર્યા ક્યારામાંથી જ ઊપડે... બહુ કાળજીથી એને ઉપાડવું પડે... એનું મૂળ ટૂંપાય નહીં કે એની કૂંણી કેડ ભાંગે નહીં.... એમ, નાજુક રીતે એને ઉપાડવાનું... પાણીમાં બેસીને ઉપાડવાનું... ઘણાં લગ્નવેળાનો વણવપરાશમાં પડેલો બાજોઠ મંગાવે ને એના ઉપર બેસીને ધરુ ઉપાડે... હાસ્તો ! નહીંતર પાણીમાં કાછડી કોહી જાય... દસ દસ દિવસ સુધી આ ધરુ ઉપાડવાનાં ને રોપવાનાં સૂડીલાં ચાલે....

ધરુવાડિયું નહીં ઉછેરનારને ડાંગર રોપ્યા વિના લમણે હાથ દેવાના આવે... જેમ કન્યાવાળું ઘર શોભે એમ કણબીની ભોંય ધરુવાડિયાથી દીપી ઊઠે - દાદા ભાતભાતની કહેવતો કહે. ધરુવાડિયું નહીં ઉછેરનારને એ 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એમ કહીને નવાજે... ઉપરથી ઉમેરે કે 'અક્કરમીનો પડિયો કાંણો....' પણ પોતાના ધરુવાડિયામાંથી એને એકાદ નાનુંમોટું ક્યારડું રોપાય એટલું ધરુ દાદા ઉપાડવા દે... ઘણા તો ધરુ વેચાતું આપે. દાદાને એ ન ગમે. કહે 'જેમ કન્યાના (બેન-દીકરીના) પૈસા લેનારું પાપમાં પડે એમ ધરુના પૈસા લેનારાનુંય નખ્ખોદ જાય છે... ધરુ તો માલિકની મરજી છે... વધ્યું તો ભલે ધરતીમાતાના ચ્હેરે મઢાતું !' ધરુવાડિયાનો છેલ્લો ક્યારો ઊપડે-એની ઝૂડીઓ શેઢે હોય... ધરુવાડિયું બીજાઓને બધું આપી દઈને પોતે સાવ ખાલી થઈ ગયું હોય છે... પછી એમાં ખેડ મુકાય... પાણી ઉમેરાય ને પેલી એની જ ઝૂડીઓથી પાછું ધરુવાડિયું રોપાઈ જાય... પછી ધરુવાડિયું પાછું ડાંગરનો ક્યારડો બની જાય... બીજાઓને આપવામાં રાજી રહેનારું ધરુવાડિયું છેવટે ખાલી નથી રહેતું... એય ભર્યુંભર્યું થઈ રહે છે... ધરુવાડિયું ગામડિયા માણસોની નિશાળ બની રહે છે જાણે ! એ કેટકેટલા પાઠ ભણાવેગણાવે છે આપણને !

ધરુવાડિયું તો જગા છે - ક્યારો છે. જેમાં ધરુ – નાના નાના રોપા ઉછેરે છે - જે માફકસરના થાય એટલે ઉપાડીને બીજે રોપવામાં આવે છે. જાતવાન ઝાડની કલમ કરવામાં આવે છે. ધરુ પણ જાતવાન બિયારણથી ગુણવત્તાવાળી પેદાશ આપનારું અક્ષયપાત્ર છે, ધરતીનું ! ધરુવાડિયું ઉછેરવું અઘરું છે. બધાં ધાન વવાતાં-ઓરાતાં નથી. કેટલાંક આમ ધરુથી વધારે સારાં ફળ આપે છે. મોસમો પ્રમાણે ધરુવાડિયાંને ખાતરપાણી દેવાનાં... તડકાટાઢથી રક્ષવાનાં... નાજુક વસ ઉછેરવા વધારે કાળજી રાખવાની. રાવજીએ એટલે સ્તો એની કવિતામાં લખેલું કે 'મને તમાકુના છોડની જેમ કાળજીથી કોણ ઉછેરશે ?!'

તમાકુ, મરચી, રીંગણી, ડુંગળીનાંય ધરુવાડિયાં હોય છે - ને એ ઘણાં કાઠાં કપરાં હોય છે... આપણે તો 'કમર્શલ' યુગમાં આવી લાગ્યા છીએ... ભૌતિકતાવાદે આપણને ગણતરીબાજ ને પાકા બનાવી દીધા છે.... લોકો ધરુવાડિયાંમાંથી હવે 'નર્સરી'માં આવી લાગ્યા છે... ફૂલછોડ... ફળઝાડના રોપા વેચાય ! કળયુગમાં પાણી-દૂધ-તેલ-ઘી પડીકે વેચાતું હોય ત્યાં ધરુ કે રોપા મફતમાં ક્યાંથી મળે ? વખતના ખેલ છે બધા ! પન્નાલાલ પટેલમાં આવે છે - 'સમો અને વખતની વારતા' ! આ જીવતર એવી જ વારતા છે...

પણ હજી ગામડાં સાબદાં છે... મારે ગામ હજી ધરુવાડિયાં ઉછરે છે ને વગરપૈસે ધરુ અપાય પણ છે... મને આ ધરુવાડિયાં પ્રાથમિક શાળાઓના વર્ગખંડો જેવાં લાગ્યાં છે... ત્યાં ભણતાં બાળકો... ધરું જેવાં. એ જ આવતીકાલના દેશમાં નાગરિકો તરીકે રોપાવાનાં છે... ત્યારે ચિંતા થાય છે કે આપણે આ શાળાઓરૂપી ધરુવાડિયાનું જતન કરવા ક્યારે કટિબદ્ધ થઈશું ?! ન જાને...□

નવું લવાજમ

આ અંક સાથે 'કુમાર'ના પુનઃ પ્રકાશનને પાંચ વર્ષ પૂરાં થાય છે. ઘણાં ગ્રાહકોનું લવાજમ આ અંક સાથે પૂરું થાય છે. આપનું લવાજમ પણ જો પૂરું થતું હોય તો નવા વર્ષનું લવાજમ રૂપિયા ૧૦૦ સવેળા મોકલી આપશો, જેથી આપને 'કુમાર' નિયમિત મળતું રહે અને આપની ફાઈલ અતૂટ રહે. ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે એવી અપીલ છે.



મસ્જિદમાં કમાનનું મહત્ત્વ

શિક્ષણ માટે મસ્જિદનો ઉપયોગ આરંભકાળથી કરાતો આવ્યો છે. કાળક્રમે જરૂરિયાત જણાતાં મસ્જિદની નજીકમાં શાળા-મદરેસા - બનાવાતી થઈ, જે પાછળથી મસ્જિદના એક ભાગ તરીકે જ લેખાતી.

મસ્જિદનાં મહત્ત્વનાં અંગો લિવાન, શાહન, મિહરાબ, રિવાક, હોજ, મિજબાર તથા મિનાર છે. લિવાન એ મુખ્ય પ્રાર્થના-કક્ષ છે, જેની રચનામાં સંપૂર્ણ ભૌમિતિક આકારના પુનરાવર્તન થાય છે.

ઈશાન

ભારતનું મસ્જિદ સ્થાપત્ય

હેમંત વાળા

ઈસ્લામ ધર્મમાં ક્રિયાકાંડો પ્રમાણમાં ઓછાં છે. આ ધર્મની મુખ્ય ધાર્મિક ક્રિયા એ સામૂહિક પ્રાર્થના - નમાજ છે, જે દિવસમાં પાંચ વાર અદા કરાય છે. ધર્મના પાંચ મૂળભૂત સિદ્ધાંતોમાં એક નમાજ છે. તેના દ્વારા મહંમદ પયંગબર સાથે તાદાત્મ્ય કેળવવાની પ્રક્રિયા માટે એ જરૂર બની રહ્યું કે નમાજ પઢવાના સ્થાન-મસ્જિદ-ની રચનામાં ધર્મનાં પ્રતીકાત્મક મૂલ્યો વણાઈ જાય. તાદાત્મ્ય કેળવવાની પ્રક્રિયા માટે જરૂરી આધિનતા - શરણાગતી ઉપરાંત મસ્જિદની રચનામાં ભવ્યતા, વિશાળતા તેમજ એક-કેન્દ્રીયપણું મહત્ત્વમાં છે. ઈસ્લામિક માન્યતાઓ તથા તેને સંલગ્ન લાગણીઓ રજૂ કરવા મસ્જિદની રચનામાં ઈસ્લામી સ્થપતિઓએ ઘણાં મંથન કર્યાં હશે. આ મંથન પાછળનો મૂળ આધાર વિશ્વની સૌપ્રથમ મસ્જિદ તરીકે વપરાયેલ મહંમદ સાહેબનું પોતાનું નિવાસ-સ્થાન હતું.

અરબી શબ્દ મસ્જિદનો અર્થ 'જાતને સમર્પિત કરવાનું સ્થાન' એમ થાય છે. પ્રભુની શરણાગતી બધી જ જગ્યાએ સ્વીકારી શકાય. આ કારણથી મસ્જિદની રચનામાં એ માત્ર નમાજ માટેની અનુકૂળતા બક્ષતું સ્થાન છે, નહિ કે ભગવાનનું સ્થાનક કે આવાસ.

ઈસ્લામમાં નમાઝ માત્ર ક્રિયાકાંડ ન રહેતાં જીવનનો દૃષ્ટિકોણ રજૂ કરતી ચેષ્ટા છે. તેથી મસ્જિદ એ સામાજિક તથા રાજકીય સંસ્થા બની રહે છે. શરૂઆતથી જ મહંમદ પયંગબર મસ્જિદ (પ્રાર્થનાસ્થાન)માં રૂપાંતરિત થયેલા પોતાના આવાસમાં વિવિધ સામાજિક બાબતો પર પોતાના અભિપ્રાય દર્શાવતા. અહીં જુદા જુદા આરબ પ્રદેશમાંથી આવતા મુલાકાતીઓ સાથે તેઓ રાજકીય બાબતોની ચર્ચા પણ કરતા. એમ પણ કહેવાય છે કે ઈસ્લામની શરૂઆતથી જ મસ્જિદોમાં સામાજિક ન્યાય પણ અપાતો. આરંભથી જ મસ્જિદ એ માત્ર પ્રાર્થનાસ્થાન ન રહેતાં તેની ભૂમિકા સમાજનાં વિવિધ પાસાંઓ સુધી વિસ્તરતી રહી છે. મસ્જિદની શૈક્ષણિક સંસ્થા તરીકેની ભૂમિકા પણ ઉલ્લેખનીય છે. ઈસ્લામના પરંપરાગત મસ્જિદમાં લિવાન મસ્જિદ-સંકુલની મક્કા તરફની દિશામાં પ્રયોજાય છે. ભારતમાં લિવાનની ઉત્તર-દક્ષિણ અક્ષરેખા પર એકી સંખ્યામાં વિભાગો કરાય છે, જેથી સમગ્ર લિવાનની પશ્ચિમની ભીંતની મધ્યમાં મિહરાબ રચી શકાય. લિવાનની મધ્યમાંથી પસાર થતી પૂર્વ-પશ્ચિમ અક્ષરેખા પર પશ્ચિમે જેમ મિહરાબ હોય છે તેમ પૂર્વમાં પ્રવેશદ્વાર રચાય છે.

મિહરાબ પ્રતીકાત્મક રીતે પ્રભુનું સ્થાન સૂચિત કરે છે, જ્યાર મીજબાર એ મિહરાબ પાસેનું શિક્ષણ આપવા માટેનું સ્થાન છે. લિવાન સામે વિશાળ ચૉક હોય છે, જેને શાહન કહેવાય છે. ગરમ તથા સૂકી આબોહવાવાળા પ્રદેશમાં મકાનની રચનામાં ખુલ્લો ચૉક મહત્ત્વનો બની રહે તેવી જ રીતે મસ્જિદની રચનામાં શાહન મહત્ત્વનું છે. આ જગ્યાનો ઉપયોગ વિવિધ રીતે શક્ય બને છે, પરંતુ મુખ્યત્વે વાર-તહેવારે શાહન લિવાનની પ્રવૃત્તિના પ્રસારણ માટે ઉપયોગમાં લેવાય છે; જેમ કે ઈદના દિવસની નમાજ માટે એકત્રિત થતો સમુદાય શાહનનો ઉપયોગ પણ નમાજ અદા કરવા કરે છે. શાહનની પૂર્વ, ઉત્તર તથા દક્ષિણે આવેલ હારબંધ પરસાળ રિવાક કહેવાય છે. શાહનનો વિસ્તાર આ રિવાક ઉપરાંત તેની પશ્ચિમે આવેલ લિવાનથી નિર્ધારિત થાય છે. રિવાકમાં જ્યાં પ્રવેશદ્વાર આવે ત્યાં પ્રમાણમાં મોટી કમાનો વડે મંડપ બનાવાય છે જે શાહનની પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ અક્ષ-રેખા પર આવે. નમાજ પઢતાં પહેલાં શારીરિક સ્વચ્છતા માટે શાહનની મધ્યમાં હોજ બનાવાય છે, જે એક રીતે શાહનની આબોહવાને અનુકૂળ કરવા માટે પણ ઉપયોગી બની રહે છે.


મસ્જિદની રચનામાં બાંગ પુકારવા માટેના મિનારાઓ પણ હોય છે. એમ મનાય છે કે આ મિનારાઓ સીરિયન ચર્ચના મિનારાઓ પરથી બનાવાયા છે. શરૂઆતમાં આ મિનારાઓ માત્ર સ્થાપત્યની દૃશ્ય-અનુભૂતિ માટે બનાવાતા, પરંતુ પાછળથી આઝમ-બાંગ-પુકારવા માટે તેનો ઉપયોગ થવા લાગ્યો અને

ક્રમશઃ તે મસ્જિદનું મહત્વનું અંગ બની ગયા. હવે તો આ મિનારા મસ્જિદની ઓળખ બની ગયા છે.

*


પ્રાપ્ય માહિતી અનુસાર ભારતમાં મસ્જિદ સ્થાપત્યની શરૂઆત ઈસુની તેરમી સદીના છેલ્લા દાયકામાં થઈ. એમ પણ મનાય છે કે ભારતીય ઉપખંડના સિંધ વિસ્તારના દરિયાકાંઠાના પ્રદેશમાં સ્થળાંતરિત મુસલમાનોએ બંદગી અર્થે નાની મસ્જિદો બનાવી હતી, પરંતુ આ માટે કોઈ આધારભૂત પુરાવા પ્રાપ્ય નથી. અગિયારમી તથા બારમી સદીમાં પંજાબના કેટલાક વિસ્તારોમાં ગઝનીના સુલતાનનું રાજ્ય હતું ત્યારે પણ અહીં મસ્જિદો બનાવાઈ હોવાના પુરાવા નથી. અર્થાત્ પૃથ્વીરાજ ચૌહાણના પરાજય બાદ જ ભારતીય ઉપખંડમાં મસ્જિદો સ્થપાઈ.


મુસ્લિમ શાસકો દ્વારા ભારતમાં મસ્જિદ બનાવવામાં શરૂઆતમાં અડચણો રહી હતી. અહીંના સ્થપતિ તથા કારીગર વર્ગ આ પ્રકારના બાંધકામમાં ઈંટ-ચૂનાનો ઉપયોગ ન કરતા પથ્થર વાપરતા અને પથ્થરના બાંધકામની સ્તંભ-મોભ પ્રકારની બાંધણી અહીં પ્રચલિત હતી. વળી, સ્તંભ વચ્ચેના ગાળાનું મથાળું બાંધવા પથ્થરના લિન્ટલનો ઉપયોગ થતો, જેનાથી વિપરીત અરબસ્તાનના ઈસ્લામી સ્થાપત્યમાં કમાન તથા ગુંબજો બનાવાતાં. વળી, ભારતીય સ્થાપત્યની કોતરણીમાં ફળ, ફૂલ, પાન, પ્રાણીઓ, માનવો તથા અર્ધ-દૈવી પુરુષો કંડારાતાં, જે ઈસ્લામી સ્થાપત્યમાં વર્જ્ય ગણાયાં છે. પરિણામે કારીગર વર્ગ પાસે મુસ્લિમ સ્થાપત્યની આગવી ઓળખ બની રહે તેવી મસ્જિદોનું નિર્માણ કરવું મુસ્લિમ શાસકો દ્વારા મુશ્કેલ બનેલું. એમ મનાય છે કે દિલ્હીના સુલતાનો અહીંના કારીગર વર્ગ પાસે ઈસ્લામી શૈલીનું કામ મેળવવા સ્થપતિઓ અરબસ્તાનમાંથી લાવતા. તે છતાં પણ સ્થાનિક



ઈસ્લામિક મિનારા (ઉપરથી અનુક્રમે) : ૧. કુતુબમિનાર - (દિલ્હી) ૨. ખીરતી મસ્જિદ - (દિલ્હી) ૩. ફિરોજ મિનાર - (ગૌર) ૪. શાહઆલમની મસ્જિદ - (અમદાવાદ) ૫. મદરેસા - (બીડાર) ૬. જુમ્મા મસ્જિદ - (ચાંપાનેર) ૭. બીબીની મસ્જિદ - (બરહાનપુર) ૮. ચાર મિનાર - (હૈદરાબાદ) ૯. મકબરો - (બીજાપુર) ૧૦. ગોળગુંબજ - (બીજાપુર) ૧૧. અકબરનો મકબરો - (સિક્કા) ૧૨. જહાંગીરનો મકબરો - (લાહોર) ૧૩. જુમ્મા મસ્જિદ - (દિલ્હી) ૧૪. તાજમહલ - (આગ્રા) ૧૫. વઝીરખાન મસ્જિદ (લાહોર) ૧૬. રજિયા દુરાનીનો મકબરો (ઔરંગાબાદ)

ડાબે : દિલ્હીની બેગમપુરી મસ્જિદનો તળનકશો. નીચે : દિલ્હીમાં સન ૧૩૭૪માં બનેલ ખીરકી મસ્જિદનો તળનકશો.






મસ્જિદમાં ચોકનું મહત્ત્વ દર્શાવતા
બે વિવિધ મસ્જિદોના તળનકશાઓ

કારીગર વર્ગે પોતાની શૈલી જાળવી રાખી, જેને પરિણામે ભારતીય ઈસ્લામી સ્થાપત્ય બે ભિન્ન ભિન્ન સ્થાપત્ય શૈલીના સમન્વયથી આગવું બન્યું.

ભારતમાં મસ્જિદોની બાંધણી જુદા જુદા પ્રાંતમાં જુદી જુદી રીતે વિકસી છે, જેની પાછળ જે-તે પ્રાંતના સ્થાનિક કારીગર વર્ગની બાંધકામની પ્રાપ્ય સામગ્રી વડે થતાં બાંધકામનો અનુભવ મુખ્ય કારણ છે. આ પ્રમાણે ભારતની મસ્જિદો દિલ્હીની સલ્તનત તથા મુગલ શૈલી ઉપરાંત પંજાબ, બંગાળ, ગુજરાત, જોનપુર, માળવા, દખ્ખણ, બીજાપુર તથા કાશ્મીર શૈલીઓમાં પણ બંધાયેલી જોવા મળે છે.

ભારતમાં સૌપ્રથમ બંધાયેલ મસ્જિદમાં દિલ્હીની કવાતુલ-ઈસ્લામ મસ્જિદની ગણના થાય છે, જે સન ૧૧૯૬માં કુત્બુદ્દીન ઐબક દ્વારા બનાવાયેલી. ત્યાર બાદ તેના દ્વારા જ સન ૧૧૯૯માં અજમેરમાં અરાહી-દિન-કા-ઝાંપડા નામની મસ્જિદ બનાવાઈ હતી. આ બંને મસ્જિદોમાં પર્શિયન તથા ભારતીય સ્થાપત્ય શૈલીનું મિશ્રણ જોવા મળે છે. પર્શિયન સ્થાપત્ય શૈલીને ભારતીય માળખામાં ઢાળવાનો આ પ્રથમ પ્રયાસ હતો. આ મસ્જિદોમાં કમાન તથા ઘૂમટનો આકાર વિશુદ્ધ પર્શિયન ન રહેતાં ભારતીય બાંધકામની કોર્બેલિંગ પદ્ધતિ મુજબનો છે. તે ઉપરાંત જે રીતે મંદિરની રચનામાં ચોરસ મંડપ પર ક્રમશઃ અષ્ટકોણીય, સોળકોણીય, બત્રીસકોણીય... સ્તરો મૂકી શિખર બનાવાય છે તે રીતે આ ઘૂમટ બનાવાયા. મસ્જિદની રચનામાં આ રીતે ઘૂમટ બાંધવાની પદ્ધતિ પાછળથી સમગ્ર ભારતમાં અનુસરાઈ. ભારતનો સ્થાનિક કારીગર વર્ગ પર્શિયાની સ્થાપત્ય શૈલીથી સંપૂર્ણ અજાણ હોવાથી તેમના દ્વારા બનાવાયેલ આ મસ્જિદોમાં હિન્દુ સ્થાપત્યની છાંટ અવશ્ય જોવા મળતી. સન ૧૨૩૦ના ગાળામાં ઈલ્તુત્મીશ દ્વારા હયાસ મસ્જિદોમાં કરાયેલ સુધારાઓ પાછળનું મુખ્ય કારણ તેમાં પર્શિયન સ્થાપત્ય શૈલીની અસર વધુ દૃઢ બનાવવાનું હતું. પરંતુ તેનાથી પણ તત્કાલીન મસ્જિદો હિન્દુ સ્થાપત્યની અસરથી સંપૂર્ણપણે મુક્ત ન બની. તેરમી સદીના અંત સુધીમાં ભારતમાં પર્શિયન તથા ભારતીય સ્થાપત્યના સમન્વયથી વિકસેલ સ્થાપત્ય શૈલીમાં મસ્જિદો બનાવા માંડી. હવે પર્શિયન સ્થાપત્યના અનુકરણ કરતાં સ્થાનિક કારીગર વર્ગને અનુકૂળ એવી આગવી શૈલી વિકસી. આ પ્રમાણેનો પ્રથમ પ્રયાસ અલ્લાઉદ્દીન ખીલજી દ્વારા દિલ્હીમાં બનાવાયેલ અલ્લાઈ દરવાજામાં સ્પષ્ટ જણાય છે. પાછળથી દિલ્હીમાં જ બનેલ જમાતખાના મસ્જિદ તથા હજરત નીઝામુદ્દીન ઓલિયનો મકબરો પણ આ પ્રમાણે સમન્વયથી વિકસેલ આગવી સ્થાપત્ય શૈલીમાં બનાવાયાં.

ભારતમાં મુસ્લિમ શાસકો કાયમી થતાં ત્યારબાદની બે સદીઓ સુધી મસ્જિદ બાંધકામ પ્રવૃત્તિમાં વેગ આવ્યો. દિલ્હી સિવાયના અન્ય પ્રાન્તોમાં પણ મસ્જિદો બનાવાઈ. તઘલખ વંશ અને ખાસ કરીને ફિરોજશાહના સન ૧૩૫૧-૮૮ના સમયગાળામાં મસ્જિદ સ્થાપત્યમાં સુશોભનનું મહત્ત્વ વધ્યું. ત્યારબાદ સૈયદ લોદી તથા સૂર વંશમાં મસ્જિદનાં દૃશ્ય - પ્રમાણમાપની અનુભૂતિમાં સમૃદ્ધિ આવી. મસ્જિદ ક્રમશઃ દેખાવમાં રમ્ય તથા નમ્ર બનાવાઈ. તઘલખ શાસન દરમિયાન દિલ્હીમાં બનાવાયેલ બેગમપુરી, ખિરકી તથા શાહ આલમની મસ્જિદો તે સમયગાળાની શૈલીના ઉલ્લેખનીય નમૂનાઓ છે. તે જ સમયગાળામાં ભરૂચ, ખંભાત, ધોળકા તથા માંગરોલમાં પણ મસ્જિદો બનાવાયેલી, જે દિલ્હીની મસ્જિદો કરતાં વધુ અલંકૃત તેમજ રમ્ય હતી. જોકે મસ્જિદનાં દૃશ્ય-પ્રમાણમાપના સંદર્ભમાં લોદી તથા સૂર શાસનકાળ



તાજમહલની નકલરૂપ બીબીનો મકબરો

દરમિયાન બનાવાયેલ બારા-ધુમાડ તથા કાલા-ઈ-ખુહાનાની મસ્જિદો વધુ સપ્રમાણ ગણાય છે.

ભારતમાં સન ૧૫૨૬માં મોગલ સામ્રાજ્યની સ્થાપના થયા બાદ મસ્જિદોના બાંધકામની પ્રવૃત્તિ વેગમયી બની. આ વંશના શરૂઆતના બાબર તથા હુંમાયુના શાસનકાળમાં પ્રવર્તમાન મસ્જિદ-રચનાના પ્રકારમાં કોઈ ઉલ્લેખનીય સુધારો નહોતો કરાયો, પરંતુ અકબરના સમયમાં મસ્જિદની રચનામાં પર્શિયન સ્થાપત્યની અસર વધારવા દૃઢ પ્રયત્ન કરાયેલો જે ફતેહપુરસીક્રીની જુમ્મા મસ્જિદમાં સ્પષ્ટ જણાય છે. આ પ્રયત્નની આગવી ઓળખ પામેલી મોગલ સ્થાપત્ય શૈલીના ઉત્કૃષ્ઠ નમૂનાઓ શાહજહાંના સમયમાં બનાવાયેલા, જેમાં આગ્રાની મોતીમસ્જિદ તથા તાજમહલ ઉલ્લેખનીય છે. પાછળથી તાજમહલની નકલ સમો બીબીનો મકબરો ઔરંગાબાદમાં ઔરંગઝેબ દ્વારા બનાવાયેલો. મોગલ વંશના અંત સાથે બ્રિટિશ શાસનમાં ભારતમાં મસ્જિદના બાંધકામમાં નોંધપાત્ર ઘટાડો થયો.

પ્રાંતીય ઈસ્લામી સ્થાપત્યની શરૂઆત સન ૧૧૫૦ થી ૧૩૨૫ના સમયગાળામાં પંજાબથી થઈ હતી. આ પાંચ નદીઓના પ્રદેશમાં પથ્થર સહજ પ્રાપ્ય ન હોવાથી ઈસ્લામી સ્થાપત્યના નમૂનાઓ ઇંટમાંથી જ ગઝની શહેરની સ્થાપત્યશૈલી મુજબ બનાવાયેલાં. મહદ્અંશે મુલતાન તથા લાહોરમાં વિકસેલ આ શૈલીમાં બનાવાયેલ શાહ-બહાઉ-ઈ- હક્ક, શામ્સ-ઉદ્-દીન તબ્રીઝી તથા ફકન-ઈ-આલમના મકબરા મુખ્ય છે.

એમ મનાય છે કે બંગાળમાં સૌપ્રથમ મસ્જિદ સન ૧૩૬૯માં બંધાઈ હતી. આ મસ્જિદ દિલ્હીની તત્કાલીન મસ્જિદોની પ્રતિકૃતિ સમાન જ હતી. પરંતુ પાછળથી સ્થાનિક જમીનનો પ્રકાર, આબોહવા તથા બાંધકામની પ્રચલિત પદ્ધતિઓ અનુસાર બંગાળની મસ્જિદોમાં પ્રાંતીયપણું વિકસ્યું. મુખ્યત્વે ઇંટોમાંથી બનાવાયેલ આ મસ્જિદોનો તળ-નકશો સંકુચિત રહેતો. પરંપરાગત મસ્જિદોમાં રિવાક વડે નિર્ધારિત થતાં શાહનને બદલે અહીં લિવાન સાથે નાનો ચૉક રચાતો વળી, અહીંની મસ્જિદોની અન્ય ખાસિયત બહુ ઓછા ફેરફાર સાથે પ્રયોજાયેલ ઇસ્લામી કમાન છે. વળી, અહીંની કેટલીક મસ્જિદોમાં છાપરાના આકારને મળતી આવતી છત પણ ઉલ્લેખનીય છે. આ શૈલીમાં બનાવાયેલ મસ્જિદોમાં ગૌરેની ગુનમત, છોટા સોના, કદમ રસૂલ તથા ટાંતીપારા મસ્જિદો અને પૌંડાનો ઇલખાબી મકબરો મુખ્ય છે.

સન ૧૨૦૩થી ૧૫૭૩ના ૩૭૦ વર્ષના સમયગાળામાં બંગાળમાં વિકસેલ મસ્જિદ સ્થાપત્યશૈલીની સરખામણીમાં સન ૧૩૦૦માં શરૂ થયેલ ૨૭૨ વર્ષનો ગુજરાતની મસ્જિદશૈલીનો સમયગાળો વધુ આકર્ષક છે. બંગાળની મસ્જિદો ઇંટોમાંથી બનાવાતી જ્યારે ગુજરાતમાં પથ્થરનો વપરાશ મહત્ત્વનો રહ્યો છે. પરિણામે ગુજરાતની મસ્જિદોમાં નયનરમ્ય કોતરણી વધુ જોવા મળે છે, અને આ કોતરણીમાં પણ હિન્દુ ડિઝાઈનનો ઉપયોગ મહત્તમ રહ્યો છે. તે ઉપરાંત આકર્ષક પ્રમાણમાપ તથા બહુસ્તરીય લિવાનની છતની રચનાથી અહીંની મસ્જિદો ભારતીય ઈસ્લામી સ્થાપત્યમાં આગવી ભાત પાડે છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે ભારતની અન્ય મસ્જિદોની સરખામણીમાં ગુજરાતની મસ્જિદો વધુ ભારતીય છે. સ્તંભ તથા મોભ પ્રકારની બાંધણીની આ મસ્જિદોમાં જરૂરિયાત મુજબ કમાનનો ઉપયોગ પણ કરાયો છે. લિવાનની મધ્યમાં પ્રકાશ મેળવવા માટે ઊંચકાતી છત, મહિલાઓ માટેનો અલાયદો વિસ્તાર તથા વિવિધ સ્થળોએ આયોજાતા ઝરૂખા ગુજરાતની મસ્જિદોની ખાસિયત છે. અહીંની બે મસ્જિદોના ઝૂલતા મિનારાઓ સમગ્ર વિશ્વના આકર્ષણનું સ્થાન બની રહ્યા છે. ગુજરાતમાં બનેલ મસ્જિદોમાં સન ૧૩૦૦માં બનેલ ભરૂચની જુમ્મા મસ્જિદ, પાટણમાંનો શેખ ફરીદનો મકબરો, સન ૧૩૩૩માં ધોળકામાં બનેલ હીલાલખાન કાજીની મસ્જિદ તથા તે જ ગામમાં સન ૧૩૬૧માં બનેલ ટોકા મસ્જિદ અને સન ૧૪૫૩માં બનેલ અલિફખાન મસ્જિદ તથા પાટણમાં સન ૧૪૨૫માં બનેલ જુમ્મા મસ્જિદ અને સન ૧૩૩૩માં બનાવાયેલ મકબરો ઉલ્લેખનીય છે. આ ઉપરાંત આ શૈલીમાં અમદાવાદ, ચાંપાનેર તથા માંગરોળમાં પણ ઇસ્લામી સ્થાપત્યના નમૂનાઓ બનાવાયેલા.

સન ૧૩૭૬થી ૧૪૭૯ના સમયગાળામાં જૌનપુરમાં આગવી શૈલીમાં મસ્જિદો બનાવાઈ હતી. એ કમનસીબ ઘટના કહેવાય કે જૌનપુરના સ્થાપત્યના કેટલાક નમૂનાઓ લોદી રાજવીઓ દ્વારા તોડી પડાયેલા. આ શૈલીમાં બનાવાયેલ ગણીગાંઠી મસ્જિદો આમ તો પરંપરાગત શૈલી મુજબની બનાવાતી, પરંતુ તેમાં આડાપાટડા પ્રકારની બાંધકામની પદ્ધતિ વધુ પ્રચલિત હતી. વળી, આ

(અનુસંધાન પૃ. ૩૨૧ પર)

તક્ષશિલા

એસ. ડી. દેસાઈ

પાત્રો : આચાર્ય, પાંચ શિષ્યો, ચાર ગુરુઓ. સૌનો પહેરવેશ પ્રાચીન તક્ષશીલાના સમયનો. માથે મુંડન, પગમાં પાવડી.

નેપથ્યે ગાન :

ॐ।
सतो मा असत् गमय।
ज्योतिर्मा तमो गमय।
अमृतात् मा मृत्युर्गमय।
ज्ञानात्मा अज्ञानंगमय।

(ગાન દરમ્યાન પડદો ખૂલે. તખ્તાની જમણી બાજુથી આચાર્ય પ્રવેશે, ઢાળિયા આગળ સ્થાન લે. ખડિયામાં પીછાવાળો કિત્તો બોળી પોથીમાં લખે.

ડાબી બાજુથી લાંબાં ડગલાં ભરતા પાંચ શિષ્યો લડાયક મુદ્રામાં પ્રવેશે. કૌટિલ્ય અગ્રેસર. લગભગ મધ્યથી આચાર્ય બેઠા છે ત્યાં સુધી એમનો ઓરડો કલ્પી લો; તે છોડી ડાબી તરફ જોતો ઊભો રહે. એની સમક્ષ બબ્બેની હરોળમાં ચાર શિષ્યો. પખવાજ પર વીરતાસૂચક સંગીત સાથે કૌટિલ્ય માઈમ દ્વારા અન્ય શિષ્યોને સંબોધે, ઉશ્કેરે. પછી તે આચાર્યની દિશામાં ફરે, પાછળ ઇશારો કરે, ચાલવા માંડે. સૌ અનુસરે. સૌ આચાર્ય સમક્ષ.)

આચાર્ય : સ્વાગતમ્, સ્વાગતમ્.

(શિષ્યો વંદન કરી, રુક્ષ ચહેરે ઊભા રહે. આચાર્ય સૌના પગ તરફ દૃષ્ટિ કરે.)

આચાર્ય : પાદરક્ષિણી ?

કૌટિલ્ય : વાંધો ?

આચાર્ય : અશોભનીય કહેવાય શિષ્યો માટે.

(સૌ ડહાપડમરા થઈ, ઓરડા બહાર જઈ પાવડીઓ કાઢે. પાછા વળતાં ફરી રુક્ષ. આચાર્ય ઠંડા વિજયની ચેષ્ટા કરે.)

આચાર્ય : સ્થાન ગ્રહણ કરો.

(કૌટિલ્ય સિવાય સૌ બેસવા જાય. બેસે તે પહેલાં–)

કૌટિલ્ય : આવશ્યક નથી. સમય મર્યાદિત છે. સાંભળો.

આચાર્ય : (ઊભા થઈ) ઉચ્ચરો.

સૌ : સૌને ઉત્તીર્ણ જાહેર કરો.

આચાર્ય : કિંતુ–

કૌટિલ્ય : કિંતુ ?

આચાર્ય : તારું જ દૃષ્ટાંત. તું કુંતલ પક્ષીની આંખ ન વીંધી શક્યો.

કૌટિલ્ય : તો શું થયું ? કાગડાની આંખ તો વીંધાઈ હતી ! (સૌ હસે.)

આચાર્ય : ધનંજય ઘોડેસવારી માટે સમતુલા ન દાખવી શક્યો. ઘોડે ચડ્યો, પણ વિમુખ બેસવું પડ્યું.

ધનંજય : વિમુખ તો વિમુખ. અશ્વસવારી તો કરી ! ગર્દભસવારી તો નહોતી કરી !

આચાર્ય : દ્વંદ્વયુદ્ધમાં તાપસ સ્વરક્ષણ ન કરી શક્યો.

તાપસ : અહિંસા પરમો ધર્મ.

કૌટિલ્ય : પ્રત્યુત્તરની અપેક્ષા છે, આચાર્ય. સમય સલામતીની વિરુદ્ધ જાય છે. ચારે દિશામાં આક્રોશ છે.

આચાર્ય : આક્રોશ શાંત હો. હું શીઘ્ર ગુરુગણની સભા બોલાવું છું. પ્રતીક્ષા કરો.

(સૌ શિષ્યો ઓરડા બહાર નીકળી, પાવડી પહેરી તગતા બહાર જાય. એમાંથી ત્રણ અંગવસ્ત્ર ઓઢી ગુરુઓ તરીકે જમણી બાજુથી સફાળા આચાર્ય સમક્ષ હાજર થાય.)

જયદેવ : વંદન.

અશ્વઘોષ : વંદન.

પતંજલિ : વંદન.

આચાર્ય : (ચિંતિત) અન્ય ગુરુઓ ક્યાં ?

અશ્વઘોષ : પુંડલિક સમાધિસ્થ છે, આચાર્ય. અત્રેય પણ સમાધિલીન છે.

આચાર્ય : અન્ય સૌ ?

જયદેવ : સૌ ભીક્ષા માંગવા ગયા છે.

આચાર્ય : આપ સૌ કેમ નથી ગયા ભીક્ષા માંગવા ?

જયદેવ-અશ્વઘોષ-પતંજલિ (એકસાથે) : કારણ સ્વયંસ્પષ્ટ છે, આચાર્ય. અમને કોઈ નગરજન ભીક્ષા બક્ષતું જ નથી.

પતંજલિ : કિંતુ આચાર્ય ! આપ આ સમયે કુટીરમાં ? ખલુ આશ્ચર્ય ! આપ તો અર્થના પુરુષાર્થની ક્ષમતા ધરાવો છો.

આચાર્ય : અભ્યાસરત હતો. કિંતુ વિષયાન્તર ન કરો... શિષ્યવૃંદ આવ્યું હતું.

અશ્વઘોષ : શા પ્રયોજને ?

આચાર્ય : યાચનાપત્ર લઈને.

પતંજલિ : કૃપાગુણની યાચના માટે ?

આચાર્ય : તમે સત્ય તત્ક્ષણ જોઈ શકો છો, પતંજલિ.

(જયદેવ અને અશ્વઘોષ પતંજલિને અહોભાવથી જુએ.)

આચાર્ય : તમારું મંતવ્ય ?

જયદેવ : સલામતી પ્રથમ.

અશ્વઘોષ : વિશેષે આપની.

પતંજલિ : અન્યથા આક્રોશ પ્રગટશે.

જયદેવ : આક્રોશ વિનાશનાં દ્વાર ખોલશે.

આચાર્ય : કૃપાગુણ અકૃપા ન બને ?

અશ્વઘોષ : વિડંબના કરો છો, આચાર્ય ?

પતંજલિ : કૃપા કદી અકૃપા બને ?

કાર્તિકેય : (ડાબી બાજુથી અચાનક પ્રવેશી) અવિનય માટે ક્ષમા કરશો, આચાર્ય. હું મહામહોપાધ્યાય સમીપ હતો. ત્યાં આપણા શિષ્યોના આક્રોશની જાણ થઈ. મહામહોપાધ્યાયનો સંદેશ લાવ્યો છું.

આચાર્ય (આનંદથી) અમે દ્વિધામાં છીએ, એ સમયે સંદેશ અમને માર્ગ બતાવશે. શું છે બ્રહ્મવાક્ય ?

કાર્તિકેય : મહામહોપાધ્યાયે પાટનગરસ્થિર મહાઅમાત્યનો પણ સંપર્ક કર્યો.

જયદેવ-અશ્વઘોષ-પતંજલિ (એકસાથે) : તતઃ ? તતઃ ?

કાર્તિકેય : મહાઅમાત્ય અને મહામહોપાધ્યાયનો સંદેશ... ક્ષમા કરશો, આદેશ છે કે સંકટ નિવારવું.

આચાર્ય : અર્થાત્ વિદ્યાશાળાની શાંતિ અક્ષુણ્ણ રાખવી.

અશ્વઘોષ : વિદ્યાલયો અક્ષત રાખવાં.

જયદેવ : શિષ્યો-ગુરુઓ-આચાર્યનો સ્નેહસંબંધ સંરક્ષવો.

કૌટિલ્ય : (ધસી આવી) અમારી ધૃતિનો હવે અંત આવે છે, આચાર્ય. અમને જણાવો : અમે ઉત્તીર્ણ થયા છીએ કે નહીં ? આક્રોશ ભભૂકવાની તૈયારીમાં છે.

(બહાર શિષ્યોના હોકારા સંભળાય.)

આચાર્ય : શાંત હો શિષ્ય. સર્વ શિષ્યોનું સ્થાન અમારા સૌના હૃદયમાં છે. સર્વના હિત માટે આવશ્યક નિર્ણય અમે લઈ ચૂક્યા છીએ.

(આચાર્ય ગુરુઓ સામે જુએ. સંમતિ દર્શાવવા સૌ માથું હલાવે.)

આચાર્ય : હું શિષ્યવૃંદ સમક્ષ આવીશ.

કૌટિલ્ય : નિર્ણય પ્રસન્નકર તો છે ને, આચાર્ય ?

આચાર્ય : અવશ્ય, અવશ્ય.

કૌટિલ્ય : (વિનયપૂર્વક હાથ જોડી) અનુગૃહીત છું, આચાર્ય. અનુગૃહીત છું, ગુરુગણ.

(હાથની મુદ્રાથી ગુરુઓ આભાર સ્વીકારે છે. કૌટિલ્ય જાય છે.)

જયદેવ : અનુમતિ આપો. આચાર્ય. પ્રસ્થાન કરીએ. સમય થયો છે, સમાધિસ્થ થવાનો.

(આચાર્ય સંજ્ઞાથી અનુમતિ આપે. ગુરુઓ જમણી બાજુથી જાય, વિજયોત્સવ સૂચવતાં સંગીતનો આરંભ. પ્રસન્ન પાંચ શિષ્યો પ્રવેશે. આચાર્ય ઓરડાની બહાર આવે.)

આચાર્ય : પ્રિય શિષ્યો, સંવાદશક્તિનો જ્વલંત વિજય થયો છે. આપણી વિદ્યાશાખાની શાંતિ, સ્નેહ અને વિદ્યાની ઉચ્ચ પરંપરા જળવાઈ રહી છે. વિદ્યાપ્રવૃત્તિ અને સમગ્ર સમાજના વિશાળ હિતને લક્ષમાં લઈને હું આનંદસહ નિવેદન કરું છું કે વિદ્યાશાળાના સર્વ શિષ્યો અંતિમ વિદ્યાકસોટીમાં ઉત્તીર્ણ થાય છે.

(તરત વિજયોત્સવ શરૂ. આચાર્ય પાછા ફરી ગરિમાપૂર્વક ડગલું ભરે; શિષ્યો ભેગા મળી એકમેકના પંજા પર પંજો મૂકી સંઘશક્તિનો સહર્ષ વિજય સૂચવે. એ દૃશ્ય સ્થિર થાય.)

નેપથ્યે ગાન :

ૐ ।
શાંતિઃ ।
पापः शान्तिः ।
क्रोधः शान्तिः ।
शान्तिरेव शान्तिः ।
ૐ ।

(દરમ્યાન પડદો.) □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

પાઈની બે, પૈસાની છ

તા. ૨-૧૧-૮૧ હમણાં મારે રેડીઓ ઉપર બાળકોના કાર્યક્રમમાં 'જ્યારે અમે નાના હતા ત્યારે...' એ શીર્ષક નીચે વાર્તાલાપ આપવાનો હતો. સાત મિનિટના વાર્તાલાપમાં ત્રણ મુદ્દા લીધા હતા. તેમાંના એક મુદ્દામાં તમને બધાંને રસ પડશે (કારણ કે તેમાં સરળ ગણિત આવે છે) તેથી તે વિષે અહીં લખું છું.

આજકાલ જેમ શાળાના દરવાજા પાસે ખાવાની વિવિધ વાનગીઓ ખૂમચામાં કે રેંકડી (લારી)માં વેચાતી મળે છે તેવું તો અમે નાના હતા ત્યારે પણ થતું. તેમાં એક ફેરીવાળો અમને વધુ ગમતો. તે બૂમ પાડે, 'કડક સોપારી, સક્કરની લાકડી, પાઈની બે પૈસાની છ.' રેવડીમાં જે ચાસણીનું ગુબિચ બનાવે છે તેવાં ગુબિચની સોપારી બનાવે કે પેન્સિલ જેવી લાકડી બનાવે. પાઈ એટલે રૂપીઆનો ૧/૧૯૨ ભાગ સમજોને ૧/૨૦૦ ભાગ એટલે એક નયા પૈસાની બે પાઈ. આમ, એક નયા પૈસાની ચાર સક્કરની લાકડી મળે. કેટલું બધું સસ્તું!

આ વાત કરીને પછી વિગતે બીજી વાત કરી. તે વખતે સત્યાગ્રહની લડત ચાલતી હતી. અમે બાળકો પ્રભાતફેરી કાઢતાં. પ્રભાતફેરીમાં ગવાતું. : 'તેત્રીસ કરોડ મુખથી બોલે અમારો દેશ.' અને તે વખતનું ભારત એટલે અત્યારનું ભારત + બાંગ્લાદેશ + પાકિસ્તાન અને આ બધાંની વસ્તી ત્યારે ૩૩ કરોડ હતી. આજે (૧૯૮૧માં) એકલા ભારતની વસ્તી ૬૭ કરોડ તેમાં પાકિસ્તાન (૭ કરોડ) અને બંગલા દેશ (૯ કરોડ) ઊમેરો તો વસ્તી થઈ ૮૩ કરોડ. જે ધરતી પર ત્યારે ૩૩ કરોડ વસતા હતા તે જ ધરતી ઉપર આજે ૮૩ કરોડ વસે છે ! અને આ બધું અમે નાનામાંથી મોટા થયા તેટલા જ ગાળામાં, ધરતી તેની તે જ, વરસાદ સરેરાશ તેટલો ને તેટલો જ. પણ ખાવાવાળા ૩૩ કરોડને બદલે ૮૩ કરોડ! લાગે છે ને કે 'પાઈની બે પૈસાની છ' વાળી સસ્તાઈ આ વસ્તી-વધારામાં ક્યાંક અટવાઈ ગઈ છે?

ડૉ. અચ્યુત શંકર આપ્ટે

તા. ૨૭-૧૨-૮૧ મારો મિત્ર અચ્યુત શંકર આપ્ટે ઓળખવા જેવી વ્યક્તિ છે. નાનપણમાં સત્યાગ્રહીઓ સામે જ્યારે બ્રિટિશ પોલીસ ઘોડા દોડાવીને લોકોને વિખેરવા પ્રયત્ન કરતી હતી ત્યારે નાનકડો અચ્યુત ઘોડાની હડફેટમાં આવી ગયો અને તેનો પગ ભાંગી ગયો. ફ્રેક્ચર તો સંધાઈ ગયું પણ પગ ગોઠણમાંથી વળતો બંધ થઈ ગયો અને અચ્યુત જિન્દગીભર એક પગે થોડો ખોડંગાતો થયો. તે બે વાર એમ.એ. થયો. એક વાર ૧૯૪૧માં ઉપયોગાત્મક ગણિત સાથે. અને બીજી વાર ૧૯૪૩માં શુદ્ધ ગણિત સાથે. બન્ને વાર મુંબઈ યુનિવર્સિટીમાં પહેલે નંબરે આવ્યો. પછી ડૉ. ભાભા સાથે પરમાણુ ભૌતિકવિજ્ઞાન (Nuclear physics)માં સંશોધન કર્યું. અહીં તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રીસર્ચમાં મારો અને તેનો મેળાપ થયો.

યુનિવર્સિટીમાં પ્રશ્ન ઊભો થયો કે એમ.એ. થયેલ વિદ્યાર્થી વિજ્ઞાનમાં પીએચ.ડી. કેવી રીતે કરી શકે? એ માટે મુંબઈ યુનિવર્સિટીએ ખાસ નિયમ કર્યો કે ગણિત સાથે એમ.એ. થનાર ભૌતિક-વિજ્ઞાનના સિદ્ધાન્તોમાં પીએચ.ડી. કરી શકે. તે પીએચ.ડી. થયો પછી ભારત સરકારની સ્કૉલરશિપ લઈ તે ફ્રાન્સ ગયો અને ત્યાં 'વહેતા જળ-પ્રવાહના પ્રશ્નો' ઉપર સંશોધન કરી બીજું ડૉક્ટરેટ કર્યું. ભારત આવી સેન્ટ્રલ વૉટર ઍન્ડ પાવર કમિશનમાં સીનિઅર સાયંટિફિક ઑફિસર તરીકે કામ કરી હવે રિટાયર થયો છે.

પણ કૉલેજમાં ભણતો ત્યારે ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવું, આર્થિક મદદ કરવી વગેરે પ્રવૃત્તિ વ્યવસ્થિત પાયા પર ગોઠવી અને તેમાંથી વિદ્યાર્થી સહાયક સમિતિનો જન્મ થયો. આ સમિતિને કાર્ય કરતાં 25 વર્ષ થયાં છે અને તેની રજત-જયંતીની ઉજવણીના મુખ્ય સમારંભમાં અતિથિ તરીકે ઉપરાષ્ટ્રપતિ હિદાયતુલ્લા આવવાના છે.

આ સમિતિ ત્રણ છાત્રાલયો ચલાવે છે - બે ભાઈઓ માટે અને એક બહેનો માટે. તેમાં હજાર ઉપર વિદ્યાર્થીઓ વસે છે. આ વિદ્યાર્થીઓ વિજ્ઞાન, એન્જિનિઅરિંગ, મેડિસિન, કૃષિ, આર્કિટેક્ચર જેવા વ્યવસાયલક્ષી સ્નાતક-અનુસ્નાતક વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓ છે. છાત્રાલયમાં રહેવાજમવાનું ખર્ચ મહિને રૂ. ૬૦ વત્તા અઠવાડિએ ચાર કલાક કામ. મહિને રૂ. ૬૦ની પણ ગુંજાઈશ ન હોય તો રોજનું એક કે બે કલાક વધુ કામ કરવાનું (સરખામણી માટે આજકાલ કૉલેજ-હૉસ્ટેલમાં એકલા જમવાના જ રૂ. ૧૮૦ થાય છે.)

આ પ્રવૃત્તિ શહેરમાં ભણતા વિદ્યાર્થીઓને અનુલક્ષે છે. ગામડાં માટે તેણે એક બીજી સંસ્થા શરૂ કરી છે. 'માનવી એ જ મૂડી' (Investment in Men) નામની ગ્રામલોકોને ગામડાંની વિવિધ પ્રવૃત્તિઓમાં વિજ્ઞાન અને ટેકનોલૉજિનો ઉપયોગ કરતા કરવાનો આ સમિતિનો હેતુ છે.

અને આ બધી પ્રવૃત્તિઓ માટે જાહેર જનતા પાસેથી નાણાં મળી રહે છે અને ખાદીધારી આપ્ટે એ નાણાંનો હિસાબ ગાંધીજીની રીતે જનતાને આપતો રહે છે.

હોનારત અને રૂટીન

તા. ૭-૧૨-૮૧ ગઈકાલે સાંજે અમદાવાદમાં એક ગમખ્વાર બનાવ બની ગયો. અસારવાના નીલકંઠ અખાડા (સાધુ-બાવાનું મંદિર અને અડ્ડો એટલે અખાડો)માં હિમાલય-દર્શનનો કાર્યક્રમ હતો. લાકડાં, વાંસ, કંતાન રૂ વગેરેમાંથી ૬૦ ફૂટ ઊંચો 'હિમાલય' ઊભો કર્યો હતો. હિમાલયમાં ઉપર ચઢવા માટે અને 'કૈલાસ'નાં દર્શન કરવા લોકોનાં ટોળેટોળાં જતાં હતાં. ૨૭ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી દર્શન ખુલ્લાં હતાં. દાખલ થવા માટે એક રૂપિયાની ટિકિટ હતી, બાળકોના ૨૫ પૈસા.

કાલે સાંજે વીજળીની શોર્ટ સર્કિટ થવાથી તણખો થયો. તેનાથી કાગળનાં તોરણ સળગ્યાં અને જોતજોતામાં તો ૬૦ ફૂટ ઊંચો લકડિયા હિમાલય દિવાસળીની જેમ સળગી ઊઠ્યો. જુદી જુદી ઊંચાઈએ ૧૦૦ જેટલાં માણસો આગમાં સપડાઈ ગયાં. અને ટેલિફોન થાય, આગ-બંબા આવે તે પહેલાં તો આખું માળખું સળગી ગયું અને અંદરનાં માણસો ભડથું થઈ ગયાં. લગભગ ૫૦ મૃતદેહો બહાર નીકળ્યા છે, પણ કોઈ ઓળખી શકાય તેવા રહ્યા નથી!

અહીં તો આજકાલ આ રોજિન્દી ઘટનાઓ બની જવા લાગી છે. હજુ બે દિવસ પહેલાં જ કુતુબમિનાર જોવા ચઢેલા લોકોમાં કોઈ કારણસર ગભરાટ પેદા થયો. વીજળી બંધ થઈ ગઈ અને સાંકડા દાદર ઉપર ધક્કામુક્કીમાં 45 માણસ ચગદાઈ મર્યાં.

આવું કાંઈ થાય ત્યારે નેતાઓ દિલસોજી વ્યક્ત કરે. હોનારતનાં કારણ જાણવા માટે અદાલતી તપાસની જાહેરાત થાય અને મરણ પામેલાંનાં સગાંવહાલાંને બે-પાંચ હજાર રૂપિયાની સહાયની જાહેરાત થાય. આ હવે રૂટીન થઈ ગયું છે. ગઈકાલની નીલકંઠ અખાડાની આગ વખતે આ બધાં પગલાં લેવાયાં. ફક્ત બે થી પાંચ હજાર જેટલી આર્થિક સહાયની જાહેરાત થઈ નથી. કારણ કે મૃતદેહો ઓળખાતા નથી તેથી મરનાર કોણ, તેનાં સગાંવહાલાં કોણ તે હજુ નક્કી થઈ શક્યું નથી.

નરસિંહ મહેતા અંગ્રેજીમાં

તા. ૨૯-૧-૮૨ વલ્લભવિદ્યાનગરની યુનિવર્સિટીની સ્થાપનાને ૨૫ વર્ષ થયાં તેની ઉજવણી ચાલે છે. કહે છે કે ઉજવણી માટે વિદ્યાર્થીઓ પાસેથી પચીસ પચીસ રૂપિયા ઉઘરાવ્યા છે. પરંતુ ઉજવણી નિમિત્તે ગરબા, સમૂહનૃત્ય, નાટકો વગેરેની હરીફાઈઓ બંધબારણે યોજી અને વિજેતાઓનો જાહેર કાર્યક્રમ ગોઠવ્યો છે. તેમાં ટિકિટ રાખી છે. વિદ્યાર્થીઓ કહે છે કે અમારી પાસેથી પૈસા ઉઘરાવ્યા અને તો ય પાછી કાર્યક્રમ જોવાની ફી? ગઈ કાલથી આ કારણે વિદ્યાર્થીઓ હડતાળ ઉપર છે. વર્ગમાં આવતા નથી. હું આંતરે દિવસે બધા જ વિદ્યાર્થીઓનો 'ન્યૂટોનીય ગણિતનું રસદર્શન' વિષે વર્ગ લઉં છું. આજે એ વર્ગ હતો પણ હડતાળ છે એટલે હું નવરો છું તેથી આ કાગળ લખવા બેઠો છું.

ગયે મહિને અહીં અંગ્રેજીના શિક્ષકોની અખિલ ભારતીય પરિષદ મળી ગઈ. પરિષદ માટે ખર્ચનાં નાણાં ઊભાં કરવાં જાહેરાતો છાપવી જોઈએ. અને તે માટે સ્મરણિકા (સૂવનીર) બહાર પાડવી જોઈએ. આવા સૂવનીરમાં જા.ખ. ઉપરાંત શું છાપવું તે મોટો પ્રશ્ન થઈ પડે છે. આ ઇંગ્લિશ ટીચર્સ પરિષદવાળાઓએ તેનો સરસ રસ્તો કાઢ્યો. ગુજરાતી ભાષાની નરસિંહ મહેતાથી માંડીને રાવજી પટેલ સુધીના કવિઓની ચૂંટી કાઢેલી વીસેક કવિતાનાં અંગ્રેજી ભાષાન્તર છાપ્યાં !!

You are Infinite my Lord,
Manifested in diverse forms,
All over the universe !

ખ્યાલ આવ્યો ?

અખિલ બ્રહ્માંડમાં, એક તું શ્રી હરિ,
જૂજવે રૂપે અનંત ભાસે !

આ પંક્તિઓનું ભાષાન્તર ! આખી કવિતાનું ભાષાન્તર આપ્યું છે. કહેવું પડે ને? નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ દયારામ, દલપતરામ, કાન્ત, નાનાલાલ, ઉમાશંકર, સુન્દરમ્ રાજેન્દ્ર શાહ વગેરે બધા જ કવિઓ અહીં અંગ્રેજીમાં રજૂ થયા છે.

હમણાં જ ખબર પડી કે હડતાળ છતાં મારા વર્ગ માટે તો વિદ્યાર્થીઓ આવ્યા છે. એટલે હવે વર્ગ લેવા જાઉં છું. □

અનુસંધાન] ઈન્દ્ર-વૃત્રની કથા [પૃ. ૩૨૩ પરથી

છૂટ્યા. પશુ-પંખી - માનવ-વનસ્પતિ - સમગ્ર સૃષ્ટિ સમુલ્લાસે ઊભરી ઊઠી.

પણ શક્ર જાણતો હતો કે આ છળ હતું, બળ નહિ. આ અસત્ હતું, સત્ નહિ. આ બ્રહ્મહત્યા હતી, બીજી વારની! મોં શું બતાવવું દેવોને ને માનવોને? એ સાગરે ડૂબી ગયો - સર્પ બનીને. દેવો રાજા વિનાના થયા. પૃથ્વી ખંડેર ભાસી. વનો સુકાયાં. નદીઓ ગળી ગઈ. સરોવરતળ સૂકાં થયાં. વરસાદ ગયો. આકાશ વણખેડ્યા ખેતર જેવું રેઢું પડ્યું. સૃષ્ટિનો અધિપતિ નહિ! રખવાળ જ નહિ! રાજા જ નહિ! દેવો વિષ્ણુ પાસે ગયા. યાચના કરી : 'શક્રને બ્રહ્મહત્યાના પાપમાંથી છોડાવો. તમારે કહ્યે જ તો એણે વૃત્રને હણ્યો છે.' વિષ્ણુએ યજ્ઞનો રસ્તો બતાવ્યો. 'પાપનો ભાર પણ સૌ વહેંચી લે - રાજા એકલો જ ન ભોગવે.' એમ થયું. ને શક્ર ફરીથી ઈન્દ્રત્વ પામ્યો.

[આ કથા થોડા ફેર સાથે મહાભારતમાં પણ છે. ત્યાં શિવ ઈન્દ્રની સહાયે આવે છે. જુઓ પેન્ગ્વિન કલાસિકસ શ્રેણિમાંનું, વેન્ડી ઓ'ફ્લાહર્ટીનું ભાષાન્તર, ૧૯૭૬, ક્રમાંક ISBN-O-14, 044. 306-1, પૃ. 76-91] □

ઈતિહાસધારા

અશોક હર્ષ



આ દેશમાંથી સૌપહેલા ઇંગ્લન્ડની મુલાકાતે ઊપડેલા ભારતીય હતા મિર્જા અહતશામુદ્દીન. બંગાળના નદિયા જિલ્લાના પાંચનૂર ગામે ઇ. ૧૭૩૦માં તેમનો જન્મ અને ત્યાં જ ઇ. ૧૮૦૦માં અવસાન. પોતાની યુરોપયાત્રા પર ફારસીમાં તેમણે 'શગફનામા વિલાયત' પુસ્તક લખેલું.

રાજા રામમોહનરાય તો છેક ઇ. ૧૮૩૧માં ઇંગ્લન્ડ ઊપડેલા, પણ મિર્જા અહતશામુદ્દીન ઇ. ૧૭૬૫માં મુગલ સમ્રાટ શાહઆલમના પ્રતિનિધિ તરીકે ઇંગ્લન્ડ પહોંચેલા. શાહઆલમના એ 'મીરમુનશી' હતા અને મિર્જા ઇલકાબ પણ શાહઆલમે જ આપેલો.

ઈસ્ટ ઇન્ડિયા કંપની તરફથી બંગાળ બિહાર અને ઓરિસાની દીવાની સનદ મેળવ્યા પછી તેમાંની શરતોમાંની એકેનો અમલ ત્યારના ગવર્નર લૉર્ડ ક્લાઈવે ન કરતાં નવાબ મુનીરુદ્દૌલા તથા રાજા સિતાબરાય સાથે મળીને સારી એવી દોલત પડાવવાનું ષડ્યંત્ર રચતાં શાહઆલમે ઇંગ્લન્ડના રાજા પર એક પત્ર લખી તે પર પોતાની મહોર મારીને ઇંગ્લન્ડના રાજાને એક લાખના નજરાણા સાથે મિર્જા અહતશામુદ્દીનને ઇંગ્લન્ડ મોકલી આપવાનું નક્કી કર્યું. પરંતુ ક્લાઈવે એ પત્ર અને લાખ રૂપિયા પોતાની પાસે જ રાખી લઈ પોતે અઠવાડિયા બાદ ઇંગ્લન્ડ આવશે ત્યારે લેતો આવશે એમ જણાવ્યું.

જહાજ કલકત્તાથી હંકારી ચૂકતાં સુધી પત્ર કે રૂપિયા ન મળતાં જહાજમાંના અહતશામુદ્દીનને ભારે આઘાત લાગ્યો, એમની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. આ આઘાતથી એમનું ખાવાપીવાનું સુકાઈ ગયું અને એ બીમાર પડ્યા. જહાજ પરના ડૉક્ટરે તેમને દવા લેવાનો ખૂબ આગ્રહ કર્યા છતાં તેમણે દવા ન લીધી.

જહાજ છ મહિને ફ્રાન્સ પહોંચ્યું ત્યાં સુધીમાં દરિયાઈ હવાથી તેમની તબિયત ધીમેધીમે સુધરતી ગયેલી. ફ્રાન્સમાં સોળ દિવસ રહી તે ઇંગ્લન્ડ પહોંચ્યા અને ત્યાં બધી વાત કરી. તેમને ઇંગ્લન્ડમાં જ રોકી રાખી ભારત પાછા ન ફરવા દેવા માટે અંગ્રેજોએ તેમને ઓક્સફર્ડમાં ફારસીના પ્રોફેસરપદથી માંડીને તેમને અંગ્રેજ સ્ત્રી સાથે પરણાવી દેવાની લાલચો આપી. પણ મિર્જા એકે લાલચને વશ ન થતાં ક્લાઈવના આગમનની રાહ જોવા માંડી. પરંતુ ક્લાઈવ આવે શાનો ?

છેવટે એક દિવસ કેપ્ટન સોબનટને તેમને ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું કે ક્લાઈવ ઇંગ્લન્ડ આવવાનો નથી અને તેમણે શાહી પત્ર કે લાખ રૂપિયાની વાત કોઈને કરવી નહિ. ભગ્નાશ અહતશામુદ્દીન આમ ક્લાઈવના છળ પર હાથ ઘસતા ભારત પાછા ફર્યા.

*

સત્તાવનના સ્વાતંત્ર્ય વિપ્લવમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ અગ્નિશિખા બનીને ઝંપલાવેલું તે પોતાના દત્તક પુત્રને માટે ઝાંસીની ગાદીનો વારસો જાળવી રાખવા. આ દત્તક પુત્ર આનંદરાવ અથવા દામોદરરાવ નેવાલકરને પોતાની પીઠે બાંધીને તે ખાંડાના ખેલ ખેલેલી.

છેવટે એ દત્તક બાળક તેણે પોતાના અત્યંત વિશ્વાસુ દરબારી રામચન્દ્ર દેશમુખને હોળકરના રાજ્યમાં અથવા અન્ય સુરક્ષિત સ્થળે લઈ જવા ખાસ અંગરક્ષકો સાથે સોંપ્યો. દુર્લંઘ પહાડો ને દુર્ગમ જંગલો વીંધતી આ ટુકડી છેવટે વેત્રવતી નદીના કાંઠે દેવગઢ આવી પહોંચી, ગાળમાં જવાની તેની હિંમત ન ચાલી કેમકે સર હ્યુરોઝની સૈનિક ટુકડીઓ બધે પથરાયેલી હતી; જેમણે માનવીઓની જ નહિ પણ જાનવરો સુદ્ધાંની કત્લ ચલાવેલી.

રાણીએ બાબાની રક્ષા માટે સાથે મોકલેલાઓમાં વીર સેનાની જવાહરસિંહ, કર્નલ રઘુનાથસિંહ વગેરે હતા. અંગ્રેજો સામે તેમણે મયાપુરના મંસારામનો સાથ મેળવ્યો. આ સૈન્ય-પ્રવૃત્તિની ઝાંસીના તત્કાલીન સુપરિન્ટેન્ડન્ટ એફ. ડબ્લ્યુ. પિંકટને જાણ થઈ જવા પામી અને તેણે કર્નલ લિડેલ તથા કૅપ્ટન મેકલીનને તેમની ટુકડીઓ સાથે મોકલી આપ્યા. આવડી મોટી ફોજ સાથે મુકાબલો અશક્ય હોઈને તે ત્યાંથી લપાતાછુપાતા બાળક સાથે આગળ વધ્યા, પરંતુ ઝાલરાપટ્ટન્ મુકામે આખી ટુકડીને ઘેરી લઈ ત્યાંના પોલિટિકલ એજન્ટ સમક્ષ લઈ જવામાં આવી.

ઝાલરાપટ્ટન્ના રાજા તરફથી પોલિટિકલ એજન્ટની ખિદમતમાં મુકવામાં આવેલા રિસાલદાર નન્નેખાંએ પોલિટિકલ એજન્ટ ફ્લિકને કહ્યું કે, માના દોષની સજા નિર્દોષ બાળકને કરવી એ અન્યાય ગણાય. મેજર ફ્લિકે ઇન્દોર મુકામે રેસિડન્ટ

સર રિચમન્ડ શેક્સપિયરને લખતાં તેણે જણાવ્યું કે રાજકુમાર અંગ્રેજોને શરણે આવી જાય તો તેના માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવશે.

આ પરથી નન્નેખાં રાજકુમારને લઈ બે ઘોડેસવારો સાથે ઈંદોર પહોંચ્યો. ત્યાંના રેસિડન્ટે બાળક રાજકુમાર દામોદરરાવને ફોસલાવીને એક દસ્તાવેજ પર તેની સહી લઈ લીધી, જેમાં ઝાંસીની ગાદીથી તેને વંચિત બનાવી દઈ માસિક રૂ. ૧૫૦નું પેન્શન બાંધી આપવામાં આવેલું. ત્રણ મહિના બાદ તેને આગ્રા મોકલી દેવામાં આવ્યો.

બાળક દામોદરરાવે ઉંમરલાયક થતાં ઝાંસીના રાજકુટુંબની મિલકત પાછી મેળવવા બ્રિટિશ સરકાર સાથે લાખાપટી કરતાં તેને જવાબ આપવામાં આવ્યો કે તેણે જાતે માસિક રૂ. દોઢસોના પેન્શનનો સ્વીકાર કર્યો હોઈ હવે આ બાબત કશી વિચારણા થઈ શકે તેમ નથી. આ દામોદરરાવ વૃદ્ધ વયે ઇ. ૧૯૩૮માં અવસાન પામ્યો.

*

ગવર્નર જનરલ ડેલહાઉસીએ પંજાબ ખાલસા કરી મહારાજા રણજીતસિંહના પુત્ર દુલીપસિંહને બ્રિટિશ સરકારના રક્ષણ નીચે ઈંગ્લન્ડ મોકલી આપ્યા. તેની પાસેથી પડાવી લેવામાં આવેલો વિખ્યાત હીરો 'કોહેનૂર' મહારાણી વિક્ટોરિયાને તેના તરફથી ભેટરૂપે ધરી દેવામાં આવ્યો. પરંતુ એ જ દુલીપસિંહે ઇ. ૧૮૮૨માં પોતે જાહેર કરેલું કે કોહેનૂર પોતે મહારાણીને ભેટ નહોતો આપ્યો પણ તેની પાસેથી પડાવી લેવામાં આવેલો.

તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા 'હિસ્ટરી ઑવ ફ્રીડમ મૂવમેન્ટ ઈન પંજાબ'માં મહારાજા દુલીપસિંહનો પત્રવ્યવહાર દર્શાવેલ છે કે, અંગ્રેજોએ તેની બધી જ મિલકત પડાવી લીધી હતી. સોનું, ચાંદી અને ઝવેરાત જ નહિ પરંતુ તમામ ફર્નિચર તથા કપડાં-લત્તાં સુદ્ધાં. સોના, ચાંદી ને ઝવેરાત સિવાયની બધી પડાવી લીધેલી ચીજોનું લીલામ કરતાં તેના અઢી લાખ રૂપિયા ઊપજેલા, જે રકમ અંગ્રેજોને સહાય કરનાર શીખ સૈનિકોમાં વહેંચી દેવામાં આવેલી. □

અનુસંધાન] ઈશાન [પૃ. ૩૧૫ પરથી

શૈલીમાં વધુ ધ્યાન ખેંચે તેવી બાબત તેના મુખ્ય દ્વાર પર આયોજાતી જાળી છે.

સન ૧૪૦૫ થી ૧૫૬૯ના ગાળામાં વિકસેલ માળવા શૈલીની મસ્જિદો શરૂઆતમાં તઘલખ વંશ દ્વારા બનાવાયેલ મસ્જિદો જેવી હતી. વળી, માંડુની દિલાવરખાન મસ્જિદ પણ શરૂઆતના તબક્કામાં જ બનાવાઈ હતી. માળવાની મૂળ રાજધાની ધારની એક મસ્જિદને સંલગ્ન પ્રાચીન સંસ્કૃત પાઠશાળા હતી જે આજે પણ ભોજશાળા તરીકે ઓળખાય છે. માળવાની રાજધાની ધારથી નર્મદાકિનારે માંડુ જવાય, જેથી આ શૈલીનું મુખ્ય કેન્દ્ર માંડુ બન્યું. અહીંની મલિક મુકીઝ તથા જુમ્મા મસ્જિદ પ્રમાણમાં વધુ દળદાર બનાવાઈ છે. અહીંના ઈસ્લામી સ્થાપત્યના અન્ય નમૂનાઓમાં હિન્ડોળા મહલ તથા જહાજ મહલ મુખ્ય છે.

દખ્ખણમાં સન ૧૩૪૭માં બહનામી રાજવંશે પાયો નાંખતા અહીં મસ્જિદ સ્થાપત્યની શરૂઆત થઈ જે ૨૭૦ વર્ષ સુધી પ્રસરી. માળવાની મસ્જિદ પ્રમાણે અહીંની મસ્જિદો પણ શરૂઆતમાં તઘલખ વંશ દ્વારા બનાવાયેલી મસ્જિદો જેવી હતી; પરંતુ પાછળથી તેમાં પર્શિયન સ્થાપત્યની અસર વધુ ઘેરી બની. તેથી જ આ શૈલીની ગુલબર્ગના કિલ્લામાં બનાવાયેલ મસ્જિદ ભારતની તત્કાલીન અન્ય મસ્જિદો કરતાં અલગ બની છે. આ રચનામાં મહત્ત્વનો રહેતો બાહ્ય દેખાવ. સીધા થાંભલાવાળી કમાનો તથા નળાકાર બેઠકવાળો ગુંબજ પર્શિયન સ્થાપત્યનાં અંગો છે. પાછળથી બિહારમાં બનેલ જુમ્મા તથા શોલા ખંભા મસ્જિદોમાં પર્શિયન સ્થાપત્યની અસર વધુ સ્પષ્ટ બની હતી.

દખ્ખણમાં બહમાની વંશના શાસનકાળ બાદ સન ૧૪૨૫ થી ૧૬૫૦ના સમયગાળામાં બીજાપુરમાં તથા સન ૧૪૯૦થી ૧૬૫૬ના સમયગાળામાં ખાનદેશની થોડી ભિન્ન મસ્જિદ શૈલી વિકસી. આમાંની ગોલકંડાની મસ્જિદોની કોતરણીમાં જોવા મળતી હિન્દુ સ્થાપત્યની અસર વિરોધાભાસ સર્જે છે.

સન ૧૪૧૦ના ગાળામાં કાશ્મીરની ખીણમાં વિકસેલ મસ્જિદોની એક ખાસિયત એ છે કે અહીં બાંધકામની મુખ્ય સામગ્રી લાકડું છે. શ્રીનગરની મદાની તથા શાહ હામદનની મસ્જિદ પ્રમાણે અહીંની મસ્જિદનો પ્લાન ચોરસ અથવા તો શ્રીનગરની જુમ્મા મસ્જિદ પ્રમાણે ચોરસના એકી સંખ્યાના પુનરાવર્તનથી બનતો લંબચોરસ હોય છે. આ ચોરસ કે ચોરસ-સમૂહનું છાપરું એક અથવા બહુસ્તરીય પિરામિડાકાર બનાવાતું. આ વિસ્તારના સૌપ્રથમ ઈસ્લામી સ્થાપત્યના નમૂના તરીકે ઝૈન-ઉલ-અબિદિન દ્વારા બનાવાયેલ મંદાણીના મકબરાનો ઉલ્લેખ કરાય છે.

ભારતમાં મુસ્લિમ આક્રમણકારો તથા શાસકો દ્વારા મસ્જિદોનું ભારતીય સ્થાપત્યમાં ઉલ્લેખનીય યોગદાન રહ્યું છે. તેમનામાં સ્થાપત્યનો રસ હોવા ઉપરાંત તે બાબતે તેમનો અભિગમ પણ ઊંચો હતો. જેમ કે કુત્બુદિન ઐબક સમગ્ર કલિંજરની પ્રજાને ગુલામ બનાવી દેવા જેવો કઠોર હોવા છતાં તેણે ઈસ્લામી સ્થાપત્યમાં ઉલ્લેખનીય ગણાય તેવી મસ્જિદો બનાવી છે, અને અલ્લાઉદિન ખીલજીએ દિલ્હીમાં હજારો મોગલોની કત્લ કરાવવા છતાં સ્થાપત્યમાં તેનું યોગદાન તથા તે બાબતમાં તેની સંવેદનશીલતા ઉલ્લેખનીય હતી. □

ઈન્દ્ર-વૃત્રની કથા

કનુભાઈ જાની

અનેક પ્રજાપતિઓમાંના એક હતા ત્વષ્ટ્ર.૪ ભારે તપસ્વી, તેથી ભારે શક્તિશાળી. એને ઈન્દ્ર દીઠો ન ગમે. એ ત્વષ્ટ્રને એક પુત્ર ત્રણમાથાંળો! નામ જ ત્રિશિરસ્. એ ત્રિશિરસને ઈન્દ્રના પદની લાલચ લાગી. એનાં ત્રણેય માથાં પ્રતિભાવંત : એક સૂર્ય જેવું, બીજું ચન્દ્ર જેવું ને ત્રીજું અગ્નિ જેવું. એકથી એ વેદનું પઠન કરે; બીજાથી એ મદ્યપાન કરે, ત્રીજાથી સમસ્ત અવકાશને જાણે પી જવું હોય એમ તાકી રહે! પણ ભારે મોટો તપસ્વી અને ધર્મનિષ્ઠ.

એની તપશક્તિ જોઈને ઈન્દ્ર ભય પામ્યો. 'જરૂર આની શક્તિઓ હવે જો વધશે તો ક્યારેક આ આખા વિશ્વને ગળી જશે! આને હવે રોકવો પડે.' તપથી કોઈને ચળાવવા માટેનાં શસ્ત્ર તો જાણીતાં છે. ઈન્દ્રે તો અપ્સરાઓને બોલાવીને બધી વાત કહી, આદેશ આપ્યો : 'ગમે તેમ કરો. તમારાં બધાં કામણ વાપરી, આને તમારી માયામાં બાંધો.' ઊપડી. એમની બધી જ શક્તિઓ ત્રિશિરસને ચળાવવા વાપરી; પેલો ન જ ચળ્યો. બહુ બહુ યુક્તિઓ કરી, બહુ મથી. આખરે, થાકી હારીને પાછી આવી, ને શક્રને હાથ જોડીને કહે, 'આની આગળ અમારું કશું નહિ ચાલે.' શક્ર વિચારવમાં પડ્યો : 'થાય શું? શત્રુને ઊગતો જ ડામવો પડે. એણે તો, છેવટનો, પણ સીધોસટ ઉપાય લીધો. વજ્ર ઝીંક્યું. ત્રિશિરસ્ પડ્યો! પણ પડ્યો ત્યારે ય ગરવો લાગે, પહાડ જેવો. એય ઈન્દ્રથી કેમ ખમાય? એણે એક લક્કડખોદ પંખીને જોયું. ઠપ્-ઠપ્-ઠપ્-ઠપ્ કરતું લાકડું કોચે. બોલાવ્યું.

'મારું એક કામ નો કરે?'

'કહો.'

'આ ત્રિશિરસનાં ત્રણે ડોકાં જુદાં પાડી આપ.'

'બાપ રે ! એના ખભા જોયા? કેટલા પહોળા! પહાડ જોઈ લ્યો! અમારાથી તો, બાપ, એ ના કોચાય! વળી આ કામેય ગોબરું છે. સારા જણથી આવું થાય? લોક શું કહે? આ નહીં થાય. બીજું ગમે તે વતાવો, કરીશ.'

'મને ઓળખ્યો?'

'ના. આપ કોણ?'

'હું ઈન્દ્ર. તારી ચાંચ, તારો આ કુહાડો તો થશે મારું વજ્ર. તું તારે ઝીંક. હું આદેશ આપું છું. મેં જ આને હણ્યો છે. હવે તો આ શબ છે. માથાં જુદાં પાડી આપ.'

'આપ ઈન્દ્ર!! આપ ઊઠીને એક બ્રાહ્મણની હત્યા કરો, ને ઉપરથી મને પણ આવું કામ સોંપો?'

'બધી પંચાતમાં પડ મા! ઝટ કામ પતાવ. આ તો દેવોનો દુશ્મન થાત; એટલે મારે હણવો પડ્યો. હવે બાકીનું તું પતાવ. હું તને અર્ઘ્યનો અધિકારી ગણીશ. ઝટ કામ પતાવ. દલીલ નહિ.'

પછી બિચારા લક્કડખોદનું શું ચાલે? માથાં જુદાં પડ્યાં. જેવાં જુદાં પડ્યાં કે મહીંથી જંગલી કૂકડા ને સમડા ને ચકલાં નીકળી પડ્યાં! ચારે પાસ ઊડ્યાં. વેદપઠન ને સોમપાન જે મુખે કરતા, તેમાંથી કૂકડા નીકળ્યા; આકાશ તાકી રહેતા તેમાંથી સમડા નીકળ્યા, ને મદ્યપી માથામાંથી ચકલાં. પણ માથાં પડ્યાં, એટલે ઈન્દ્ર રાજીરાજી! પાછો સ્વર્ગલોકે પહોંચ્યો. ને લક્કડખોદ ગયું એને માળે. બેમાંથી કોઈએ - કે પેલાં પંખીમાંથી પણ કોઈએ - આ વાત કોઈને કરી નહિ. એમ ને એમ એક વરસ વીત્યું.

ત્યાં, એક વાર શિવના ગણ ફરવા નીકળેલા. એમણે શબ-માથાં બધું જોયું, ને બધી ભાળ મેળવી. એમણે તો જ્યાં-ત્યાં કહેવા માંડ્યું; 'ઈન્દ્રે બ્રહ્મહત્યા કરી, ઈન્દ્રે બ્રહ્મહત્યા કરી; એટલે ઈન્દ્રને તો છૂટકો ન થયો - ઘોર પ્રાયશ્ચિત્ત કરવા સિવાયનો. કર્યું પછી એ બ્રહ્મહત્યાનું જે પાપ હતું તે બધે વેર્યું : થોડુંક ખંખેર્યું સાગરમાં, થોડુંક પૃથ્વી પર, થોડુંક વૃક્ષોમાં, ને થોડુંક સ્ત્રીઓમાં. સૌમાં પાપ, આમ, વહેંચી દીધાં પછી પાછાં વરદાનો પણ આવ્યાં! પછી, પાપમુક્ત થઈને પાછો ઈન્દ્રાસને બેઠો.

પણ ત્વષ્ટ્ર પ્રજાપતિએ જ્યારે જાણ્યું કે એના તપસ્વી ને સાત્ત્વિક પુત્ર ત્રિશિરસની હત્યા ઈન્દ્રે કરી છે, ત્યારે એના ક્રોધનો પાર ન રહ્યો. એણે વૃત્ર ઉત્પન્ન કર્યો. ને આદેશ આપ્યો કે 'ઈન્દ્રને હણ! લોક પણ ભલે મારી શક્તિ ને મારું તપ-બળ જોતું. ઈન્દ્ર પણ છો એના પાપનું ફળ ચાખતો! તું, વૃત્ર, વિરાટ જેવો બધે છાયી જા!' ને એણે તો ભયંકર રૂપ લીધું. સૂર્યને વૃત્રે આંબ્યો!

'શું કરવાનું છે મારે?' વૃત્રે પૂછ્યું.

'ઈન્દ્રનો વધ.' ત્વષ્ટ્રએ આદેશ આપ્યો.

ને ઈન્દ્ર ને વૃત્ર વચ્ચે ભયંકર ઘમસાણ મચ્યું. એક તરફ ભયાનક, વિરાટ, ક્રોધેભર્યો વૃત્ર, બીજી તરફ દેવરાજ ઈન્દ્ર - વાસવ. પણ વૃત્રે તો એનું વિરાટ મુખ જ ખોલવા માંડ્યું, પહોળું કરવા માંડ્યું! પહોળું ને પહોળું, પહોળું ને પહોળું, ને પહોળું! થતાં, થતાં, થતાં..... ત્રણે ય લોક એ તો ગળી ગયો. એ તો ત્વષ્ટ્રની શક્તિ! વૃત્રે તો રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ બધું જ ચૂસી લીધું! વૃત્રે તો પાંચેય તત્ત્વો - પૃથ્વી, વાયુ, પાણી, આકાશ ને તેજ-પાંચેય હરી લીધાં. પછી એણે ઈન્દ્રને ઝાલ્યો, મુખ ખોલ્યું, ને જડબાં દેવાયાં! મહીં ઈન્દ્ર ગાયબ! ગળી ગયો!

હવે?! દેવો મૂંઝાયા. વૃત્ર શક્રને ગળી ગયો! ને જડબાં સજ્જડબમ દેવાઈ ગયાં! હાહાકાર થયો. ત્યારે દેવોએ યુક્તિ કરી. જડબાં તો ખૂલવાં જ જોઈએને? દેવોએ જૃંભિકા ઉત્પન્ન કરી - બગાસાંની દેવી! એના પ્રભાવ તળે વૃત્રને બગાસું આવ્યું ને જેવું મોં ખૂલ્યું કે સૂક્ષ્મ રૂપ લઈને શક્ર બહાર નીકળી ગયો !

(ત્યારથી બગાસું નિશિદ્ધ! જાહેરમાં ન ખવાય! ને ખવાય તો ચપટી સાથે રામ-રામ-રામ જેવું ઇષ્ટદેવનું નામ લેવું પડે! એ પ્રથા પડી.)

શક્ર બહાર આવ્યા પછી પાછું યુદ્ધ ચાલુ! ઘોર, ભયાનક, દીર્ઘ યુદ્ધ! શક્રની કરામતો કરતાં, ત્વષ્ટ્રાનું તપ કાયમ ચડિયાતું રહેતું! એટલે શક્રે પીછહેઠ કરવા માંડી. દેવો પાછા મૂંઝાયા. બહુ ચર્ચા-વિચારને અંતે વિષ્ણુ પાસે ગયા — મંદાર પર્વત પર.

'કેમ પધાર્યા?'

'ગમે તે કરો, પણ આ વૃત્રને મારો. હવે તો એણે ત્રણેય લોક ભરખી લીધાં છે, ને ઇન્દ્ર જેવા ઇન્દ્રમાં હવે ભય પેઠો છે!'

'ઇન્દ્ર! વૃત્રને તો તારે જ હણવો રહ્યો.'

'પણ મારી તો કોઈ કારી જ ફાવતી નથી! જગત તો જીવતું રહેવું જોઈએ ને? એ આખું ય અહીં તો હડપ કરી ગયો છે! મારે એને હણવો એવો આપનો આદેશ છે; પણ એનું તેજ, એનું તપ, એનો તાપ, એનો પ્રભાવ....ને વળી એની શાલીનતા ને યુદ્ધે અજેયતાનું વરદાન!! હું તે કરું શું? એ મારા સહિત ત્રણેય લોકને ગળી જઈ શકે છે!'

દેવો વિષ્ણુને કહે, 'પ્રભુ! આપે ત્રણ વિરાટ પગલાંમાં ત્રણ લોક આંબી લીધા'તા. આપે સોમ ને અમૃતની રખવાળી કરતાં, દૈત્યોને ડામી દીધા'તા. બલિ જેવાને બાંધ્યો'તો, ને શક્રનેય આપે જ ઇન્દ્રાસનારૂઢ કર્યો 'તો. આપ વિશ્વપતિ છો. વિશ્વને ઉગારો.'

'તો ભલે! જાવ, એની જોડે વાટાઘાટો કરો. સમાધાન માટે મથો. એ યુદ્ધે નહિ જિતાય; સમાધાને જિતાશે. ઋષિઓ-ગંધર્વો સાથે સૌ દેવો પણ જાવ;ને, શક્ર! તું મૂંઝાતો નહિ. મારી શક્તિ તારું રક્ષણ કરશે. અણીને વખતે, શક્ર, તારા વજ્રમાં મારી શક્તિનો સંપાત હું કરીશ. ગભરા નહિ. જાવ. સમાધાન કરો.'

ગયા. ઋષિઓ નમ્યા. ચન્દ્ર, સૂર્ય ને ત્રિલોકને જકડી બેઠેલા એવા વૃત્રને જ્યારે ઋષિઓ નમ્યા ત્યારે એ શરમાઈ ગયો. ઋષિઓ કહે : 'આપ બેઉ બળીઆ! લડવામાં કોઈ કોઈને ન પહોંચે એવા છો! પણ.... આખલા બાઝે એમાં ઝાડનો ખોડો નીકલે છે! તમે બે બાખડો છો એમાં નાહકનું હેરાન થાય છે ત્રણેય ભુવનનું લોક. તમે તો વૃત્ર! તપસ્વી છો. નિર્દોષ જીવોને, આમ, શું કામ હેરાન કરો છો?'

'તો શું કરું? મારો વાંક....?'

'વાંક નહિ. પણ સમાધાન કરો. લડવું ટાળો. મિત્રો બનો.'

'એ તો રૂડી વાત. પણ એ થાય એમ છે? તેમ જ કહો! લો, હું તૈયાર છું, બસ?'

'હાં. બન્નેની શક્તિ ભેકી થાય તો દુનિયા કેવી સુંદર બને?'

'એ તો હું ય જાણું છું. પણ આનો કોઈ રસ્તો બતાવો.

'સજ્જનનું સૌજન્ય એ જ રસ્તો. નિર્દોપ અને જ્ઞાનિ પુરુષને સહન કરવાનું ન આવે એટલું જોવું.'

'એ તો હુંય ઇચ્છું છું.'

'ઇન્દ્ર પણ જાણે છે. એ ધર્મ જાણે છે. એ વિવેક પણ જાણે છે. ને તમેય જાણો છો. બે વચ્ચે મેળ થવો જ જોઈએ.'

'હું આપ સૌ પ્રત્યે પૂરો આદર ધરાવું છું. મને આપનામાં વિશ્વાસ છે. એટલે, પહેલાં હું જે કહું તે કરવાનું વચન આપો; પછી આપ કહેશો તે હું કબૂલીશ.'

'કહો. થશે જ.'

'શક્રથી તો હું મરું નહિ જ- એ પહેલી વાત, પહેલી શરત.'

'હં'.

'બીજું, દેવોથી યે ન મરું.'

'હં.'

'ત્રીજું, ન મરું કોઈ ભીની વસ્તુથી કે ન મરું કોઈ સૂકી વસ્તુથી.'

'હં.'

'ચોથું, ન મરું પત્થરથી કે ન મરું લક્કડથી.'

'હં'.

'પાંચ, ન મરું કોઈ એક શસ્ત્રથી, વ્રજથી તો નહિ જ.'

'હં'

'છ, ન મરું દિવસે કે ન મરું રાત્રે?

'ભલે.'

'આટલી મારી શરતો જો ઇન્દ્રને સ્વીકાર્ય હોય તો ઇન્દ્ર સાથે આપણું સમાધાન થશે, જાવ.' શરતો ઇન્દ્રે સ્વીકારી.

પણ મનમાં રોષ, ને મનમાં દ્વેષ તો ખરો જ. મન ચોખ્ખું નહોતું થયું. વૃત્રને મારવાના રસ્તા શોધ્યાં કરે. વૃત્રની એને પારાવાર ઈર્ષ્યા. શરતમાં ક્યાંક પણ છિદ્ર - ક્યારેક જણાય - એ પર એની સતત નજર. એટલે પેલી શરતો મુખાગ્રે રાખે ને વૃત્રના વર્તનને નિહાળ્યા કરે.

એમાં એક દિવસ સંધ્યાટાણું. વૃત્ર સાગરતટે. સૂર્ય ડૂબવામાં. સૂર્ય ત્યારે પશ્ચિમે હોય; એ તો વરુણની દિશા. વરુણ નીતિનો સ્વામી, ને પાણીનોય અધિપતિ. એટલે સંધ્યાટાણે તો કોઈથી કાંઈ ખોટું થાય જ નહિ. સંધ્યાટાણે શરતભંગ પણ શક્રથી ના થાય! ને, સંધ્યાટાણે દૈત્યો વળી વધારે શક્તિશાળી હોય. શક્રે વિચાર્યું કે, 'સંધ્યા ટાણું છે એ ખરું; પણ નથી દિવસ, નથી રાત. પણ દેવથી એ ન મરે - એ શરતનું શું?' ત્યાં તો એણે સાગરનાં ફીણ જોયાં! 'હાં....' આ નથી સૂકાં, નથી લીલાં. નથી શસ્ત્ર, નથી અસ્ત્ર. ફીણ નથી દેવ, નથી ઇન્દ્ર. દેવથી ન મરે, ફીણથી મરે!' એણે તો વિષ્ણુનું સ્મરણ કરીને ફીણ વૃત્ર પર ઉડાડ્યાં. ફીણમાં વિષ્ણુની મારક શક્તિ ભળી. વૃત્ર પડ્યો. આકાશ ફરીથી ઊઘડ્યાં. પવનો

(અનુસંધાન પૃ. ૩૧૯ ઉપર)

શાંઘાઈ સ્ટેશન પર ટ્રેન ઊભી હતી - ચમકતા ઘેરા લીલા રંગે રંગેલી. વિદેશી પ્રવાસીઓ માટેના ડબ્બા જુદા. ગાદીવાળી બેઠકો - મરૂન રંગના જાડા કાપડની ખોળ+ઝાલરો. માથું ટેકવવાની જગ્યાએ ભરેલા, અંકોડી-કામવાળા સફેદ કટકા મૂકેલા. સાફ-સૂથરું, ચોખ્ખું. બેઠકોની વચમાં એક એક ટેબલ-લૂછેલું, ચોખ્ખું. એના પર કાચના કપ પડેલા - ઢાંકણાં સાથેના. અમે બધાં ગોઠવાયાં, ને તરત ચીની ગ્રીન ચ્હા લઈને પરિચારિકા આવી. ગરમ ગરમ પીણું બહુ સારું લાગ્યું. ફેબ્રુઆરીનો અંત છે, ને ઠંડી છે. જોકે સહન થાય છે. અમેરિકાના



સ્થિર નદી, સરતાં નીર

હાન્ગજો શહેર

- પ્રીતિ સેનગુપ્તા -

પૂર્વ કિનારાનું હવામાન અને ચીનનાં પૂર્વ તરફનાં શહેરોનું હવામાન લગભગ સરખું હોય છે, એમ જાણેલું, એટલે ખ્યાલ તો હતો જ કે થોડી ઠંડી હશે.

ચીની ચ્હા એટલે આમ તો ગરમ પાણી. સ્વાદ તો નામનો જ. પત્તીઓનો સહેજ રંગ આવે. તાજગી બહુ આપે. ન્યૂ યૉર્કની ચીની રેસ્તોરાંમાં જઈને આ ચ્હા ભાવતી થઈ ગઈ છે. ચીનમાં તો પીવી જ પડેને ! ટ્રેનમાં બેઠાં બેઠાં આ ગરમ, સ્ફૂર્તિદાયક ચીની ચ્હા પીવાની બહુ મઝા આવી. પ્યાલા ખાલી થાય, એવી જ તાજી બનેલી ચ્હા રેડાતી જાય. ઢાંકણાને લીધે ગરમ પણ લાંબી રહે.

બહારનો પ્રદેશ તદ્દન સપાટ. શિયાળાને લીધે સૂકો. જ્યાં ખેતરો હતાં ત્યાં સૂકો. પણ ઝાડ-ઝાંખરાંને લીધે થોડો લીલોતરો પણ ખરો. વચમાં નાની નદીઓ અને નહેરો આવે. આ બાજુ પાણીની કોઈ અછત લાગતી જ નથી. એ હશે ઉત્તર ચીનમાં, ને સાવ પશ્ચિમે તિબેટના પર્વત-પ્રદેશમાં. અમે શાંઘાઈથી થોડે દક્ષિણે હાન્ગજો નામના ગામે જતાં હતાં. દેશનો આ કદાચ સૌથી ફળદ્રુપ વિભાગ છે. કોઈ બીજી ઋતુમાં આ જોતી હોત તો કદાચ કેવળ હરિયાળી જ જોઈ હોત.

આ ટ્રેન-સફર સાડા ત્રણ કલાકની જ હતી. ક્યાંયે પૂરી થઈ ગઈ. પણ બપોરે શાંઘાઈથી નીકળેલાં, એટલે અહીં પહોંચતાં સાંજ થઈ ગયેલી. શિયાળાનો ટૂંકો દિવસ. જલદી થતું અંધારું. ને હાન્ગજો ગામના ઝાંખા દીવા !

તાર પર બાંધેલા દીવા રસ્તાઓની વચ્ચે લટકતા હતા. એમના આછા પ્રકાશમાં વિગતે કશું નિરીક્ષણ થઈ શકે તેમ હતું નહીં. છતાં 'વેસ્ટ લેક'નું પાણી ઝલમલતું હતું. એની ઉપર બાંધેલા માર્ગ પર અમે જતાં હતાં, ને એ માર્ગ કેટલો નીચો હતો – જાણે પાણી ઉપર તરતો હતો.

ગામની મોટામાં મોટી ને સારામાં સારી હોટેલના શિલિન્ગ ગૅસ્ટહાઉસ કહેવાતા ભાગમાં અમારો ઉતારો હતો. ઓરડા શાંઘાઈ કરતાં પણ મોટા, જોકે સાદા વધારે. તરત જ જમવા માટે. વાહ, આ જમણે તો આ સ્થાનની ભોજન વિષયક ખ્યાતિ સાર્થક કરી. જમણ તેલિયું ઓછું હતું, ને સ્વાદિષ્ટ ઘણું વધારે હતું. અરે, મારા નિરામિષ ખાણામાં પણ હાન્ગજોના 'મહારાજોએ' કૌશલ ઉપરાંત, કલ્પનાની સર્જનાત્મકતા બતાવી આપી.

ન્યૂ યૉર્ક છોડ્યા પછી પહેલી વાર બટાકા મળ્યા ! વૈષ્ણવ ઘરમાં નાનપણથી બટાકા ખાઈને ઉછર્યા પછી એ લગભગ જરૂરિયાત જેવા બની ગયા છે ! તેથી આજના ભોજનની શરૂઆતથી જ હરખ થયો ! ડુંગળી સાથે સાંતળેલા હતા પણ બહુ જ સ્વાદિષ્ટ. વાંસના ટુકડાનું શાક પણ હતું. હંમેશ મુજબ આમિષ ભોજનમાં સાત-આઠ ગરમ, અને બીજી ઠંડી, શરૂઆતે ખાવાની વાનગીઓ હતી, કે જે ટેબલ પર પહેલેથી જ ગોઠવેલી હોય. એમાંની એકાદ વળી હું ખાઈ શકું, બાકી મારે આછું-પાતળું જે શાકાહારી બનાવાયું હોય એની રાહ જોવાની. ભાગ્યવશાત્ આજે વળી ભાવતું ભોજન હું પામી. તુષ્ટિ, પુષ્ટિ ને સુખની સુપુપ્તિ !

બારમી સદીમાં સૉન્ગ (Song) રાજવંશ દરમિયાન પાટનગરને હાન્ગજો (Hangzhou)માં ખસેડવામાં આવેલું. દરબારીઓ ને અમલદારોની સાથે સાથે સર્જકો અને વિદ્વાનો પણ અહીં આવી વસેલા. તળાવો ને વનરાજિથી શોભતા આ સ્થાન પર કાવ્યો તો સાતમી સદીથી લખાતાં આવ્યાં છે. કેટલાક કવિઓનાં નામ શહેરનાં રસ્તાઓ અને સ્મારકોને આજ સુધી અપાયેલાં છે. જેમકે, વેસ્ટ લેક પરના પેલા જળ-સેતુ-પથનું નામ 'સુદિ' છે, જે ૧૧મી સદીના કવિ સુ ડૉન્ગ્યો પરથી પડ્યું છે. આ સરોવર પરનો આવો જ બીજો પથ છે. એનું નામ 'બાઈદિ' છે, જે ૮મી સદીના કવિ બાઈ (Bai) જુયીના માનમાં છે. આ પરિસરના પ્રાકૃતિક સૌંદર્યની પ્રેરણાથી ૧૨મી સદીનાં કવયિત્રી લિ ચિન્ગજાઓએ પણ એના પર ઘણાં કાવ્યો લખેલાં. ભઈ, એ જમાનાના વિશ્વમાં હાન્ગજો દુનિયાનું સૌથી મોટું, સૌથી વિખ્યાત પુરમ્ હતું.

મારે માટે જે પરમ પ્રેમ-આદરનું પાત્ર છે તેવા આદ્ય-પ્રવાસી માર્કો પોલો ૧૪મી સદીની શરૂઆતના અરસામાં હાન્ગજો ગયેલા. મૉન્ગૉલ સૈન્યોએ એનો ઘણો ધ્વંસ કરી નાખેલો છતાં માર્કો પોલો એનાથી પ્રભાવિત થયેલા. એમણે લખ્યું છે, 'એમાં કોઈ પણ શંકા નથી કે આ દુનિયાનું સુંદરમાં સુંદર,ને ઉત્તમ પ્રકારનું, નગર છે. એના રસ્તા, તેમજ જળ-માર્ગો, ખૂબ પહોળા છે. ત્યાં, મોટા ભાગે પથ્થરના, ૧૨,૦૦૦ જેટલા પુલો છે, એમ સાંભળ્યું છે. અનેક પ્રજાજનો સુરુચિપૂર્ણ જીવનથી અભ્યસ્ત છે.'

૧૯મી સદીના પાછલા દસકાઓમાં હાન્ગજોની પ્રાચીન વિખ્યાતિનાં ઘણાં કારણો ને સ્મારકો નાશ પામ્યાં હતાં. શહેરને ફરતો કિલ્લો ને એનાં મહાદ્વારો હવે નથી રહ્યાં. એમાંની ઘણી નેહરો દટાઈ-પુરાઈ ગઈ છે. તે છતાં, શહેરના ઘણા મહોલ્લા સદીઓથી બદલાયા નથી, અને પહાડો, તળાવો, બગીચા વૃક્ષ-વીથિ, મંદિરો, સ્તૂપો હજી એના પરિસરની અનન્ય શોભા અભિવ્યક્ત કરે છે.

આવા શહેરમાંની પહેલી સવારે વહેલાં ઊઠીને અમે કેટલાંક બહાર ચાલવા ગયાં. હોટેલની આસપાસ ગીચ વૃક્ષરાજિ છે, ને મુખ્ય દ્વારની નજીકમાંના એક ઝાડ પર થોડાં ગુલાબી ફૂલો ખીલેલાં છે. એ જ જાણે આવકાર હતો. પાછળના તળાવ તરફ સાત વાગે સૂરજ હજી માંડ બહાર આવી રહ્યો હતો. હાન્ગજોના તળાવ પર સૂર્યોદય જોવો તે લ્હાવો ગણાય છે. એ શું આગંતુકો માટે જ ? હાન્ગજોનાં પ્રજાજનોને માટે એ પ્રતિદિનની ઘટના છે. આજે સવારે અમે કુતૂહલથી એમના ગામને જોવા માંડતાં હતાં, ને એ બધાં પોતાના નિત્ય-જીવનમાં રત હતાં. ક્યાં જતાં હશે સવારથી ? કામે ? ચાલતાં, અને સાઈકલ પર. આ જ રીતિ.

નાસ્તા પછી સિલ્ક ફૅક્ટરીની મુલાકાતે. હાન્ગજોમાં પાંચ-સાત છે આવી ફૅક્ટરી, કારણ કે એ રેશમ-વણાટની કળાત્મક ચીજો માટે ખાસ જાણીતું છે. અમે જોઈ તે ફૅક્ટરીમાં મશિનો વણાટ-કામ કરે છે. કમ્પ્યૂટરની સહાયથી બનાવેલાં રંગ-પત્રકોને લીધે આ યાંત્રિક વણાટ ઝડપી ને ચોક્કસ બને છે. વળી, દેખરેખ પાછળ બહુ ધ્યાન કે સમયની જરૂર રહેતી નથી. કાર્યક્ષમતાનો પાર નથી. ચીનમાં મહાનાયક 'બાંધવ માઓ'નો ઉપદેશ એ છે કે સમયનો વ્યય ના કરવો, અને જે પણ કાર્ય કરવું તે સારામાં સારી રીતે કરવું. પ્રજાના સામૂહિક વ્યક્તિત્વમાં આ, અને આવાં બીજાં અનેક, પ્રતિપાદન વણાઈ ગયાં લાગે છે. માઓના કહેવા પ્રમાણે પ્રજા પોતપોતાની જાતનો નહીં, પણ આખા દેશના શુભ ને લાભનો વિચાર કરતી રહે છે, અને આગ્રહ ઉત્કૃષ્ટતા માટેનો હોય છે.

'હાન્ગજો સિલ્ક બ્રોકેડ ફૅક્ટરી'ના માહિતી-પત્રમાં વણાટ-કળાના નમૂનાના સરસ રંગરંગીન ફોટા છે. લખાણ અંગ્રેજી અને ચીની ભાષામાં છે. આમ તો ચીનમાં જુદી જુદી બોલીઓ ઘણીયે છે, પણ પાટનગર બેજિન્ગમાં બોલાતી પેટાભાષા રાષ્ટ્રિય ભાષા તરીકેની પસંદગી પામેલી છે એને માટે 'મૅન્ડેરિન' નામ વપરાય છે. ખરું, પણ ચીનમાં એને 'પુતોન્ગ્હુઆ' કહે છે. આ શબ્દનો અર્થ સાવ સાદો છે : 'સાર્વજનિક ભાષા'. સામ્યવાદી સરકારે ૧૯૪૯માં આ ભાષાને સત્તાવાર જાહેર કરેલી. ચીનમાં બોલચાલનું વૈવિધ્ય ના રહે, ને પુતોન્ગ્હુઆ જ દેશના પ્રત્યેક ખૂણામાં ને દિશામાં બોલાય એવી એકતાની સરકારની ઇચ્છા હંમેશાં રહી છે. આવો વિશાળ દેશ, કરોડોની વસ્તી. આ ઇચ્છા ફળે ખરી ? પણ લેખિત સ્વરૂપ માટે આ એકતા સિદ્ધ થઈ છે. દેશની બધી જ શાળાઓમાં આ એક જ લેખિત સ્વરૂપ વપરાય છે, ને દેશના બધા જ પ્રાંતોમાં એનો પ્રચાર છાપાં, સામયિકો, રેડિયો, ટેલિવિઝન, ફિલ્મ, પુસ્તકો વગેરે માધ્યમો દ્વારા કરવામાં આવ્યો છે.

લેખિત સ્વરૂપે ચીની ભાષા અત્યંત કઠિન છે. એના અક્ષરોને "કૅરેક્ટર" કહે છે. કુલ ૫૦,૦૦૦ આવાં પ્રતીકો છે, પણ વપરાશમાં ૬,૦૦૦ હશે. ત્રણથી ચાર હજાર પ્રતીકો તો દરેક ચીની શીખે જ. એને માટે પણ એ બધાંનાં બંધારણ એવાં અઘરાં છે કે ૧૯૫૬માં લેખિત સ્વરૂપને થોડું સુગમ ને સરળ કરવામાં આવ્યું. ખાસ કરીને, વધારે વપરાતાં ૩,૦૦૦ પ્રતીકોનું સરલીકરણ કરાયું.... જેને રોજની ભાષા માટે આટલો શ્રમ લેવો પડતો હોય તે પ્રજામાં શું સ્વાભાવિક રીતે જ જીવનનાં બધાં પાસાંમાં શિસ્તની ટેવ ના સિંચાઈ હોય ? એ સ્પષ્ટ છે કે ભાષાથી વિચારો ને વિચારોથી વર્તન ઘડાય છે.

'ચીન' શબ્દ માટેનું પ્રતીક દેખાવે સાવ સાદું, નાનકડું સાધારણ લાગે છે, પણ છે અર્થઘન. એમાંનો લંબચોરસ પૃથ્વી સાથેનું સાદૃશ્ય દર્શાવે છે, અને વચમાં થઈને જતી રેખા 'પૃથ્વીના

કેન્દ્ર' કે 'કેન્દ્રીય રાજ્યસત્તા'નું સૂચન બને છે. આહા, શું આત્મવિશ્વાસ, શું આત્મગૌરવ ! જો આ શાસન-સામર્થ્યની ચીનની નિજી ધારણા હોય તો તે પહેલેથી છે, ને હજી પણ છે.

ફૅક્ટરીના માહિતી-પત્ર પરથી ભાપાની વાત પર આવી ગઈ, ને ફૅક્ટરીની વાત બાકી રહી. અમે જોઈ તે ૧૯૨૨માં સ્થપાયેલી. એમાં ૫૦૦ યંત્રશાળો છે, ને ૨૮૦૦ જણ તો ત્યાં કામ કરે છે. ૧૦૦૦ જાતની જુદી જુદી ચીજો ત્યાં બને છે – ફક્ત શોભા માટેની, તેમજ વપરાશની. દીવાલ પર લટકાવવાનાં ચિત્રો જુઓ કે ચાદર-ગલેફ, ટેબલ-ક્લૉથ વગેરે જુઓ : 'પ્રિસિશન ઍન્ડ પર્ફૅક્શન' આ જ એમનાં આદર્શ અને ધ્યેય છે, તે સ્પષ્ટ દેખાય છે. આવાં મૂલ્યો, અને આવાં મનમોહક પરિણામોથી હું ખૂબ ખુશ થાઉં છું, હંમેશાં.

સુંદર માટેનો મારો પ્રેમ પોપાઈ રહ્યો છે અહીં. એ પછી સ્થાનિક બજારમાં. ત્યાં દુકાનોમાં ડોકિયાં કરવાની અને લોકોને ભાવ-તાલ કરતા જોવાની બહુ જ મઝા આવી. ચીની ચ્હાની દુકાનમાં કેટલી તો જાત – છૂટી પત્તી, જુદાં જુદાં ફૂલોની સુગંધ. મોગરાની ચ્હા મને સૌથી પ્રિય છે. એ થોડી ખરીદી. ત્યારે 'ખરેખરા' પૈસા હાથમાં આવ્યા ! વિદેશી નાણાના બદલામાં સત્તાવાર રીતે વિદેશીઓને જે પૈસા મળે તે સરકારી દુકાનોમાં જ વાપરી શકાય. પણ આ બજારના દુકાનદારોએ એ 'રમવાના' પૈસા (નાનાં હતાં, ને 'મોનોપોલિ' કે એવી કંઈક રમત રમતાં હતાં ત્યારે કેવા ખોટા પૈસા વાપરતાં હતાં!) સ્વીકાર્યા, ને 'રેન્મિન' કહેવાતું ચીની નાણું અમને પાછું પણ આપ્યું.

કેટલીયે જાતનાં બ્રેડ, બિસ્કિટ ને કેકથી ભરેલી દુકાનો. રસ્તા પર વેચાતું કેટલુંક ખાવાનું પણ સરસ ને સ્વાદિષ્ટ દેખાતું હતું. થોડું તો નિરામિપ પણ હશે. આજે તો કાંઈ ચાખ્યું નહીં, પણ પછી કોઈ દિવસે તો ચાખીશ જ. મારી સાથેનાં કેટલાંક જણ તો ઘણું ગભરાય છે. બહારનું, રસ્તા પરનું ખાવાની ક્યાં વાત, એ લોકો તો નળના પાણીથી દાંત પણ સાફ કરતા નથી. ચેપી રોગના વિચારે દાંત માટે ચ્હાનું ગરમ પાણી વાપરે છે! જોકે અમને બધાંને એ સલાહ છે. □

લઘુકથા

લકવાગ્રસ્ત

દુર્ગેશ ઓઝા

હિતેશને 'આવજો' કહેવા પવને હાથ હલાવવાની કોશિશ કરી પણ લકવાગ્રસ્ત હાથ એવી મુદ્રા જન્માવી ન શક્યો. એને વેદના થઈ. દસ-દસ દિવસથી એ અંતરંગ મિત્રે હેતાળ કંપની આપેલી... 'એંશી વરસના વૃદ્ધજનો ફરી સક્ષમ બન્યા હતા. અપંગ રાકેશે દોડમાં ભાગ લઈ પ્રથમ ક્રમ મેળવ્યો હતો...' પુનઃચેતનવંતા બનેલા અનેક લકવાગ્રસ્તોનાં અગણિત દૃષ્ટાંતો આપીને હિતેશે એને આત્મશ્રદ્ધા અને હિંમતનું પ્રેરક ભાથું બંધાવેલું ને એટલે જ તો એની વિદાય હવે વસમી બનેલી, પરંતુ 'સ્વજનો'ને તેથી ક્રૂર આનંદ થઈ રહ્યો હતો. પવનને તે ન સમજાયું. તેઓને આ મિત્ર નહોતો ગમ્યો કેમ કે પવનને તેની સાથે બહુ ફાવતું હતું. પવનની વિવશતા નિહાળીને મિત્ર હિંમત ગુમાવી રડી પડશે ને પવનને પણ વધુ શિથિલ બનાવશે એવી સ્વજનોની ધારણાથી તદ્દન વિપરીત જ બન્યું હતું. પવન સંપૂર્ણ સ્વસ્થ હોય એ રીતે સ્વાભાવિક જ હિતેશ એની સાથે વાતો કરતો... ને પવન ઝૂમી ઊઠ્યો હતો.

અને આ સ્વજનો...! ઓચિંતા ફૂટેલા ફટાકડાની જેમ દઝાડતાં હતાં. વારંવાર પવનને બિચારો કહી એની દયા ખાતાં હતાં. એ લાચારીનો સમ્રાટ હોય એવી નજરથી એને જોતા હતા ને પોતે અનન્ય સેવા કરી રહ્યાંની જાહેરાત કરી રહ્યાં હતાં. મિત્રે બક્ષેલી હૈયાધારણની ભાપાનો એકાદ અંશ પણ આ સગાંસંબંધીઓમાં નહોતો. વારંવાર દાક્તરો બદલાતા હતા... પણ સ્વજનોની વૃત્તિમાં કોઈ 'પરિવર્તન' ડોકાતું નહોતું.

આજે પણ એક નવા દાકતર ઘરમાં પ્રવેશ્યા. તરત જ એમણે પ્રશ્ન કર્યો. 'ક્યાં છે એ લકવાગ્રસ્ત દર્દી ?' સ્વજનોમાંથી કોઈ હજી કંઈ કહેવા જાય એ પહેલાં જ પવને મન મક્કમ કરી, હતું તેટલું સઘળું જોર લગાવીને, સ્વજનો તરફ આંગળી ચીંધી. □

અનુસંધાન] કંકાવટી [પૃ. ૩૩૬ પરથી

સામાન્ય સાબુનું પાણી વાપરવું. ફ્રીઝની ઉપર કોઈ નાના પાત્રમાં ખાવાનો સોડા ખુલ્લો રાખવાથી અંદરની હવા તાજી અને વાસમુક્ત રહેશે.

પાકી કેરીનું રાયતું

પકવ આમ્રફળની આ ઋતુમાં પાકી કેરીનું રાયતું પણ બનાવી શકાય છે. આ માટે ૫૦૦ ગ્રામ જેટલા મોળા દહીંને ઝેરીને તેમાં સામાન્ય કદની બે પાકી કેરીના નાના નાના ચોરસ ટુકડા કરી તેમાં ભેળવી દેવા. રુચિ અનુસાર તેમાં એકાદ ચમચી જીરૂ શેકી તેનો ભૂકો કરીને નાખવું. થોડાં લીલાં મરચાંના ટુકડા અને પ્રમાણસર કોથમીર પણ નાખવી. સ્વાદ અનુસાર તેમાં મીઠું ઉમેરવું. આ રીતે સ્વાદિષ્ટ રાયતું તૈયાર થશે.

ધ્યાનમાં રાખો

ઘરમાં ગૅસનો ઉપયોગ પતી જાય એટલે સિલિન્ડરની ચાવી બંધ કરો, નહિતર તમને અને તમારા પડોશીને જીવલેણ અકસ્માત સર્જાવાની શક્યતા છે. □

॥ કથાસરિત્સાગર ॥

કનુભાઈ જાની

(લં.૩, ત. ૪, શ્લોક ૨૪૦થી)

[વિદૂષકની કથા (ચાલુ)]

(એ વિદ્યાધરીનો) વિદ્યાપ્રપંચ યાદ કરી, વીંટી સામે જોઈ, વિદૂષક ખેદ અને વિસ્મયમાં ડૂબ્યો. જાણે કે સ્વપ્ન ન હોય એવાં એનાં વચનો પર એ વિચાર કરવા લાગ્યો : 'જતાં જતાં એણે મને ઉદયપર્વતે મળવા જણાવેલું. એટલે (હવે) મારે જેમ બને તેમ જલદી એને મેળવવા ત્યાં પહોંચી જવું જોઈએ. લોકો જો મને જોઈ ગયા તો રાજા મને છોડશે નહીં. તેથી કાંઈક યુક્તિ કરવી પડે જેથી મારું કાર્ય પાર પડે.' એવું વિચારીને એ બુદ્ધિમાન વિદૂષકે વળી બીજો વેશ લીધો : (ગાંડાની માફક) 'ઓ ભદ્રે ! ઓ ભદ્રે !' એવી બૂમો પાડતો, ચીંથરેહાલ મેલાંદાટ કપડાં સાથે એ દેવીમંદિરની બહાર નીકળ્યો ! ત્યાં રહેતા લોકોએ એને જોયો કે તરત જ 'વિદૂષક મળ્યો (વિદૂષક મળ્યો)' એવો કોલાહલ ઊઠ્યો. રાજાએ જેવું જાણ્યું કે પોતે જાતે ત્યાં જઈને જોયું. તો, વાત બરોબર હતી. એ દશામાં, ગાંડાની જેમ વર્તતા વિદૂષકને રાજા પોતાને મહેલે ખેંચી ગયો. ત્યાં સ્નેહાકુલ પરિજનો અને પરિચારકો જે જે પૂછે એનો એ તો, બસ, 'ઓ ભદ્રે ! ઓ ભદ્રે !' એ એક જ જવાબ વાળે ! વૈદ્યાદિ શરીરે જે અભ્યંગ કરે એને એ તરત જ ભસ્મમાં લોપડચોપડ કરી નાંખે ! રાજપુત્રી પ્રેમથી પોતાને હાથે ખવરાવવા જાય તો એ બધું નીચે ફેંકીને પગતળે રગદોળે ! પોતાનાં વસ્ત્રો ફાડી નાંખે. ગાંડાની માફક વર્તન કરતાં કરતાં, કશામાં પણ ચિત્ત દીધા વિના, આમ એણે કેટલાક દિવસો પસાર કર્યા. 'આનો તો હવે કોઈ ઇલાજ જ શક્ય નથી. તો પછી, એને આમ હેરાન કરવાનો કોઈ અર્થ ખરો ? આમ ને આમ જો પ્રાણ જશે તો બ્રહ્મહત્યા થશે ! કદાચ એને મન ફાવે તેમ કરવાની છૂટ અપાય તો સમય જતાં સાજો થઈ પણ જાય.' આમ વિચારીને રાજા આદિત્યસેને એને છોડી મૂક્યો.

ફાવે ત્યાં જવાની છૂટ મળતાં બીજે જ દિવસે, આંગળી પર પેલી વીંટી સાથે, વીર વિદૂષકે ભદ્રાને મળવા માટેની વાટ પકડી. પૂર્વ દિશા તરફ ચાલચાલ કરતાં એના માર્ગમાં પૌંડ્રવર્ધન[1] નામે નગર આવ્યું. 'માતા, મારે એક રાત્રિવાસ કરવો છે' કહીને, એક કોઈક બ્રાહ્મણી વૃદ્ધાના ઘરમાં એ પ્રવેશ્યો. આશરો આપી, આતિથ્ય-સત્કાર કરી, થોડીવારે એની પાસે એ ગઈ. અંદરથી દુઃખી થતી હોય એમ બોલી : 'બેટા ! આ ઘર-બાર બધું હું તને આપું છું. તો, તું એનો સ્વીકાર કર. હું હવે જીવી શકું એમ નથી.'

'આવું કેમ બોલો છો, મા ?' એમ સાશ્ચર્ય વિદૂષકના પૂછવાથી, એ કહે : 'સાંભળ, કહું છું.' કહીને, એ ફરીથી કહેવા લાગી :

'દીકરા, આ નગરમાં દેવસેન નામે એક રાજા છે. એને ત્યાં એક પુત્રી જન્મી - જગઆખાની શોભા. 'મને તો એ બહુ મુશ્કેલીથી મળી છે' એમ વિચારીને એ અતિવત્સલ રાજાએ નામ પાડ્યું દુઃખલબ્ધા. કાળ જતાં કુંવરી યુવાન વયની થતાં, રાજાએ કચ્છ પ્રદેશના રાજાને પોતાને ત્યાં બોલાવીને એ કુંવરી એને આપી. એ કચ્છપેશ્વર એ રાત્રે જેવો વધૂના વાસગૃહમાં પ્રવેશ્યો એવો જ - એ જ રાત્રે - મૃત્યુ પામ્યો ! એથી દુઃખી થયેલ રાજાએ ફરી પોતાની કન્યા બીજા રાજાને આપી; તો, એની પણ પહેલા જેવી જ દશા થઈ. પછી તો આવા ભયના માર્યા કોઈ રાજા એને સ્વીકારવા તૈયાર નહોતા. એટલે, રાજાએ પોતાના સેનાપતિને આદેશ આપ્યો : 'હવે તમે રાજ્યમાંના દરેક ઘરમાંથી રોજેરોજ ક્રમેક્રમે એકએક પુત્ર અહીં મોકલો; જે એકને રોજ અહીં લાવવામાં આવે એ કાં તો બ્રાહ્મણ હોય અથવા ક્ષત્રિય. એને અહીં લાવીને એને મારી પુત્રીના આવાસમાં પ્રવેશ કરાવો. આપણે જોવું છે : ક્યાં સુધી કેટલાના જીવ આમ જાય છે ? જે એમાંથી બચશે તે મારી પુત્રીનો પતિ થશે. વિધિની વિધિ તો અદ્‌ભુત છે ! એની ગતિને કોણ રૂંધી શકે છે ?' રાજાનો આવો આદેશ હોવાથી, ક્રમાનુસાર એકએક ઘરમાંથી એકએક યુવાનને સેનાપતિ લાવે છે ને અહીં લવાયેલા આવા સેંકડો યુવાનો અહીં નાશ પામ્યા છે. મારે એકનો એક પુત્ર છે. મેં કંઈક પાપ કર્યાં હશે તે હવે એનો વારો આવ્યો છે. આજે એ મરવા જશે, ને કાલે એને અભાવે સવારે હું અગ્નિપ્રવેશ કરીશ. તારા જેવા ગુણવાનને, સ્વહસ્તે જ, મારે જીવતેજીવત, આ ઘર વગેરે આપતી જાઉં જેથી ફરીથી (આવતે જન્મે) દુઃખભાગિની (જેના કર્મે દુઃખ જ લખાયાં હોય એવી) ન થાઉં.' એ વૃદ્ધાએ આમ કહ્યું ત્યારે એ ધીર વિદૂષક કહે, 'જો આવી જ વાત હોય તો, માડી, તમે હવે જરાય વલોપાત ના કરશો. તમારો એકનો એક પુત્ર જીવતો રહેશે. હું જ આજે ત્યાં જઈશ. 'આવું તે હોય ? આને હું મરવા દઉં ?' એવી મારી દયા પણ ન ખાશો. મારે એવી સિદ્ધિ હોવાથી ત્યાં જવામાં મારે તો કોઈ ભય નથી.' વિદૂષકે આમ જણાવ્યું ત્યારે બ્રાહ્મણી કહે, 'ત્યારે તો મારા જ કોઈ પુણ્ય કે તું અહીં મારે ત્યાં, કોઈ દૈવ જ આવ્યો છે ! તો, (ભલે), મારા પુત્રને પ્રાણદાન દો ને તમારા આત્માનું કલ્યાણ કરો.'

આમ એની અનુમતિ મળતાં, રાત્રે સેનાપતિએ મોકલેલા એક ચાકરની સાથે એ રાજપુત્રીને નિવાસે પહોંચ્યો. ત્યાં એણે રાજપુત્રી દીઠી : યૌવનમદથી છલકતી, વણચૂંટ્યાં પુષ્પોનાં ઝૂમખાંને ભારે ઢળી પડેલી જાણે કોઈ લતા ! રાત પડી. રાજપુત્રી શયનગૃહે ગઈ. સ્મરણમાત્રથી આવી-મળેલું આગ્નેય ખડ્ગ

હાથમાં ઝાલીને, ત્યાં બરાબર સજગ થઈને, વિદૂષક પણ વાસગૃહે ઊભો છે. વિચારે છે : 'આજ જોઉં તો ખરો કે કોણ અહીં આવીને નરહત્યા આચરે છે.'

લોક-બધું ઊંઘે છે. ત્યારે પડખેનું એક બારણું ખસેડીને મહીં આવતો એક રાક્ષસ એણે જોયો; રાક્ષસે બારણા-બહાર જ ઊભાં રહીને, આવાસની અંદર, સેંકડો નરોનો યમદંડ બની ચૂકેલો એનો એક હાથ પ્રસાર્યો; એવો જ ક્રોધથી ધસી આવીને વિદૂષકે ખડ્ગના એક ઝાટકે એના એ બાહુને ઉડાવી દીધો. છિન્નબાહુ થઈ ગયેલ એ નિશાચર, કોઈ પોતાનાથી વધારે મોટા બળનો ભય લાગવાથી, તરત જ ત્યાંથી પલાયન થઈ ગયો. ચમકીને રાજપુત્રીએ જોયું તો રાક્ષસનો હાથ ત્યાં પડ્યો હતો. ડરી, ભય પામી, હર્ષિત થઈ, વિસ્મિત પામી. પ્રાતઃકાળે રાજા દેવસેને ત્યાં, પોતાની પુત્રીના અન્તઃપુરને દ્વારે, કપાયેલો છૂટો હાથ પડેલો જોયો. જાણે કે 'હવે પછીથી અહીં કોઈ અન્ય નરનો પ્રવેશ થઈ શકશે નહીં' કહીને જાણે એ (હાથરૂપી) એક મોટી ભોગળ ભીડી દીધી હતી ! પછી તો રાજાએ પણ આનંદથી એ દિવ્ય પ્રભાવશાળી વિદૂષકને પોતાની પુત્રી અને પછીથી ઘણીબધી સમ્પત્તિ પણ આપી. પછી તો, એ મૂર્તિમતી સમ્પદા સાથે, પોતાની પ્રિયતમા સાથે, વિદૂષકે પણ કેટલાક દિવસો ગાળ્યા. પછી એક દિવસ, એ રાજપુત્રીને સૂતેલી જ છોડીને, રાત્રે વિદૂષકે (પાછો) ભદ્રાનો રસ્તો લીધો. રાજપુત્રી સવારે જાગી, એ પાછો આવશે જ એવી આશા આપતાં, આશ્વાસન પામી.

વિદૂષક પણ રાતદિવસ ચાલતાં ચાલતાં કાળક્રમે, પૂર્વસાગર પાસેની એક તામ્રલિપ્તિકા નામે નગરીએ પહોંચ્યો. ત્યાં વળી એણે એક વણિકનો સંગાથ કર્યો. નામ હતું સ્કંદદાસ. એને સાગરપાર જવું હતું. એનું વહાણ ધનસમૃદ્ધિથી લદાયેલું હતું. એ યાને ચડીને વિદૂષકે સમુદ્રમાર્ગે પ્રસ્થાન કર્યું. જ્યાં એ યાન સમુદ્રમધ્યે પહોંચ્યું કે જાણે કશાકમાં ફસાઈ ગયું ન હોય એમ એકાએક સ્થિર થઈ જકડાઈ ગયું ! રત્નોથી સાગરની પ્રાર્થના-અર્ચના કરી, છતાં જ્યારે એ ચસક્યું યે નહીં ત્યારે એ વણિક સ્કંદદાસે આ પ્રમાણે જાહેર કર્યું : 'જે કોઈ મારા ફસાઈ ગયેલા આ પ્રવહણને મુક્ત કરશે એને હું મારા ધનનો અડધો ભાગ અને મારી પુત્રી આપીશ.' આ સાંભળીને, એ વીરવૃત્તિવાળો વિદૂષક બોલી ઊઠ્યો : 'હમણાં હું આ મોજાંઓવાળા સાગરજળમાં ઊંડે ઊતરીને, તમારા આ ફસાયેલા વહાણને તો ક્ષણોમાં મુક્ત કરી મૂકું, પણ તમારે મને, અવલંબનરૂપ રાંઢવાથી બરાબર બાંધીને અંદર ઉતારવો અને જેવું વહાણ છૂટું થાય કે તરત જ મને પાણીમાંથી બહાર પેલા દોરડા વડે ઉપર ખેંચી લેવો.' વણિકે તો આ શરતને સાનંદ વધાવી લીધી. ખલાસીઓએ એના ખભા નીચે કસકસાવીને દોરડાં બરાબર બાંધ્યાં. એમ બંધાયો કે તરત જ વિદૂષકે સાગરમાં ઝંપલાવ્યું. અવસર આવ્યે ના કદી પાછો પડતો વીર ! યાદ કરતાં જ આવી મળેલ આગ્નેય ખડ્ગ લીધું હાથમાં ને પ્રવહણને તળિયે, પાણી કાપતોકને, એ ઊતરી પડ્યો. જ્યાં ત્યાં પહોંચ્યો કે એણે એક મહાકાય રાક્ષસને ઘોરતો પડેલો જોયો. એની જાંગથી વહાણને ફસાઈ ગયેલું જોયું. એવું જ, તત્ક્ષણ એણે ખડ્ગથી એ જંઘાને છેદી નાંખી ! કે તરત જ વહાણ છૂટું થઈ, ચાલવા લાગ્યું.

એ જોતાં જ, પેલા પાપી વણિકે, લોભના માર્યા, વિદૂષકને શરીરે બંધાયેલાં દોરડાં કાપી નાંખ્યાં ! અને જાણે પોતે મુક્ત થયો વચનથી, ને વહાણ પણ હવે મુક્ત ! અહીં લોભનો પાર નહોતો, તો, સાગરે જલનો પાર નહોતો; પણ હવે વણિક તો ઝટપટ એ બધાંને પાર કરી, સામે કિનારે પહોંચી ગયો !

(આ તરફ) વિદૂષક પણ, સાગરનાં જળની બરાબર મધ્યે જ અવલંબનરૂપ દોરડાં કપાતાં, તરીને જરા પાણી ઉપર આવીને, પરિસ્થિતિ વિષે વિચારવા લાગ્યો : 'અરે ! આ વણિકે તે શું કર્યું ?' અથવા સાચું જ કહેવાયું છે કે 'ધનલોભી જે અંધ તે, ના ગણતા ઉપકાર ! એ હોય જ કૃતઘ્ની. ખેર ! આ સમો તો હવે મારે માટે સારી પેઠે સ્વસ્થ રહેવાનો છે. હિંમત હારીએ તો નાનીઅમથી આપત્તિયે પાર ન કરી શકીએ.' આમ વિચારીને, એણે તો તત્કાળ, પેલાં જળ નીચે સૂતેલા રાક્ષસનો જે પગ એણે જાંઘમાંથી કાપેલો તેનો સહારો લીધો. જો નૌકા હોય એમ એને સહારે એ, પાણીમાંથી હાથ વીંઝતો વીંગતો, સાગર તરી ગયો!

શૂરને તો મળી રહેતો સહારો દૈવનો સદા ! રામાર્થે મારુતિની જેમ અંભોધિ તરી જનાર એ બલવન્ત વિદૂષકે આકાશવાણીએ સંબોધ્યો : 'વાહ ! વિદૂષક ! શાબાશ ! તું ખરો વીર છો. તારા વિના બીજો છે કોણ ? તારી વીરતા પર હું પ્રસન્ન છું. માટે સાંભળ : 'હાલ તો તું આ સાવ ઉજ્જડ ભૂમિમાં[૩] છું પણ અહીંથી સાત દિવસમાં તું પહોંચીશ કર્કોટક નામે નગરમાં. ત્યાં પહોંચીને તો તને વળી વધુ હિંમત મળશે, ને તું શીઘ્ર તારા મનમાન્યા સ્થળે પહોંચીશ. પૂર્વે તેં મને આરાધેલો છે; હું હવ્યકવ્યો[૪] ખાનાર (અગ્નિ). મારું વરદાન છે. તને નહિ લાગે ભૂખ, નહિ લાગે તરસ. હિંમતથી આગળ વધ, ને ફત્તેહ કર !' આટલું કહીને વાણી વિરમી. આ સાંભળીને વિદૂષકે આનંદ પામી, અગ્નિને પ્રણામ કર્યાં.

ચાલવા માંડ્યું. સાતમે દિવસે કાર્કોટકનગરે પહોંચ્યો. ત્યાં એક મઠ હતો. એમાં ભિન્નભિન્ન દેશના અતિથિપ્રિય બ્રાહ્મણો હતા; એમાં એ પ્રવેશ્યો. એ મઠ ત્યાંના રાજા આર્યવર્માએ બનાવડાવ્યો હતો. સાથે જ હતાં, જોતાં જ હૈયું ઠરે એવાં આખેઆખાં સોને મઢ્યાં દેવમંદિરો. સૌ બ્રાહ્મણોએ આ અતિથિનો સારો સત્કાર કર્યો. એમાંના એકે એને એના નિવાસસ્થાને લઈ

જઈ, ત્યાં સ્નાન, ભોજન અને વસ્ત્ર વગેરે આપ્યાં. એ મઠમાં જ હતો એ દરમ્યાન સાંજે નગરમાં નગારા સાથે થતી ઉદ્‌ઘોષણા વિદૂષકના કાને પડી : 'જે કોઈ બ્રાહ્મણ કે ક્ષત્રિય કાલે સવારે રાજાની કુંવરી પરણવા ઇચ્છતો હોય તેણે આજે રાત્રે કુંવરીના આવાસમાં રાત ગાળવી...!' સાંભળ્યું કે તરત જ શંકા ગઈ કે આમ કરવામાં જરૂર કાંઈક ભેદ હશે જ. પણ એ તો હતો જ સાહસપ્રિય. રાજસુતાને આવાસે જવાનું તત્ક્ષણ નક્કી કર્યું. ત્યારે મઠના વિપ્રોએ વાર્યો : 'બ્રહ્મદેવ ! આવું સાહસ કરો મા ! એ કાંઈ રાજસુતાસદન નથી, મોતનું ખુલ્લું મુખ છે ! જે કોઈ રાત્રે એમાં પ્રવેશે છે તે પછી જીવતા જ નથી. કંઈ કેટલાય સાહસિકો મહીં ગયા ને નાશ પામ્યા.' આમ વારવામાં આવ્યો છતાં વિદૂષકે એ કોઈ વિપ્રવચનો ગણકાર્યાં નહિ.

વિદૂષક તો રાજાના ચાકરોની જોડે પહોંચ્યો રાજાને મહેલે. ત્યાં એને જોતાં જ, રાજા આર્યવર્માએ જાતે એને આવકાર આપ્યો. રાત્રે એ કુંવરીના આવાસમાં પ્રવેશ્યો, જાણે સૂર્ય પેઠો અગ્નિમાં ! એણે રાજકન્યા જોઈ. આકૃતિથી જ ગમી જાય એવી, દુઃખ ને નિરાશાથી કરમાયેલી, આંસુભરી આંખે એને તાકી રહેલી ! હાથમાં, સ્મરણમાત્રથી જ મળેલું ખુલ્લું આગ્નેય ખડ્ગ રાખીને, ચોપાસ બરાબર નજર રાખતો એ રાતે બરાબર જાગતો બેઠો. ત્યાં એકાએક દ્વારે દેખાયો એક મહાઘોર રાક્ષસ. એનો જમણો હાથ કપાયેલો હતો, એટલે બીજો એણે પ્રસાર્યો. એને જોતાં જ વિદૂષકને વિચાર આવ્યો : 'અરે ! આ તો એ જ પેલો નિશાચર જેનો એક હાથ મેં જ ઉડાવી દીધો છે પૌંડ્રવર્ધનનગરમાં ! એટલે હવે ફરીથી મારે એના બીજા હાથ પર પ્રહાર ન કરવો, નહિ તો વળી એ પૂર્વવત્ પલાયન થઈ જશે; બહેતર છે હવે એને હું પૂરો જ કરું.' એવું વિચારીને, એકદમ ધસી જઈને, એને કેશેથી ખેંચી, જેવો વિદૂષક એ રાક્ષસનો શિરચ્છેદ કરવા જાય છે ત્યાં એ રાક્ષસ ભયભીત થઈને કરગરી ઊઠ્યો : 'મારો વધ ના કરો ! તમે વીર છો ! મારા પર કૃપા કરો.' 'તું છો કોણ ? ને અહીં તારું કામ છે શું ?' એને છોડી દીધા પછી એ વીરે પૂછ્યું, ત્યારે રાક્ષસ ફરી કહે, 'મારું નામ યમદંષ્ટ્ર. આ બે મારી દીકરીઓ - એક આ, ને બીજી પેલી પૌંડ્રવર્ધનમાં છે એ. મને ભગવાન શિવજીએ આજ્ઞા કરી કે, તારી આ બેય રાજપુત્રીઓને કોઈ કાયર પુરુષનો સંગ ન થાય એમ રક્ષજો. હવે, એમાં પહેલાં પૌંડ્રવર્ધનમાં મારો હાથ કપાયો, અને અહીં વળી તેં મને હરાવ્યો. એટલે મારું કામ થયું પૂરું.' આ સાંભળીને વિદૂષકે હસીને પ્રત્યુત્તર વાળ્યો : 'ત્યાં પૌંડ્રવર્ધનમાં પણ મેં જ તારો હાથ ઉડાવી દીધો છે !' ત્યારે રાક્ષસ કહે, 'તો તો તમે કોઈ દેવાંશી છો, માનવ નથી. ત્યારે તો, હું માનું છું કે, શિવજીએ આવી આજ્ઞાનો અનુગ્રહ મારા પર કર્યો તે પણ તમારે માટે જ ! એટલે, હવેથી તમે મારા સુહૃદય. તમે યાદ કરશો કે હું હાજર થઈશ, તમને મુશ્કેલીમાંથી પાર કરાવીશ.' આમ રાક્ષસે વિદૂષકને પોતાના મિત્ર તરીકે પસંદ કર્યો, ને વિદૂષકે એનો સાનંદ સ્વીકાર કર્યો. પછી યમદંષ્ટ્ર અલોપ થઈ ગયો. વિદૂષક એના આ પરાક્રમ બદલ અભિનંદન અને આનંદ પામ્યો; રાજપુત્રી એનાથી પ્રસન્ન થઈ. એના આ પરાક્રમથી આનંદ પામેલ રાજપુત્રી પાસેથી અભિનંદન મેળવીને, પ્રસન્ન થયેલા વિદૂષકે એ રાત ત્યાં જ વીતાવી. સવારે, સમગ્ર વૃત્તાંત જાણીને આનંદ પામેલ રાજાએ, સમૃદ્ધિની સાથોસાથ એના શૌર્યની જાણે પતાકા હોય એવી એ કન્યા પણ એને અર્પી. એના ગુણથી[૭] બંધાઈને, એના વિના એક ડગલું ય ન માંડતી જાણે લક્ષ્મી ન હોય એવી એ રાજપુત્રી સાથે ત્યાં જ એણે કેટલીક રાતો પસાર કરી. પણ એક રાત્રે પોતાની મેળે જ એ પ્રિયોત્સુક વિદૂષક નીકળી પડ્યો. જેણે એક વાર દિવ્ય રસ ચાખ્યો હોય એ પછી અન્ય રસે કેમ રાજી રહે ?[૮]

જેવું નગર ગયું કે એણે રાક્ષસને યાદ કર્યો. સ્મર્યો કે તત્ક્ષણ હાજર. નમન કરીને ઊભો. 'મિત્ર ! મારે ઉદયગિરિ પરના સિદ્ધક્ષેત્રે જવું છે, ભદ્રા નામે વિદ્યાધરીને પામવા. માટે તું મને ત્યાં લઈ ચાલ.' રાક્ષસ કહે, 'ભલે' એને એણે પોતાને ખભે બેસાડ્યો ને એ રાત્રે એ કઠિન પ્રદેશમાં સાઠ યોજન કાપ્યા. સવારે કોઈ માનવીથી પાર ન કરી શકાય એવી શીતોદા નદી પણ બન્ને તરી ગયા અને આસાનીથી ઉદયાદ્રિની પાસે પહોંચી ગયા. 'લો, આ તમારી સામે છે એ શ્રીમાન ઉદયગિરિ નામે પર્વત. એ સિદ્ધોનું ધામ હોવાથી એમાં મારે પ્રવેશ ન કરાય.' એમ કહીને, એની રજા લઈ, રાક્ષસ અન્તર્ધાન થઈ ગયો.

ત્યાં વિદૂષકે જોઈ એક સુંદર દીર્ઘિકા (વાવ).[૯] ખીલેલાં કમળથી શોભતે મુખે, ફરતા ભ્રમરોના ગુંજારથી જાણે એ વાવ એને કહેતી હતી : 'સ્વાગતમ્ !' અને એને તીરે એ બેઠો. અહીં એણે દૂર દૂર સુધી જતી સ્ત્રીઓની પદપંક્તિઓ જોઈ, જાણે એ કહી રહી હતી, 'આ જ છે તારો પ્રિયમિલનનો માર્ગ.' 'પણ મર્ત્યો માટે તો આ પર્વત ઓળંગવાની મનાઈ છે ! એટલે મારે તો થોડો કાળ અહીં રહેવું જ હિતાવહ છે; જોઉં, અહીં આ પદપંક્તિઓ કોની છે.' આમ એ મનોમન વિચારતો હતો ત્યાં તો, ત્યાં પાણી ભરવા આવી ઘણીબધી પનિહારીઓ - અતિ સુંદર, હાથમાં સોનાના ઘડા ! ઘડા ભરાયા એટલે એણે યુવતિઓને[૧૦] સ્નેહસહજ મૃદુતાથી પૂછ્યું : 'આ પાણી આપ કોને માટે ભરી જાવ છો ?' 'ભદ્ર ! આ પર્વત પર એક ભદ્રા નામે વિદ્યાધરી છે. આ એનું સ્નાનોદક (ન્હાવાનું પાણી) છે.' એમ એ સુંદરીઓએ એને કહ્યું : 'વાહ ! વિધાતા પણ, જેણે મોટા સાહસો ઉપાડ્યા હોય છે એવા વીરો પર તો એવી વારી જાય છે કે એમનાં કાર્યો ફળે એવી ઉપયોગી સામગ્રી (ન હોય ત્યાંથી) પૂરી પાડે છે ! જુઓ,

એમનામાંની એક સ્ત્રી સહસા એને કહે : 'મહાશય ! આ ઘડો મારે ખભે જરા ચડાવરાવો તો !' 'ભલે' કહીને, એને ખભે ઘડો ચડાવતાં ચડાવતાં એ બુદ્ધિમાને, ભદ્રાએ અગાઉ એને આપેલી તે રત્નની વીંટી[૯] મહીં સેરવી દીધી ! પછી પાછો એ વાવને કાંઠે (પોરો ખાતો) બેઠો.

પેલી સ્ત્રીઓ પાણી લઈને ભદ્રાને ત્યાં પહોંચી. ભદ્રાને નવરાવતાં પાણી રેડતી હતી ત્યાં એના ખોળામાં પડી પેલી વીંટી ! એને જોતાં જ ઓળખી લેતાં ભદ્રાએ એ સખીઓને પૂછ્યું : 'અહીં તમે કોઈ અજાણ્યા નરને આવેલો જોયો છે કે ?' તો સખીઓએ એને જવાબ આપ્યો : 'હા રે ! અમે એક યુવાનને જોયો છે. એ માનવ, એ રહ્યો વાવને કાંઠે. આ ઘડો એણે જ ચડાવડાવ્યો.' ત્યારે ભદ્રા કહે, 'જલદી ત્યાં જઈ, એને સ્નાનાદિથી સજ્જ કરીને અહીં લઈ આવો. એ તો છે મારા પતિ. અહીં હેમખેમ આવી પહોંચ્યા છે.'

ભદ્રાએ આમ કહ્યું, એટલે ભદ્રાની સખીઓ ત્યાં ગઈ. વિદૂષકને બધો ખ્યાલ આપી, સ્નાનાદિથી પરવારેલા વિદૂષકને ત્યાં લઈ આવી. એની રાહ જોઈને બેઠેલી ભદ્રાને એણે એ પ્રભાતે લાંબા કાળ પછી ત્યાં જોઈ, જાણે એના પરાક્રમવૃક્ષનું સાક્ષાત્ મિષ્ઠ પક્વફળ ! એને જોતાં જ એ પણ ઊભી થઈ ગઈ. હર્ષાશ્રુબિન્દુઓનો જાણે અર્ઘ્ય આપી રહી. કંઠે ભુજલતારૂપી હાર ! લાંબા સમયથી એકઠો થયેલ સ્નેહ પરસ્પરના દૃઢ આલિંગને પ્રસ્વેદરૂપે પ્રગટ્યો. પછી બન્ને બેઠાં; તો, પરસ્પરને જાણે ધરાતાં જ ન હોય એમ એવાં એકીટસે જોઈ રહ્યાં કે જાણે શતગણી થઈ ગયેલ (પ્રણયની) અભિલાષાને એ રીતે પાછી દૂર ઠેલતાં ન હોય ![૧૦]

'તમે અહીં - આ પ્રદેશ સુધી પહોંચ્યા શી રીતે ?' એમ ભદ્રાએ પૂછ્યું, ત્યારે વિદૂષકે આવો જવાબ વાળ્યો : 'અનેકવિધ જોખમોને પાર કરતો કરતો અહીં પહોંચી શક્યો તે તો, સુંદરી, તારા સ્નેહના આલંબને જ ! બીજું શું કહું ?' આ સાંભળીને, જાનનીયે પરવા ન કરતો એનો પ્રેમ જોઈને, જેનો પોતાનો પ્રેમ પણ પરાકોટિએ પહોંચ્યો છે તેવી ભદ્રા વિદૂષકને કહે, 'આર્યપુત્ર ! મારે સખીઓનું યે કામ નથી. તમે જ છો મારો પ્રાણ ! તમારા ગુણોથી ખરીદાયેલી તમારી દાસી છું, સ્વામી !' ત્યારે વિદૂષક કહે, 'તે પછી, પ્રિયે ! છોડ આ બધા (અહીંના) દિવ્ય ભોગવિલાસ; ને, ચાલ, મારી સાથે વસવા ઉજ્જયિની !' 'ભલે' ભદ્રાએ તરત જ વાત સ્વીકારી લીધી. ને, બધું તૃણવત્ ગણીને ત્યાગ્યું. એના એ સંકલ્પની સાથે જ એની વિદ્યા પણ અલોપ થઈ ગઈ !

એની સખી યોગીશ્વરીના આગ્રહે એ રાત તો વિદૂષકે ભદ્રાની સાથે ત્યાં જ વિશ્રામમાં ગાળી. સવાર થતાં જ ભદ્રાની સાથે ઉદયાદ્રિ ઊતરીને, યમદંષ્ટ્ર રાક્ષસનું ફરી સ્મરણ કર્યું. સ્મરણમાત્રથી ઉપસ્થિત થઈ ગયેલા રાક્ષસને, પોતાને ક્યાં ક્યાં કેવી રીતે જવું છે તે બધું સમજાવ્યું; ને પહેલાં ભદ્રાને એને ખભે ચડાવી દઈ, પછી પોતે ચઢ્યો. આવા બીકાળવા રાક્ષસની ઉપર બેસવાનું યે ભદ્રાએ સહન કરી લીધું !

પ્રેમાધારે જ જીવે જે યુવતી તે શું ના કરે ?[૧૧] પછી તો રાક્ષસ પર આરૂઢ થયેલો વિદૂષક પોતાની પ્રિયસખી સાથે પાછો કાર્કોટકનગરમાં પહોંચ્યો. રાક્ષસને જોતાં જ લોક બીન્યું; પણ એ તો રાજા આર્યવર્માને મળ્યો, ને પોતાની પત્ની એની પાસેથી માગી લીધી. એણે એને પોતાની પુત્રી, જેને વિદૂષકે બાહુબલથી જ પ્રાપ્ત કરી હતી તે સોંપી. એની સાથે પાછો રાક્ષસારૂઢ થઈને એ નગરમાંથી એ રીતે જ નીકળી પડ્યો.

આગળ જતાં દરિયાકાંઠે, મધદરિયે ઉતારીને એનાં દોરડાં કાપી નાંખનાર લુચ્ચો વણિક મળ્યો. એ વણિકના તો સઘળા ધનની સાથે જ, વહાણને મુક્ત કરવાની શરતરૂપે જેને જીતી હતી તે કન્યા પણ એણે પડાવી. આવા દગાખોરનું બધું ધન (હરવું) એ મારવા બરોબર જ છે એમ એણે માન્યું, કારણ કે કંજૂસને મન ધનના ઢગલા એમના પ્રાણોથીયે અધિક હોય છે !

પછી એ વણિકસુતાને લઈને, ભદ્રા અને રાજપુત્રીની સાથે પાછો રાક્ષસરથે આરૂઢ થઈ, આકાશે ઊડ્યો. અને એ હવાઈ માર્ગેથી એણે એની પ્રિયાઓને બતાવ્યો એણે પાર કરેલો સાગર - જાણે એના પૌરુષનો શક્તિસભર જળઘૂઘવાટ.[૧૨]

આમ, વળી એ પહોંચ્યો પૌંડ્રવર્ધનનગરે. સૌ નગરજનો એક રાક્ષસને આમ વાહનરૂપ બનેલો સાશ્ચર્ય જોઈ રહ્યા. ત્યાં એ, રાક્ષસને હરાવીને જીતેલી દેવસેનની દુહિતા, લાંબા સમયથી એની પ્રતીક્ષા કરી રહેલી એની ભાર્યાને પ્રેમથી મળ્યો. એના પિતાએ એને રોકાઈ જવાનો આગ્રહ કર્યો છતાં, હવે વતનમાં પહોંચવા એ ઉત્સુક હતો. એટલે દેવસેનની પુત્રીને પણ સાથે લઈને એ ઉજ્જયિની તરફ પાછો ઊપડ્યો. અને રાક્ષસનો યોગ હતો એ કારણે (એની ઝડપને કારણે) બહુ ઓછા સમયમાં જ એ ત્યાં પહોંચી ગયો - આત્મીય દેશનાં દર્શનનો સંતોષ બહાર જાણે મૂર્તિમંત (નજર સામે જ) હતો ![૧૩] ત્યાં લોકોએ પેલા મહાકાય રાક્ષસ પર બેઠેલા વિદૂષકને જોયો; એ રાક્ષસના વિશાળ ખભા પર બેઠેલી એની વધૂઓની શોભાને કારણે તો રાક્ષસ વધુ પ્રભાવશાળી લાગતો હતો; એ જાણે પૂર્વાદ્રિશિખરે ઊગતો ચન્દ્ર અને વધૂઓ જાણે શિખરે ઝગતી ઔષધિઓ ! વિસ્મય સાથે લોકોના ભયનો પણ પાર નહોતો.

એના શ્વશુર રાજા આદિત્યસેને જાણ્યું કે તરત એ નગરબહાર આવ્યો. એને જોતાં જ તત્ક્ષણ વિદૂષક રાક્ષસ પરથી હેઠો ઊતર્યો અને પ્રણામ કરતોક એની પાસે પહોંચ્યો. રાજાએ પણ એને અભિનન્દ્યો. પછી વિદૂષકે એની બધી જ ભાર્યાઓને રાક્ષસના

ખભેથી ઉતરાવી અને રાક્ષસને જ્યાં જવું હોય ત્યાં જવા માટે મુક્ત કર્યો. રાક્ષસ ગયો. પછી પોતાની પત્નીઓને લઈને, શ્વશુરની સાથોસાથ, એ પણ રાજમહેલે પ્રવેશ્યો.

ત્યાં પહોંચીને તરત જ, લાંબા સમયથી એના વિરહમાં ઝૂરતી એ રાજાની પુત્રીને, એની પ્રથમ પત્નીને આનંદ આપ્યો. 'તેં આ બધી પત્નીઓ ક્યાંથી મેળવી ? આ રાક્ષસ વળી કોણ છે ?' એમ રાજાએ પૂછ્યું, ત્યારે વિદૂષકે બધી વાત માંડીને કહી. એટલે, એનો પ્રભાવ જોઈને રાજી થયેલ રાજાએ પોતાના જામાતાને, યથાયોગ્ય કાર્ય સમજીને, અડધું રાજ્ય પણ આપ્યું. જે એક વિપ્ર હતો તે વિદૂષક એ ક્ષણથી જ, માથે ઊંચું શ્વેત છત્ર અને બન્ને બાજુ ચામર ઢોળાતાં હોય એવો રાજા થઈ ગયો. અને ત્યારે મંગલ શહનાઈ-નોબત જેવાં (આતોદ્ય) વાદ્યો ને ગીતો વગેરેના નિનાદોથી ભરીભરી ઉજ્જયિનીનગરી જાણે આનંદોત્સવની કિલકારીઓ કરતી રાજીરાજી થઈ ઊઠી. આમ રાજવૈભવ મેળવીને, સૌ રાજવીઓ પાયે પડતા હોય એમ અખિલ પૃથ્વી ક્રમેક્રમે જીતીને, પરસ્પર ઈર્ષ્યામુક્ત અન્ય રાણીઓ સહિત પોતાની પ્રિયા ભદ્રા સાથે, લાંબો સમય એણે સુખમાં વીતાવ્યો.

આમ, દૈવ અનુકૂળ હોય ત્યારે તો વીર પોતાના આત્મબળ પર જ નિર્ભર હોય. એ જ લક્ષ્મીને આપોઆપ ખેંચી લાવનાર, પરમાનંદનો સિદ્ધિપ્રદ મહામંત્ર છે. આ વત્સરાજમુખે આવી આશ્ચર્યમયી, અદ્ભુત પ્રસંગોવાલી કથા[10] સાંભળીને, પાસે બેઠેલા મંત્રીઓ એની બે પત્નીઓ (વાસવદત્તા અને પદ્માવતી) સહિત સૌ ખૂબ પ્રસન્ન થયાં.

ઇતિ
મહાકવિ સોમદેવ ભટ્ટ-વિરચિત
કથાસરિત્સાગરના લાવાણક નામે લંબકનો ચોથો તરંગ.

(ક્રમશઃ)

પાદટીપ

૧. પૌંડ્રવર્ધન તે હાલનું પબના એમ કનિંગહામે બતાવ્યાનું પૅન્ઝર નોંધે છે. (II 69)

૨. 'રામાર્થે'માં અહીં શ્લેષ છે : 'રામને અર્થે' અને 'રામાને અર્થે.'

૩. મૂળમાં છે 'નગ્નવિપયમ્ ઈમમ્'. હિન્દી ભાષાન્તરકારે 'ઈસ સમય તુમ નગ્નદેશમેં આયે હો' એમ કર્યું છે; જ્યારે ટૉનીએ 'Thou hast reached a desolate coast here' એમ કર્યું છે. તે સાચું ને સારું છે. ઉજ્જડ દરિયાકાંઠે વિદૂષક તરીને આવ્યો છે. આપ્ટે વગેરેમાં 'નગ્ન'નો 'uncultivated' 'desolate' એવો અર્થ પણ છે.

૪. 'હવ્યકવ્ય' દેવોને અર્પાતો હવિ, ઘી વગેરેનો તે 'હવ્ય'; અને પ્રેતાદિને અર્પાતો તે 'કવ્ય'.

૫. અહીં શ્લેષ છે. 'ગુણ'નો બીજો અર્થ 'દોરડું' પણ થાય.

૬. આ તો જેનાં હમણાં જ ભરપટ્ટે વખાણ કર્યાં તે રાજપુત્રી માટે ટીકારૂપ વિધાન ગણાય ! પણ ભ્રમરવૃત્તિ / ભ્રમણવૃત્તિની આવી વાતમાં ભ્રમરનો પક્ષ તો વાર્તાકારે લેવો જ રહ્યો ! નહિ તો કથા અટકી પડે ! આજને ધોરણે આ કઠે. પણ 'લાભ' શબ્દ આપણે કેવો સ્વીકારી લીધો છે ! અલબત્ત, મૂળ અર્થ ફેરવી નાંખ્યો ! મૂળ અર્થ પ્રમાણે તો 'પરાક્રમથી જીતેલી કન્યા' ! નાયક નીકળે, ને પરાક્રમો કરતો જાય ને કન્યાઓ વરતો જાય - એવા એકએક પરાક્રમે એકએક 'લાભ' !

૭. ટૉની મહાશયને 'દીર્ઘિકા' એટલે 'વાવ' એવું ક્યાંથી સૂઝે ? એમના દેશમાં વાવ કેવી ? એટલે 'તળાવ' ('લેઈક') ભાષાન્તર કર્યું. 'વાવ' માટે કેવો યોગ્ય-સુંદર શબ્દ છે 'દીર્ઘિકા' ?! એ લાંબી હોય. અહીં આ શબ્દ સોમદેવના સમયનો માનીએ તોય વાવની પ્રથા દસમી સદી જેટલી જૂની ઠરે. ત્યાર પછીના, 'વસન્તવિલાસ' આદિ આપણા મધ્યકાળના સાહિત્યમાં તો છે જ. પણ દસમી સદી પહેલાં એ કેટલી જૂની હશે ? મેઘદૂતમાં એક જ પંક્તિમાં ચિત્ર છે : 'વાપી ચાસ્મિન્ મરકતશિલાબદ્ધસોપાનમાર્ગા' ! એમાંની સોપાનશ્રેણી મરકતશિલાબદ્ધ છે. વાવ રમ્ય જ હોય. અંગ્રેજીમાં કહે છે step-well.

૮. 'યુવતી', 'રમણી', 'લલના' વગેરે શબ્દોની માફક 'યોષિતા' શબ્દ કેમ પ્રચલિત નહિ થયો હોય ?

૯. શકુન્તલાની ઓળખ પણ આમ વીંટીથી. સીતા પાસે જતો હનુમાન પણ અભિધાનાર્થે સરકાવે છે વીંટી. એવી કથાઓનો પાર નથી, જેમાં વીંટી, આમ, વપરાતી હોય. પૅન્ઝર નોંધે છે કે બોકાશિયોના 'ડેકામેરોન'માં દસમા દિવસની કથા ભારતીય મૂળની છે. ચાઈલ્ડ બેલડમાંના એક બેલડમાં પણ આવી એક કથા છે, જેમાં વીંટીનો પ્રયોગ છે. એવી એક અત્યંત રસિક કથા તો એક આદિવાસી રામાયણની છે : પોલ રિચમેને તેમના 'મેનિ રામાયણ્સ' (૧૯૯૪, ઑક્સફર્ડ ઇન્ડિયા પ્રકાશન, પ્રકરણ બીજું, પૃ. ૨૨-૨૪)માં એ કથા આપી છે.

૧૦. સરખાવો :

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી,
પ્રણયની અભિલાષ જતી નથી !

કાન્તે શબ્દ પણ 'અભિલાષ' વાપર્યો છે. 'ઉદ્દૂહ' ક્રિયાપદનો 'Throw out; turn out; weep out; push out' એવો અર્થ મોનિયેર આપે છે (૧૮૩, કોલમ ૩). હિન્દી અનુવાદમાં આ ૩૭૦મા શ્લોકનો અનુવાદ જ નથી અપાયો ! જ્યારે ટૌની 'endured the agony of longing' (II 77) એવો અર્થ આપે છે. 'સોગણી થઈ ગયેલ મિલનોત્કંઠાને જાણે આ રીતે સહન કરતાં હતાં' - એમ, ટૌની પ્રમાણે, થાય. પણ એ કાવ્યાત્મક નથી. અહીં બન્ને સામસામે, પ્રત્યક્ષ છે; ભેટી પડ્યાં પણ છે, છતાં ધરાતાં નથી - જાણે મિલનને જાણીજોઈને પાછું ઠેલે છે ! હવે બન્ને એકબીજાની સન્નિધિમાં અ-ધરવની મજા માણે છે !

૧૧. અહીં સ્ત્રીના પ્રેમની પ્રશસ્તિ છે તો મુદ્રારાક્ષસ (૩.૪)માં પુરુષપ્રેમની : 'પરાયત્તઃ પ્રીતે કથમિવ રસં વેત્તુ પુરુષઃ' ? મેઘદૂતમાંય.

૧૨. મૂળમાંના 'સત્ત્વ'નો એક અર્થ, એક વાર 'જળમાંના ભયંકર જીવ' કે 'રાક્ષસ' જેવો પણ થતો; એ શબ્દ-ઇતિહાસ જાણે તે જ આનો શ્લેષ પણ માણી શકે ! અનુવાદમાં તો આજે એ શ્લેષ ન જ ઊતરે ! ટૌની હાથ ઊંચા કરી દે છે : ' The pun defies translation' (II 79) ભાષાન્તરની આવી મુશ્કેલીઓનીયે વાત ટૌનીના ભાષાન્તરને સજીવ ને અભ્યસનીય બનાવે છે.

૧૩. યાદ આવે છે ?

'બ્રીધ્ઝ ધેર ધ મેન...
વિથ સોલ સો ડેડ
હુ નેવર ટુ હિમ્સેલ્ફ હેથ સેઈડ:
ધિસ ઇઝ માઈ ઓન
માઈ નૅટિવ લૅન્ડ ?'

એવા જ શબ્દો અહીં છે.

૧૪. આ કથાના પ્રભાવતળે યુરોપમાં આ વસ્તુવાળી ઘણી કથાઓ, થોડાઘણા ફેર સાથે, પ્રચલિત છે. દા.ત. 'Beautiful Palace East of the Sun & North of the Earth' 'The Grateful Dead' વગેરે.

જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

રાત ખાસ્સી વીતી ગઈ હતી. અચાનક ઘરનું બારણું ધકેલીને જોરથી 'કમ્મી' બોલતા મામા અંદર આવ્યા. બધાં રડતાં હતાં. મામાની પાછળ રુદ્રણ્ણા અને સીતારામય્યા પણ અંદર આવી ગયા. કિટ્ટી રોતો રોતો મામીની પાસે આવી ગયો. આંખો બંધ કરીને મામી કણસી રહી હતી. મામીનું આ પ્રમાણે રડવું કિટ્ટીએ કદી જોયું ન્હોતું. રડતાં-રડતાં થાકીને કિટ્ટી ક્યારેક મામી સામે અને ક્યારેક મામા સામે જોતો બેસી રહ્યો.

રડતાં રડતાં અચાનક મામા ઊભા થઈ ગયા. ઊભા થઈને ચારે બાજુ નજર ફેરવી. પછી તે ઓરડાના બારણા તરફ આગળ વધ્યા. મોભમાં ભરાવીને રાખેલી મોટી કુહાડી ખેંચી કાઢી. કિટ્ટી પાગલની જેમ ફાટી આંખે જોવા લાગ્યો. કુહાડી એટલી ભારે હતી કે એને એક હાથે ઉપાડી શકાતી નહોતી. કિટ્ટીને બીક લાગવા માંડી. દીવાના પ્રકાશમાં મામાનું મુખ ક્રોધથી ચમકી રહ્યું હતું. જે હાથમાં કુહાડી હતી એ હાથ ધ્રૂજતો હતો. આખું ઘર કંપાવતા પગલાં ભરતાં એ ચાલ્યા ગયા. કિટ્ટીની આંખોમાં 'મારી તહેવાર' ઉભરાયો.

ભાલા અને સાંગના કાન ફાડી નાખતાં શોરમાં મામાએ બન્ને હાથથી કુહાડી ઉપાડીને મોટી તાજી બકરીના ગળા પર જોરથી ઘા કર્યો હતો. એક ઘામાં જ ગર્દન કપાઈને પડી ગઈ હતી અને લોહીનો ફુવારો ઊડ્યો હતો.

અચાનક કિટ્ટી બેઠો બેઠો જ બરાડી ઊઠ્યો. ગૌરક્કાએ એને ખોળામાં ખેંચીને કહ્યું, 'કેમ, શું વાત છે, કિટ્ટી ?' એ આંખો ન ખોલી શક્યો. એણે પોતાની આંખો બંધ કરી લીધી હતી. નાગીના પિતાજીએ કહ્યું, 'બાળક રડી ગયું હશે.' પછી પાસે આવીને પ્રેમથી બોલાવ્યો, 'કિટ્ટી, કિટ્ટી !' કિટ્ટીની આંખો ન ખૂલી. બેહોશ પડેલા કિટ્ટીના માથા પર ભીનું કપડું મૂકીને ગૌરક્કાએ એને એના ખોળામાં સુવાડી દીધો.

રાત વીતી રહી હતી.

મામા આવી ગયા. કિટ્ટીએ મામા સામે જોયું. કણસતા બધાં લોકો રડવા લાગ્યાં. મામા આંગણામાં આવીને ક્યાંય લગી ઊભા રહ્યા. પહેલાંની જેમ એમણે બૂમ ન પાડી. જ્યાં ઊભા હતા ત્યાંથી ખસ્યા નહીં. કિટ્ટીએ મામાના હાથમાંની કુહાડી તરફ જોયું. લૅમ્પના પ્રકાશમાં લોહીથી ખરડાયેલી કુહાડી ચમકી રહી હતી. કિટ્ટી જોતો'તો ત્યાં જ મામાના હાથમાંથી કુહાડી સરકીને આંગણાના પત્થર પર પડી ગઈ. એનો અવાજ આખા ઘરમાં ફેલાઈ ગયો. કિટ્ટીના કાનમાં પણ એ અવાજ ઝણઝણવા લાગ્યો.

પહેલાંની બધી ઘટનાઓ કિટ્ટીની આંખો સામે તરવા લાગી.

ગૂમડું ફૂટી જવાથી લોહી વહી જવાથી મરી જનાર નાગીની નાની, દીપાવલીની આગલી રાત, ઉજ્જડ મંદિરની પાછળ કરેલી પૂજા, બળદિયાનું બારુદથી અડધું મોં જખમી થવું અને માંસના લોચાનું લટકવું, પોલીસનું મામાને પકડીને લઈ જવું, કલ્યાણીનું હોલેય હનુમાની સાથે ભાગી જવું, મામાનું કેંચને ખરાબ રીતે ઘાયલ થાય ત્યાં સુધી આંબલીની સોટીથી મારવું, ચિત્તાનું મોન્નને વૃક્ષ નીચે લઈ જઈને ખાઈ જવું, મંદિરના પૂજારીએ સાવિત્રમ્મા ફાંસો ખાઈને મરી ગયાની વાત રોતાં રોતાં સંભળાવવી, રાગીના પાકનું ધ...ક...ધ ક સળગવું, નામ લઈને બોલાવતાં પક્ષીની વાર્તા, ખૂન-ખરાબાવાળી હોસૂરની હોળી, જંગલમાંથી નીકળતા રાક્ષસ, મામીની જાંઘમાંથી લોહીનું વહેવું...

કિટ્ટી બેઠો બેઠો ધ્રૂજવા લાગ્યો.

અચાનક મામી જોરથી કણસી અને પછી એકદમ ખામોશ થઈ ગઈ અને એ જ સમયે ઘરને હલાવી નાખનારું રુદન !... રોવું-કૂટવું.

દિવસ ઊગવા છતાં પણ કિટ્ટીની આંખોમાંથી અંદર ઊતરી ગયેલો રાક્ષસલોક ન પીગળી શક્યો. એ હજુ પણ ધ્રૂજતો હતો. પોતાના અણગમતા ગામનું ખેંચાણ હવે મનમાં જોર પકડવા માંડ્યું. મા, નાની, સુશી, નાના કાકા બધાંના ચહેરા સામે આવી ગયા.

આ રાક્ષસલોકમાંથી એ જ ક્ષણે નીકળી જવાની ઈચ્છાને મનમાં લઈને એ આતુરતાથી એની આવવાની પ્રતીક્ષા કરતો રસ્તા પર નજર માંડીને બેસી ગયો. (સંપૂર્ણ)

કલાવાર્તા



કૅમેરાના કસબી
ડૉ. બલર

જેઠ માસના ધોમ ધખતા તાપમાં ડૉ. બલરને ત્યાં જવાનું થયું. ઘર નજીક જતાં જ ચકલાંની ચીં ચીં સંભળાઈ, આટલાં બધાં ચકલાં ક્યાંથી ? ઝાંપો ખખડ્યો ને ફરરર કરતાં ચકલાં ઊડ્યાં.

દંતવિદ્યાના જાણકાર આ ડૉક્ટર પક્ષીપ્રેમી છે. પોતાના બાગમાં ચકલાં માટે પાણી, દાણા અને માળા કરવાનીય વ્યવસ્થા રાખે છે. ગીચ ઝાડી, ભાતભાતના છોડ અને ફૂલોથી શોભતો એમનો બાગ એટલે પક્ષીઓનું સામ્રાજ્ય. એમનો પક્ષીપ્રેમ જોઈ તેમના મિત્રો પણ ક્યારેક અટવાઈ ગયેલું પંખી બલરને ત્યાં પહોંચાડી દે.

શિયાળો આવે કે પંખીઓ દૂર દૂરથી આવવા માંડે. ભાળ મળતાં ત્યાં પહોંચે. આમેય ભાગ્યે કોઈ રવિવાર આઉટિંગ વગર જાય. માનવી કે નિસર્ગની ફોટોગ્રાફી કરતાં પક્ષીની ફોટોગ્રાફી અઘરી. કલાકો રાહ જોવી પડે. છેલ્લી ક્ષણે પણ તે ઊડી જાય. આ માટે કૅમેરાને સ્ટેન્ડ પર રાખી કલાકો રાહ જોવી પડે. તેની ગતિવિધિ પકડવા ઉપરાઉપરી સ્નેપ લેવા પડે. આ બાબતે તેમને થાક નથી. શિયાળામાં લગભગ બધા રવિવાર તે ઘરબહાર હોય. નિયમિત રીતે આઉટિંગ કરે. તેઓ કુદરતના પૂજારી છે. તે નિમિત્તે ખાસ્સો ખર્ચ કરે છે. ભારેમાં ભારે કિંમતના લેન્સ ખરીદે છે. પત્ની રેખાબહેનનો પણ આ શોખ પોષવામાં પૂરતો સહયોગ.


ડૉ. રાઘવજીભાઈ બલરના મોટાભાઈ ડૉ. દામોદર બલર પૅથૉલોજિસ્ટ અને ચિત્રકાર છે. લેખક પણ ખરા. તેમની પાસે ઊંડી કલાસૂઝ અને સૂક્ષ્મ દૃષ્ટિ છે. તેમના વતન સૌરાષ્ટ્રના ભોરીંગડા ગામમાં પુસ્તક વાંચી સ્કાઉટિંગની પ્રવૃત્તિ ચલાવતા. નિસર્ગમાં રખડવાનો તેમને પણ શોખ. નાના ભાઈ રાઘવજી આમાં જોડાયા. સમય જતાં આ સંસ્કાર પ્રકૃતિપ્રેમ અને પંખીઓને કલાત્મક રૂપ આપવામાં ફલિત થયા. તેમના નિરીક્ષણને શાસ્ત્રીય રૂપ આપવામાં શ્રી સુમંતભાઈ શાહ અને પડોશી લાલસિંગભાઈ રાઓલ મદદે આવ્યા. આજે ડૉ. બલર તેમને ગુરુભાવથી જુએ છે.

ડૉ. બલરનો જન્મ 1940માં સૌરાષ્ટ્રના ભોરીંગડા ગામમાં. તેમનો શાળાનો અભ્યાસ ભાવનગરની ઘરશાળામાં થયો. ત્યાં શ્રી ખોડીદાસ પરમાર અને લીલાબહેન દ્વારા કલાના સંસ્કાર પડ્યા. 1963થી 67 તેમણે મુંબઈની ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજમાં અભ્યાસ કર્યો. હાલ અમદાવાદમાં દંતચિકિત્સક તરીકે પ્રૅક્ટિસ કરે છે. મુંબઈની ડેન્ટલ કોલેજમાં હતા ત્યારે આ શોખ જારી રાખ્યો અને 'Bombay Natural History Society'માં લાઈફ મેમ્બર થયા. 1970માં ડૉ. રેખા સાથે તેમનાં લગ્ન થયાં. કુદરતમાં રખડવા એક સાચા સાથીદાર મળ્યાં. આ રખડવામાં તેમને થાક નથી. સહન કરવાનું આવે તો બન્નેની સરખી તૈયારી. ભારતવર્ષનો ખૂણેખૂણો ખૂંદી વળ્યાં છે. મોટા ભાગની મુસાફરી પોતાના વાહનમાં પોતાની રીતે. હિમાલય પણ ભરપૂર માણ્યો છે. કયા પ્રદેશમાં કયા સ્થળે કયાં પંખી મળે તે તેમને ખબર છે. તેમની પંખીઓની તસ્વીરો આજ સુધીમાં 25 થી વધારે અખિલ ભારતીય પ્રદર્શનોમાં પ્રદર્શિત થઈ છે. જીવનના ઉજમાળા પાસાને પ્રગટ કરતાં ફોટોચિત્રો સ્વામીનારાયણ અક્ષર

ગરમાળો



પુષ્પ અને પડછાયો



પીઠે પ્રીંટિંગ નિમિત્તે પ્રગટ કર્યાં છે અને સ્લાઈડ રૂપે પણ નિદર્શન કર્યું છે.

આ પક્ષીચિત્ર સ્લાઈડ રૂપે જોતાં પ્રિન્ટ કરતાં પ્રકાશનો અનુભ વધારે કરાવે છે. આ ચિત્ર છે, માત્ર ડોક્યુમેન્ટ નથી. તેમાં કલાતત્ત્વ, રચનાકૌશલ અને પ્રકાશ-આયોજન મહત્ત્વનો ભાગ ભજવે છે. ક્યારેક ચાંચ તો ક્યારેક પાંખ મહત્ત્વનાં રહે છે. પક્ષી કે પ્રાણી તેના મૂળ વાતાવરણમાં જ ઝડપવાનું હોય છે. બધું જ સહજ સંયોજનમાં આવવું જોઈએ ને જીવંત લાગવું જોઈએ. વિષય મળતાં ડૉ. બલર તે માટે રોલ પર રોલ વાપરતાં અચકાતા નથી. આવા પ્રસંગે ડૉ. રેખા મૂક પ્રેક્ષક રહે છે અને ગાંડા શોખ માટે આનંદ અનુભવે ને કહે બીજા કોઈ વ્યસન કરતાં આ વ્યસન સસ્તું છે.

તેમના જીવનનો એક પ્રસંગ નોંધપાત્ર છે. એક વખત બલરયુગલ થોરના તળાવ ગયેલું. પક્ષીઓ ખૂબ દૂર, લેન્સની શક્તિથી બહાર હતાં. શાની ફોટોગ્રાફી કરવી? રાહ જોતાં કલાકો બેઠાં. ત્રણ કલાક બાદ મનમાં વિચાર ઝબક્યો, આ પક્ષીઓ નજીક આવી જાય તો કેવું?' અસંખ્ય પક્ષીઓનું (પેલિકન) એ ટોળું સડસડાટ નજીક આવ્યું. કેવી વિધિની કરામત! ટોળું આવ્યું ને વારંવાર પસાર થયું. ડૉ. બલરનો કૅમેરા ગતિમાં આવી ગયો. રોલ પર રોલ વપરાતા ગયા. ત્રણ રોલ તો સહેજે વપરાયા. શ્રીમતી બલર તો જોયાં જ કરે. સર્જનવેળાએ સર્જક પોતાના વિષયમાં ખોવાઈ જતો હોય છે. બધાં જ કલાતત્ત્વ સંમિલિત થઈ ચિત્રમાં પ્રાણરૂપે પ્રગટે છે. પક્ષીચિત્રમાં પક્ષીની કૅરેક્ટર બહાર લાવે છે. તેમનાં કેટલાંક ચિત્રો ઓલ્ડ માસ્ટર પેઈન્ટિંગ જેવાં હોય છે. તેમણે પક્ષીસૃષ્ટિ સાથે આકાશ, સવાર, દરિયો, પંખી, પહાડ અને ફૂલોને પણ કચકડામાં કંડાર્યાં છે.



નેપાળની મુસાફરી દરમિયાન આકાશમાંથી આકાશને ક્યકડે મઢતા હતા. અદ્‌ભુત આકાશ હતું. એકાએક જાહેરાત થઈ, 'યાંત્રિક ખામીને લીધે પ્લેન પાછું ફરે છે.' સૌ સ્થિર થઈ ગયાં. કૅમેરા ચપોચપ અંદર મુકાઈ ગયા. માત્ર ડૉ. બલરે ફોટોગ્રાફી ચાલુ રાખી.

'જીવીશ તો જાતે જોઈશ, બાકી કોક જોશે'. એ જીવતા તો રહ્યા અને એ સ્લાઈડો જોતાં અદ્‌ભુત કુદરત ને રંગભર્યું આકાશ ગહનતામાં ખેંચી જાય છે.


જેનો આત્મા કુદરતમાં ખોવાઈ શકે તેની પાસે કુદરત છતી થાય છે. સર્જન જેને સહજ છે તેનો કૅમેરો કુદરતમાં રહેલાં અદ્‌ભુત તત્ત્વો ને સૌંદર્ય છતાં કરે છે. એ જોવાનો જેને લહાવો મળે તે ધન્ય થઈ જાય. નજીકનાં માણસોને વેઠવું પડે, પરંતુ આરામની પળોમાં એ જોતાં આનંદ આવે. આ ડૉ. યુગલ અને પુત્ર લવ અવારનવાર આ આનંદ લૂંટે છે. કૅમેરાના આ કસબીએ કચકડામાં જાણે પંખીઓનો સંસાર ઠાલવ્યો છે. !

- નટુ પરીખ

પતંગિયું અને પુષ્પ



જલવિહાર



કંકાવટી

ઉજ્જવલ માતૃત્વ

ઉજ્જવલ માતૃત્વનું આ એક જીવંત ઉદાહરણ છે. કહાની છે શ્રીમતી લીલાબહેન સોલંકીની જેઓ હાલ ૫૬ વર્ષનાં છે. પતિ, સાસરિયાં અને માબાપથી તરછોડાયેલાં આ બહેનના બંને બે દીકરા અંધ. આ દીકરાઓ તેમના જીવનનો સ્રોત હતા તેથી તેમણે કમર કસી. તેમની હિંમત દાદ માંગી લે તેવી છે. એકલવાયાં, જીવનના સંગ્રામમાં ઝઝૂમતાં તેમણે લોકોનાં ઘરકામ કરવાં શરૂ કર્યાં. એમના બન્ને દીકરાઓ હાલ સારી રીતે ગોઠવાઈ ગયા છે. મોટો પુત્ર ચંદ્રકાન્ત હાલ ૩૫ વર્ષનો છે ને વિનયન અને કાયદાશાસ્ત્રની શાખામાં એમ બેવડો સ્નાતક થયો છે. સારા પગારથી અમદાવાદમાં અંધજનોની સંસ્થામાં નોકરી કરે છે. તેનાં લગ્ન બી.કોમ. થયેલી એક યુવતિ સાથે થયાં છે, જે પોતે પણ અંશતઃ અંધ છે અને તેણે પતિને એલએલ.બી. થવા માટે પ્રોત્સાહિત કર્યા છે. બીજો પુત્ર મહેન્દ્ર હાલ ૩૪ વર્ષનો છે. તે પણ સ્નાતક થઈ ઉતરસંડા ગામમાં સંગીતશિક્ષક તરીકે જોડાઈ ગયો છે. તેનાં લગ્ન વિકલાંગ યુવતિ સાથે થયાં છે. માતાની પ્રેરણા અને પ્રોત્સાહનથી ચંદ્રકાન્ત સાબરકાંઠા અને રાજકોટનાં ૬૦૦ ગામડાંનો સર્વે કરી ચૂક્યો છે. વિકલાંગ લોકોના અજ્ઞાનથી માહિતગાર થયેલા તેણે બેન્કલોન, ગૃહઉદ્યોગ અને સરકાર દ્વારા અપાતી સગવડોનો લોકોને ખ્યાલ આપ્યો. અંધજનોને અંધત્વને જીવનની વાસ્તવિક્તા તરીકે સ્વીકારી તેના પર વિજય મેળવી પોતાનામાં રહેલી શક્તિઓનો સમાજ માટે યોગ્ય ઉપયોગ કરવા માટે ઉત્સાહિત કર્યા છે.

આમ, માનવી જો નિર્ધાર કરે છે તો શું નથી કરી શકતો તે બતાવી આપ્યું. ખરો યશ તો લીલાબહેનને ફાળે જાય છે. સંજોગો સામે લડી, આવેલી પરિસ્થિતિનો હિંમતથી સામનો કરી બન્ને અંધ પુત્રોને ભણાવી સમાજને બતાવી આપ્યું છે કે God helps those who help themselves. એકલા હાથે, વિના સથવારે, સમાજની લેશમાત્ર પરવા કર્યા વગર, શ્રમ, શ્રદ્ધા, અને ધગશથી જીવનની કેડી પર વિજયપતાકા લહેરાવવામાં તે સંપૂર્ણ સફળ થયાં છે. સમાજમાં જાણ્યાં અજાણ્યાં કેટલાંયે આવાં બહેનો હશે જેઓ સમાજ માટે પ્રેરણાદાયી છે. ('ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'ના આધારે)

ફ્રીઝની જાળવણી

એક કાળે ધનવાનો જ જેનો ઉપયોગ કરતા તે ફ્રીઝનો આજકાલ નગર અને ગામોમાં નાનાં અને મોટાં ઘરોમાં મધ્યમવર્ગીય કુટુંબોમાં વપરાશ લગભગ સામાન્ય બની ગયો છે ત્યારે ગૃહિણીઓએ તેની જાળવણીની બાબતમાં ચોકસાઈ રાખવી અનિવાર્ય બને છે.

પ્રથમ તો ફ્રીઝને ત્રણ બાજુની દીવાલથી આઠદસ ઇંચ દૂર રાખવું જોઈએ. ફ્રીઝમાંથી ચીજવસ્તુઓ બહાર કાઢવા માટે ફ્રીઝ વારંવાર ન ખોલતાં, યાદ કરીને એકસાથે બધી ચીજવસ્તુઓ તેમાં મૂકવી અને બહાર કાઢવી. આથી એની ઠંડકની ક્ષમતા વધુ સમય રહેશે અને પરિણામે વીજળીનો વપરાશ ઘટશે. ફ્રીઝમાં એકાદ સે.મી. જેટલો બરફ જામે કે તરત જ એને સાફ કરી નાખવો જોઈએ. આવા બરફને કોઈ અણિદાર સાધન, એટલે કે તવેથો, ચીપિયો, ચપ્પુ, ચમચી આદિથી દૂર ન કરતાં પીગળી જવા દેવો જોઈએ અને પછી સૂકા પાતળા કપડાથી અંદરની બાજુ લૂછી નાખવી જોઈએ.

ફ્રીઝમાં ગરમ પદાર્થો કદી મૂકવા નહિ. આમ કરવાથી અંદરનું ઉષ્ણતામાન ઘટી જાય છે અને અન્ય ખાદ્ય પદાર્થો બગડી જવાની શક્યતા પણ રહે છે. બરફની ટ્રેમાંથી બરફના ટુકડા કાઢી લીધા પછી વધેલા ટુકડા અને એ ટ્રેમાં નવું પાણી નાખી કદી ડીપ ફ્રીઝમાં ટ્રે મૂકવી નહિ. આમ કરવાથી તે બરફમાં અમુક પ્રકારની વાસ આવવા સંભવ છે અને તેથી ફ્રીઝમાં રાખેલા અન્ય ખાદ્ય પદાર્થો પણ એવી વાસવાળા બનવા સંભવ છે. શાકભાજી અને ફળફળાદિને અલગ અલગ ડબાઓમાં કે પ્લાસ્ટિક કે તેવી કોથળીઓમાં ભરીને મૂકવાથી તેમાં એકબીજાની વાસ બેસતી નથી અને તે સામગ્રી વધુ સમય સુધી તાજી રહે છે. ફ્રીઝમાં ખાવાની જે જે ચીજ મૂકો તે સંપૂર્ણ ઢાંકીને જ મૂકવી. આઈસ્ક્રીમ જમાવવા ફ્રીઝનો ઉપયોગ કરતાં પહેલાં તેને એકાદ કલાક અગાઉ મહત્તમ ઠંડક પર મૂકો. આમ કરવાથી આઈસ્ક્રીમ વધુ ઝડપથી તૈયાર થશે. આઈસ્ક્રીમ તૈયાર થઈ ગયા બાદ ફ્રીઝને ફરી એની સામાન્ય (નૉર્મલ) ઠંડક પર મૂકી દો, જેથી વીજળીનો બિનજરૂરી વપરાશ અટકી શકે.

વધુ સમય માટે બહારગામ જવાનું થાય ત્યારે ફ્રીઝને વીજળીથી અલગ કરી અંદરથી લૂછીને બંધ કરવું. ફ્રીઝને બહારથી સાફ કરવા માટે સુંવાળું સાદું કપડું અને

(અનુસંધાન પૃ. ૩૨૬ ઉપર)



વિશ્વ-ઉંદરી સ્પર્ધામાં પ્રથમ આવ્યાં છે ત્યારથી આમ પૂંછડીનો એકડો બનાવીને 'અબ તો હમ ભયે વિશ્વ-ઉંદરી' ગાતાં ગાતાં ચાલે છે. ('સંદેશ'ના સૌજન્યથી)

જાંબુ

વર્ષા ઋતુમાં જાંબુ પુષ્કળ પ્રમાણમાં થાય છે. ખાસ કરીને રસાળ ભૂમિમાં આનો પાક સારો થાય છે. ભારતમાં નદીકિનારાવાળા પ્રદેશોમાં જાંબુનાં વન જોવા મળે છે.

જાંબુનું કાયમ લીલું રહેતું મોટું વૃક્ષ થાય છે. પાન લાંબાં, પુષ્પ શ્વેત, સુવર્ણ જેવા રંગનાં, ફળ નાનાં તથા ગોળાકાર, કાચાં હોય ત્યારે લીલાં અર્ધ-પક્વાવસ્થામાં લાલ અથવા રીંગણના વર્ણ જેવાં અને પાકે ત્યારે ગાઢ વર્ણનાં થઈ જાય છે. ફળની અંદર નાનો ઠળિયો હોય છે.

રાજજાંબુ, ક્ષુદ્રજાંબુ, નદીજાંબુ, કાકજાંબુ, ભૂમિજાંબુ તથા ગુલાબજાંબુ આ તેની મુખ્ય જાત છે. આમાં રાજજાંબુ શ્રેષ્ઠ છે. ગુલાબજાંબુ વિદેશી જાંબુ છે, જે ખાસ કરીને બ્રહ્મદેશ ને બંગાળમાં થાય છે. એનું ફળ ઠળિયારહિત, ગોળાકાર, ગુલાબી રંગનું હોય છે. તથા તેમાંથી ગુલાબના જેવી સુગંધ આવતી જણાય છે, માટે જ તેનું નામ ગુલાબજાંબુ પાડેલું છે. આ રાજજાંબુનો જ એક પ્રકાર છે. પરંતુ આ બધામાં ખાવા માટે તેમ જ ઔષધ તરીકે રાજજાંબુનો વધુ ઉપયોગ થાય છે.

જાંબુનાં ઝાડનાં સંસ્કૃતમાં ખૂબ સુંદર નામ છે. તેમાં ફલેન્દ્ર, નંદ, રાજજાંબુ, મહાફલા, સુરભિપત્ર અને મહાજાંબુ એ મુખ્ય છે.

આયુર્વેદની દૃષ્ટિએ જાંબુ દીપન, પાચન, યકૃત - ઉત્તેજક તથા સ્તંભન છે. પાન ઊલટીને બંધ કરે છે, જ્યારે છાલ સ્તંભનનું કાર્ય કરે છે. આનું ફળ તથા ઠળિયા યકૃત દ્વારા થતા સાકરના પાચનને સુધારે છે અને તેનાથી રક્તગત અને મૂત્રગત સાકર ઓછી થવાથી મધુપ્રમેહ નામનો વ્યાધિ દૂર થાય છે. સાથે સાથે મૂત્રનું પ્રમાણ પણ ઘટી જાય છે.

જાંબુનું ફળ તથા તેનો સરકો અગ્નિમાંદ્ય, અજીર્ણ, શુલ, પ્રવાહિકા, ગ્રહણી, પ્રમેહ વગેરેમાં આપવામાં આવે છે. જાંબુના ઠળિયાનું ચૂર્ણ તથા છાલનો ક્વાથ દેવાથી પણ અતિસાર, જીર્ણ પ્રવાહિકા. જીર્ણ અતિસાર, રક્તપ્રદર, શ્વેત પ્રદર જેવા રોગો સાધ્ય બને છે. કૂમળાં પાંદડાંનો ઉપયોગ ઊલટીમાં ખાસ થાય છે.

જાંબુના ઠળિયાનું ચૂર્ણ એક એક માસો ગરમ પાણી સાથે દર ચાર કલાકે લેતા રહેવાથી અને બે માસ પરેજી પાળવાથી મધુપ્રમેહ દૂર થાય છે.

જાંબુના ઠળિયા, કેરીની ગોટલી, ઘીમાં શેકેલી હિમેજનું ચૂર્ણ - આ બધું મિશ્રિત કરીને લેવાથી દરેક પ્રકારના ઝાડા દૂર થાય છે. તેમાં મધ મિશ્રિત કરી દિવસમાં ત્રણ વખત લેવાથી મૂત્રકૃચ્છ, રક્તપિત્ત, દાહો, ઊલટી વગેરેમાં તાત્કાલિક ફાયદો કરે છે.

કમળામાં અથવા યકૃતના વિકારોમાં જાંબુનાં ફળનો રસ કાઢી રાખી તેમાં ગળે એટલું મીઠું મેળવી તે રસ એકેક દિવસને અંતરે આપવો. આ પ્રયોગથી સારો એવો ફાયદો થાય છે.

મુખપાકમાં જાંબુની છાલના કોગળા કરવાથી ફાયદો થાય છે. જુવાનીના ખીલ ઉપર જાંબુનો ઠળિયો ઘસીને ચોપડવાથી ફાયદો થાય છે.

જાંબુ ખાલી પેટે નહિ પણ જમ્યા બાદ ખાવાં હિતાવહ છે. પ્રસૂતા સ્ત્રીઓ તેમ જ આમવાતના દર્દીઓએ આનો ઉપયોગ ન કરવો.

પાકાં જાંબુનો રસ કાઢી, તે ગાળીને બાટલીમાં ભરી રાખવો. જેમ જેમ તે રસમાં ખટાશ આવતી જશે તેમ તેમ તે વધુ ગુણકારી બનશે. આ 'સિરકા' અથવા 'સરકા'માંથી જામ્બ્વાસવ પણ બને છે. આ સરકો ઉપર દર્શાવેલા બધા જ વ્યાધિઓ મટાડવા શક્તિમાન છે. પરંતુ યોગ્ય અનુપાન સાથે ઉપયોગ કરતાં આવડવું તે ખાસ મહત્ત્વનું બને છે. (સળંગ અંક ૬૧૯)

(નિરામય) - વૈદ્ય મુકુંદરાય રાવળ

માસમાસનાં વ્રત-પર્વ

આષાઢ સુદિ અગિયારશ

આષાઢથી આસો એ ચાર મહિના વર્ષાઋતુના. ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં વર્ષાનું સવિશેષ મહત્ત્વ હોય તે સ્વાભાવિક છે. વર્ષાની કાગડોળે રાહ જોતો જનસમુદાય તેના આગમનથી નાચી ઊઠે, કારણ કે વર્ષાથી જીવન માટે જરૂરી અન્ન-જળ પ્રાપ્ત થઈ રહે છે અને આ ધાન્યમાંથી સુખી-સમૃદ્ધ જીવનવ્યવહાર માટે ધન સર્જાય છે. આથી વર્ષાના આગમને જીવનની સમૃદ્ધિની સાધના સારુ જીવનની પવિત્રતા પ્રથમ સાધવી જોઈએ એવો લોકનિશ્ચય આમ આષાઢ સુદિ અગિયારશના વ્રત-પર્વથી પ્રારંભાય છે.

આ શુક્લ પક્ષની એકાદશી વર્ષાઋતુનાં વ્રતોમાંનું પ્રથમ વ્રત. એને 'પદ્મા'-એકાદશી કે 'શયની' એકાદશી કે 'દેવપોઢી અગિયારશ'ના લોકનામથી ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે વિષ્ણુભક્ત સમાજ આ એકાદશીના વ્રતને પાળે છે. પુરાણમાં આવતી માંધાત રાજાની કથા કહે છે કે આ એકાદશીનું વ્રત પાળવાથી પુણ્યોદય થાય છે. પર્જન્ય - વરસાદ સ્વરૂપ ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય છે અને સાનુકૂળ વારિ વરસતાં સમૃદ્ધ વર્ષનો પાયો નખાય છે. આમ, આ એક પવિત્ર સંકલ્પનું વ્રત બની રહે છે. પવિત્ર સંકલ્પ - સમસ્ત પ્રજા તથા પ્રજાનાયકનો સંકલ્પ વાતાવરણમાં પવિત્રતા સર્જે છે. એ પવિત્ર સંકલ્પનાં આંદોલનો પ્રકૃતિને પણ સાનુકૂળ બનાવી શકે એવું શુદ્ધ સંકલ્પનું બળ હોય છે.

વરસાદ આવતાં ખેતીપ્રધાન પ્રજા ખેતીકામમાં લાગી જાય છે. આથી ધરતીમાતાની સેવાના પવિત્ર કર્મ સાથે ભગવાન વિષ્ણુને શયન કરાવવામાં આવે છે. દેવપૂજાનો વધુ સમય પ્રજા ખેતપૂજામાં ગાળી શકે એવો કંઈક આ આદર્શ કીમિયો પ્રજાગુરુઓએ પ્રજાને બતાવેલો હશે એમ માની શકાય. આ કારણથી આ અગિયારશને 'શયની' કે 'દેવપોઢી' અગિયારશ કહેવામાં આવે છે.

વળી, આ જ અગિયારશને 'નીમ' એકાદશી પણ કહેવામાં આવે છે. કચ્છ-સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના સાગરખેડુઓ અને સાગર સફર સાથે સંબંધ ધરાવતા વેપારીઓ આ દિવસે જીવનમાં પાળવા માટે કોઈ ઉન્નત વ્રત ગ્રહણ કરે છે. વર્ષાનાં તોફાનોને લઈ સાગરસફરની સફળતા ઝંખતાં આ લોકો આવું વ્રત ગ્રહણ કરે છે. વ્યાપારી પેઢીઓ નાત-જાત-કોમના ભેદભાવ વગર સહુ નોકરો-ચાકરોને તે દિવસે બોણી આપે છે, અને નાનો-મોટો પ્રત્યેક જણ તે દિવસે આખા વર્ષ દરમિયાન કરવાનાં શુભ કાર્યનું વ્રત લે છે. આ દિવસ ત્યાંનું મહાપર્વ મનાય છે. (સળંગ અંક ૬૧૯)

પાયોરિયા અને દાંતનો દુખાવો

દાંતનાં પેઢાંનો આ રોગ છે. આયુર્વેદમાં એને 'શીતાદ' કહે છે. આજના યુગમાં આ રોગ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. પેટનો અપચો, કબજિયાત, લોહીનો બગાડ, ઠંડા અને ગળ્યા પદાર્થોનું અતિ સેવન અને અસ્વચ્છતા આ રોગને જન્માવે છે.

લક્ષણો

૧) દાંતનાં પેઢાં સડીને ખદખદી જઈ, તેમાંથી પરુ નીકળે છે. પરિણામે- ૨) મોઢામાંથી દુર્ગંધ આવે છે. ૩) દાંત પડવા માંડે છે. ૪) દાંતમાં કળતર અને દુઃખાવો થાય છે અને ૫) ઘણી વાર દાંતમાંથી લોહી પણ નીકળે છે. ૬) ખોરાક ચાવી શકાતો નથી.

ઉપચાર

૧) મળ સાફ આવે અને લોહી શુદ્ધ થાય તે માટે રોજ રાત્રે સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ કે ત્રિફલા ચૂર્ણ લેવું. ૨) સુવર્ણ માક્ષિક, ગળોસત્ત્વ અને મજીઠનું સમભાગ મિશ્રણ ખાવું ૩) હરડે, ફટકડી ને પારસ પીપળાનાં પાનના ઉકાળાનો કોગળો મોંમાં ભરી રાખવો. ૪) તલના તેલનો કોગળો મોંમાં ભરી રાખવો. ૫) પેઢાં ઉપર હળવે હાથે ઈરીમેદાદિ તેલ, દશાંગ લેપ કે કપૂરકાચલીનું ચૂર્ણ ઘસવું. ૬) ત્રિફલા, ગૂગળ અને કૈશોર ગૂગળનું સેવન કરવું. ૭) વડનું, લીમડાનું કે કરંજનું અથવા બોરસલીનું દાતણ કરવું. યા બોરસલીની છાલનું ચૂર્ણ દાંતે ઘસવું. ૮) ભોંરીંગડી (ભોંય રીંગણી)નાં બીને અગ્નિ ઉપર નાખી તેનો ધુમાડો મોંમાં લેવો. લોહી નીકળતું હોય તો જાત્યાદિ તેલને પેઢાં પર ઘસવું. ૧૦) ખૂબ ગરમ અને ખૂબ ઠંડા પદાર્થો તથા કોઈ પણ પ્રકારના ગળપણને બંધ કરવું.

દાંતનો દુઃખાવો પણ આજકાલ વ્યાપક છે. અતિ ગળપણ, અતિ ઠંડા ગરમ પદાર્થોનું સેવન, દાંતમાં સડો, પોલાણ કે પેઢાંમાં સોજો આવવાથી દાંત દુઃખે છે.

૧. કપૂર અને ટંકણખારનું મિશ્રણ, સારી જાતિની હિંગ, ફુલાવેલું લવિંગ, હિંગકર્પૂરવટી કે દંષ્ટ્રાપીડાહરવટી, આમાંની કોઈ પણ એક ચીજ દુખતા દાંત પર દબાવવી. ૨. કપૂર, લવિંગ, તજ કે અજમાના અર્કનું અથવા જાત્યાદિ તેલ, પંચગુણ તેલ, સ્પિરિટ યા આલ્કોહોલમાં બોળેલું પોતું પણ દુઃખતા દાંત પર રાખી શકાય. ૩. દાંત દુઃખવાથી સોજો આવ્યો હોય તો બહારના ભાગમાં દશાંગ લેપ લગાડવો.

આ ઉપરાંત પાયોરિયા માટે દર્શાવેલા ઉપાયો પણ અજમાવી શકાય. મુખ્ય જરૂર છે દાંત અને મોંની સ્વચ્છતા અને અતિ ઠંડા ગરમ પદાર્થોના ત્યાગની. - વૈદ્ય નવીનભાઈ ઓઝા

(સળંગ અંક ૬૧૯)

આ માસ (જુલાઈ) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૧/૧૯૦૫ દેશમાં સમયધોરણનું એકમ જાળવવા હિંદી સ્ટાન્ડર્ડ ટાઈમ દાખલ કરાયો.

તા. ૨/૧૭૫૭ બંગાળના નવાબ સિરાજુદૌલાનું મીર જાફરે ખૂન કર્યું.

તા. ૩/૧૯૫૩ જર્મન-ઑસ્ટ્રીઅન પહાડખેડૂઓએ હિમાલયનું નંગાપર્વત શિખર સર કર્યું.

તા. ૪/૧૭૭૬ અમેરિકાનાં સંયુક્ત રાજ્યો સ્વતંત્ર થયાં. ન્યૂ યૉર્કના બારામાંની 'સ્વાતંત્ર્ય દેવી'ની ભવ્ય પ્રતિમા આ સંયુક્ત રાજ્યોના સ્વાતંત્ર્યની પહેલી શતાબ્દી નિમિત્તે ૧૮૭૬માં-ફ્રાંસની પ્રજાએ ભેટ આપેલી.

તા. ૫/૧૮૫૩ આફ્રિકામાં બ્રિટિશ સંસ્થાનના સ્થાપક રાજપુરુષ સેસિલ ર્‌હોડ્સનો જન્મ.

તા. ૭/૧૯૩૦ શેરલૉક હોમ્સની રહસ્યકથાઓના સર્જક સર આર્થર કૉનન ડૉઈલનું અવસાન.

તા. ૮/૧૯૫૪ ભારતની ગંજાવર જાહેર યોજના ભાખરા-નાંગલનું પં. નેહરુના હસ્તે ઉદ્‌ઘાટન.

તા. ૯/૧૮૧૬ આર્જેન્ટિનાએ સ્પેઈનની હકૂમતથી મુક્ત થઈ પોતાનું સ્વાતંત્ર્ય જાહેર કર્યું.

તા. ૧૧/૧૮૭૨ હિંદમાં પાંચ રૂપિયાની ચલણી નોટો મુંબઈથી પહેલ-વહેલી ચલણમાં મુકાઈ.

તા. ૧૪/૧૭૮૯ ફ્રાન્સની પ્રજાએ બાસ્તિલનું કારાગૃહ તોડી રાજાશાહી સામે બળવો કર્યો.

તા. ૧૭/૧૮૪૧ કટાક્ષ ને હાસ્યના વિખ્યાત અંગ્રેજી સામયિક 'પંચ'નું પ્રકાશન આરંભાયું.

તા. ૧૮/૧૮૭૦ પોપના અફર સ્થાન અને ખ્રિસ્તી ધર્મસંઘના વહીવટ પરની એમની સાર્વત્રિકતાની વેટિકન કાઉન્સિલે જાહેરાત કરી.

તા. ૧૯/૧૮૬૦ હિંદુસ્તાનમાં ઇન્કમટૅક્સ - આવકવેરો પહેલવહેલો નાખવામાં આવ્યો.

તા. ૨૦/૧૯૦૫ અઢારસો સત્તાવન પછી હિંદભરમાં પ્રથમ વ્યાપક રાષ્ટ્રોદ્રેક પ્રકટાવનાર બંગાળના ભાગલાની જાહેરાત થઈ.

તા. ૨૨/૧૯૪૭ સ્વતંત્ર ભારતની બંધારણ-સભામાં દેશના હાલના અશોકચક્ર-અંકિત ત્રિરંગી રાષ્ટ્રધ્વજને માન્યતા આપવામાં આવી.

તા. ૨૩/૧૮૫૬ લોકમાન્ય બાલગંગાધર ટિળકનો જન્મ.

તા. ૨૬/૧૯૫૬ આરબ-ઇઝરાયેલ યુદ્ધને કારણે લાંબો સમય બંધ રહેલી અને જે ફરી ખુલ્લી મુકાઈ છે એ સુએઝની નેહરનો કંપની દ્વારા ચાલતો વહીવટ બંધ કરી ઇજિપ્તે એનું ફરજિયાત રાષ્ટ્રીયકરણ કર્યું.

તા. ૨૮/૧૬૫૯ રાજ્યલોભી ને ધર્મચુસ્ત ઔરંગઝેબે પોતાના ભાઈ દારાનો વધ કર્યો.

તા. ૨૯/૧૯૪૮ લિવરપુલ ખાતે બંદરગાહ પરનું દુનિયાનું પ્રથમ રડાર મથક ઊભું થયું.

તા. ૩૦/૧૫૬૧ મધ્યયુગના ભારતના ભક્ત કવિ સંત તુલસીદાસનું અવસાન.

તા. ૩૧/૧૯૦૮ રોબર્ટ બેડન પોવેલે 'બોય સ્કાઉટ'ની નૂતન-કુમાર પ્રવૃત્તિની સ્થાપના કરી.

(સળંગ અંક ૬૧૯)

પ્રસંગપરાગ

એ ધન્ય ક્ષણ !

(આ માસની ૧૨મીએ બચુભાઈ રાવતની ૧૫મી પુણ્યતિથિ છે, ત્યારે આ સ્મરણ યોગ્ય અંજલિ બની રહેશે.)



૧૯૬૦નો છેલ્લો દિવસ. કલકત્તામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન. તે પ્રસંગે ત્યાંની નેશનલ લાયબ્રેરીમાં ગુજરાતી વિભાગનું ઉદ્‌ઘાટન પણ શ્રી ગગનવિહારી મહેતા વગેરેના ઉત્સાહને પરિણામે યોજાયેલું. ઉદ્‌ઘાટન-સમારંભમાં હાજરી આપવા સાહિત્ય પરિષદના ડેલિગેટો તા જાય જ. કેટલાક વહેલા પહોંચ્યા અને નૅશનલ લાયબ્રેરીમાં યોજાયેલું ગુજરાતી પુસ્તકોનું તેમજ ભારતભરનાં સામયિકોનું પ્રદર્શન જોવા ગયા. ત્યાં ટેબલો પર પથરાયેલાં વિવિધ ભાષાનાં અસંખ્ય સામયિકોની વચ્ચે ખાદીના સફેદ ટોપી, સફેદ અચકન અને સફેદ સુરવાળમાં સજ્જ એક ઊંચી કાઠીની વ્યક્તિ સામયિકોને રસથી - ઝીણવટથી તપાસતી દેખાઈ. તે હતા મુ. શ્રી બચુભાઈ રાવત ! મુદ્રણકળા તો એમનો જીવનરસ હતો - એમની જીવનસાધના હતી ! એ બધા 'ડેલિગેટ'ના બિલ્લાવાળાઓને જોઈ ગ્રંથાલયાધ્યક્ષ ત્યાં આવી પહોંચ્યા અને સ્વાભાવિક રીતે જ મુ. શ્રી બચુભાઈના વ્યક્તિત્વથી આકર્ષાઈ તેમની સાથે વાતે વળગ્યા. વાતવાતમાં મુ. શ્રી બચુભાઈએ તેમને પૂછ્યું : 'મુદ્રણ અને નિર્માણની દૃષ્ટિએ તમને ભારતનું ઉત્તમ સામયિક કયું લાગ્યું ?' તે સાંભળતાં જ ગ્રંથાલયાધ્યક્ષ આશ્ચર્યથી મુ. શ્રી બચુભાઈની તેમજ સાથેના અન્ય ડેલિગેટોની સામે જોઈ રહ્યા. પછી કંઈક ઠપકાથી હોય તેમ 'ડેલિગેટ'નો બિલ્લો ચીંધી એક યુવાન ડેલિગેટને પૂછ્યું, 'તમે સૌ ગુજરાતથી આવો છો ને ? તમે તમારા 'કુમાર'ને નથી ઓળખતા ? આ રહ્યું એ ઉત્તમ સામયિક !' ને એમણે શ્રી બચુભાઈ સામે 'કુમાર' ધર્યું ! સૌ સાનંદાશ્ચર્યથી સ્તબ્ધ.

શ્રી બચુભાઈ પણ નિષ્પલક નજરે જોઈ જ રહ્યા !

પળભરમાં સ્વસ્થ થઈ એક ડેલિગેટે ગ્રંથાલયાધિકારીને પરિચય કરાવ્યો. 'આ જ શ્રી બચુભાઈ રાવત, 'કુમાર'ના તંત્રી અને મુદ્રક-'સર્જક'. અને તે અધિકારી શ્રી બચુભાઈ સામે પળવાર આદરથી જોઈ રહી, આનંદથી તેમના બન્ને હાથ પકડી લઈ તેમનું અભિવાદન કરી રહ્યા.

ત્યાં હાજર ગુજરાતના ડેલિગેટો માટે તો આ 'કુમાર'ના, શ્રી બચુભાઈના - ને તે દ્વારા ગુજરાતના ગૌરવનો પ્રસંગ હતો ! તે ક્ષણે નિ:શબ્દ એવા શ્રી બચુભાઈની આંખોનાં ઝળઝળિયાંમાં એક કલાકારની કૃતાર્થતાના અનુભવની જે ધન્ય ક્ષણ ચમકતી હતી તે એક વિરલ દૃશ્ય હતું.

મુખ્યપ્રધાન

આઝાદી પહેલાંની વાત.

મુંબઈમાં કૉંગ્રેસી પ્રધાનમંડળ. તેના મુખ્ય પ્રધાન, શ્રી બાળગંગાધર ખેર ખાનદેશના એક નગરમાં વિશાળ સભાને સંબોધે. સર્વ ધર્મોની એકતા વિષે બોલતાં બોલતાં તેમણે ભાવાવેશમાં આવી જઈ આગળની આધારપીઠ પર માથું ઢાળી પવિત્ર કુરાનની આયાતો બુલંદ અને ભાવપૂર્ણ અવાજે ઉચ્ચારવા માંડી ! અને સમગ્ર અવકાશને ભરી દેતા જાણે આઝાનના એ નાદથી વિશાળ માનવ મેદની અગમ્ય સંમોહન અનુભવી રહી ! તેમાં વિશેષ ભાવગદ્‌ગદિત તો હતા માથે રૂમાલ ઓઢીને ઇબાદતની અંજલી ધરી સાંભળતા કેટલાક મુસ્લિમ ભાઈઓ ! એક પછી એક એમ ચારપાંચ આયાતોનું ઉચ્ચારણ પૂરું થયું, ત્યારે એક જૈફ મુસ્લિમભાઈ આદરપૂર્વક બોલી ઊઠ્યો, 'યા અલ્લાહ', કયા બાત! અમારા કેટલાક મૌલવી પણ કદાચ આટલી સરસ રીતે નહીં બોલી શકતા હોય !'.... અને સભા પૂરી થયે નજીકમાંથી પસાર થતા શ્રી ખેરસાહેબ પાસે જઈ તેણે અત્યંત આદરથી પ્રણામ કર્યા અને એમની કાર ઊપડી ગયા પછીથી તે દેખાયાં કરી ત્યાં સુધી તેણે સપ્રણામ જોયા કર્યું !

આ હતા મુખ્ય પ્રધાન !

રાજવીની વિદ્યાપ્રીતિ

ઈ.સ. ૧૯૫૯ની આસપાસની વાત હશે. વડોદરાના મહારાજા સયાજીરાવ એક વાર અચાનક ત્યાંના ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં જઈ પહોંચ્યા. ત્યાંની અલભ્ય અને અમૂલ્ય હસ્તપ્રતો જોઈ આનંદ અને આશ્ચર્ય પામ્યા. પરન્તુ નાણાંની સગવડના અભાવે તે હસ્તપ્રતો લાકડાના ઘોડાઓ ઉપર ખડકાયેલી જોઈ ખેદ પામ્યા. બીજે જ દિવસે ઇન્સ્ટિટ્યૂટના અધિકારીને મહેલમાં બોલાવીને પોતાના હીરામોતીના કીમતી અલંકારોથી ભરેલી મોટી તિજોરી ખાલી કરાવીને કહ્યું કે, આ અગ્નિપ્રતિકારક તિજોરી લઈ જાવ. ઘરેણાં બીજાં બનશે, પણ પેલી હસ્તપ્રતો ફરીથી નહિ મળે. કદાચ એ તિજોરી હજી પણ આ વિદ્યાપ્રેમી રાજવીની વિરાસત તરીકે ત્યાં હશે.

- વિનોદ અધ્વર્યુ

[વાચકો પોતે અનુભવેલા આવા પ્રસંગો આ વિભાગ માટે મોકલી શકે છે. અનુકૂળ જણાશે તો તે આ વિભાગમાં પ્રકટ કરાશે.

- તંત્રી]

સાહિત્યસંપર્ક

સુરાનદ કુંજન પિલ્લાઈ, સ્વ.

ચોવીસમી જૂન ઓગણીસો અગિયારના રોજ જન્મેલા ખ્યાતનામ મલયાલમી સાહિત્યકાર સુરાનદ કુંજન પિલ્લાઈનું વિશાળ સાહિત્યક પ્રદાન છે. તેઓનો જન્મ કોલમ જિલ્લાના કુન્નાપુરી તાલુકામાંના કોઈ એક ગામડામાં થયો હતો. તેઓ તેમની માતાના પંદર સંતાનોમાંથી નવમું સંતાન હતા. તેઓના પિતાનું નામ નીલાકાંત પિલ્લાઈ અને માતાનું નામ કાર્થયયાનીઅમ્મા હતું. તેઓએ પ્રાથમિક શિક્ષણ તેમના વતન અને બાકીનું શાળાકીય શિક્ષણ અવારા ખાતે મેળવ્યું હતું. અહીંથી જ તેઓ ઘણાં કષ્ઠ વેઠીને ઘડાતાં તેમના જીવનમાંથી કંઈક ને કંઈક પ્રદાન કરીને ખ્યાતિ મેળવતા ગયા.

સુરાનદ પિલ્લાઈએ તેમનું ઉચ્ચ શિક્ષણ થિરુવંતપુરમમાં મેળવેલું, જ્યાં તેઓએ ઠરીઠામ થઈને બાકીનું જીવન વીતાવ્યું હતું. તેઓએ ઇંગ્લિશ, સંસ્કૃત અને મલયાલમ એમ ત્રણ ભાષામાં અનુસ્નાતકની પદવીઓ પ્રાપ્ત કરી હતી. કદાચ આવી શૈક્ષણિક અને સાહિત્યિક કારકિર્દી ધરાવનાર તેઓ પ્રથમ કેરળવાસી હશે. તેઓની સર્જનશક્તિ કાવ્યાલેખનથી ખીલી ઊઠી હતી. પ્રથમ કાવ્યસંગ્રહ 'સ્મશાનદીપમ્' (૧૯૨૯)થી તેઓની કાવ્યોર્જસ્વિતા પ્રગટ થઈ. એમાં તેઓએ ગરીબ પરિણિત સ્ત્રી પર વરસાવાતી



તીવ્ર સામાજિક ધિક્કારની લાગણી નું શબ્દચિત્ર સુંદર રીતે આલેખ્યું છે. એ સ્ત્રીને એટલી જ વિનમ્ર આલેખી છે. ત્યારબાદ તેઓ 'હૃદયાર્પણમ્' (૧૯૭૨) અને 'ભારતપૂજા' (૧૯૮૨) એમ બે કાવ્યસંગ્રહ આપે છે. આ પછી પણ તેઓનું કાવ્યસર્જન અટક્યું નથી. ત્રાવણકોર રાજ્યના છેલ્લા રાજા શ્રી ચિત્રા થિરુનલ બાલારામ વર્મા વિશે એક પ્રશસ્તિ કાવ્ય તેઓએ રચ્યું હતું. તેમની કાવ્યરચનાઓ સંક્રમણાત્મક રીતે ખૂબ વાચનક્ષમ ઊર્જસ્વિતાનો ધોધ વહાવતી આધુનિક સંદિગ્ધતાથી જરાયે વંચિત ન હતી.

શ્રી પિલ્લાઈએ સંસ્કૃત અને મલયાલમનો સમન્વય સાધીને સંખ્યાબંધ સંપાદન કાર્યો કર્યાં છે. 'લીલાતિલકમ્' (૧૯૪૫), 'ઉન્નુનિલીસંદેશમ્' (૧૯૫૫) અને 'ભાષા રામાયણ ચંપૂ' (૧૯૬૭) સંપાદનો તર્કબદ્ધ રીતે ઘટનાઓ મેળવીને કર્યાં છે. એમાં પ્રસંગો ઘટનાઓ અને તારીખો અંગેની સમસ્યાઓ હલ કરીને ઐતિહાસિક મૂલ્યો ઊભાં કરી આપ્યાં છે. આ પરથી એમનામાં રહેલા ઇતિહાસકાર અને તર્કશાસ્ત્રીની પરખ મળી રહે છે.

પહેલાંના પૌરાણિક સંદર્ભો સાથે 'ભાષા રામાયણ ચંપૂ'ના ૫૮૮ શ્લોકો અને ૫૪ ગદ્યખંડો દ્વારા આંતરસંબંધો ધરાવતો એક સ્તંભ ઊભો કરીને જુદા પ્રકારનું સંશોધન કર્યું છે. તેઓ સાહિત્ય અકાદમી ન્યૂ દિલ્હીમાં હતા ત્યારે ત્રાવણકોર કોચીન રાજ્ય અને મલયાલમ ભાષાનું સારું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓએ 'મલયાલમ કાવ્ય રત્નાકર' (૧૯૬૩)નું સંપાદન પણ કર્યું હતું.

તેઓએ ભાષાસાહિત્યનો ઇતિહાસ, વિવેચન, ભાષાવિજ્ઞાન, કાવ્યશાસ્ત્ર અને વ્યાકરણમાં પોતાનું પ્રદાન કરીને જે તે ક્ષેત્રોને સમૃદ્ધ બનાવીને સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. મલયાલમ વ્યાકરણને લગતું 'શ્રીચિત્ર વ્યાકરણ મંજરી' (૧૯૪૩), મલયાલમ કાવ્યશાસ્ત્રને લગતા બે ભાગ 'સાહિત્ય પ્રવેશિકા' પુસ્તક રૂપે પ્રગટ થયા હતા. આ ઉપરાંત પૌરાણિક અને આધુનિક સાહિત્યનું મૂલ્યાંકન કરી આપતા અસંખ્ય વિવેચન-લેખો અને અન્ય નિબંધોથી પિલ્લાઈને ખૂબ પ્રસિદ્ધ મળી હતી. તેમનું 'કેરાલીસમક્ષમ્' (૧૯૭૯) પુસ્તક કેરળ અને ત્રાવણકોરના ઐતિહાસિક સંદર્ભોને લીધે રાજ્યની માર્ગદર્શિકા બની ગયું હતું. આવાં અન્ય 'યાત્રાળુઓની આંખમાં મલબાર' (૧૯૪૦), 'ત્રાવણકોરમાં જન્મેલા સાધુઓ અને યોદ્ધાઓનું નભોમંડલ (૧૯૩૪) અને 'સ્વાતિ થિરુનલ' (૧૯૫૦)એ કેરળ રાજ્યનો મહિમા જાળવતાં એમનાં પુસ્તકો છે.

સુરાનદ પિલ્લાઈની કારકિર્દીનો આરંભ થિરુવનંથપુરમ્‌ની શાળામાં શિક્ષક તરીકે થયો હતો. પછીથી તેઓ ત્યાંની ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજમાં મલયાલમના પ્રાધ્યાપક બન્યા હતા. આ જ તેઓની પોતાની એક વિદ્યાપીઠ બની ગઈ હતી. પાઠ્યપુસ્તક મંડળ કેરળમાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે જોડાયા બાદ શિક્ષણ વિભાગમાં તેમની સહાયક સચિવ તરીકે નિમણૂક થઈ. એમાં તેઓએ કૉલેજોના ભાષાસાહિત્ય વિભાગોનું બંધારણ અને સ્ટાફના પગારધોરણની નવરચના કરી આપી હતી. ત્રાવણકોર યુનિવર્સિટીએ તેમને મલયાલમ શબ્દકોષ તૈયાર કરવાનું કાર્ય સોંપ્યું હતું. એ શબ્દકોષ બે ભાગમાં છે. છેવટે શ્રી પિલ્લાઈને પદ્મશ્રીનો ખિતાબ પણ એનાયત કરવામાં આવ્યો હતો. આવી વિરાટ સાહિત્યક અને શૈક્ષણિક કારકિર્દી ધરાવનાર સુરાનદ કુંજન પિલ્લાઈનું આઠમી માર્ચ ૧૯૯૫ના દિને નિધન થયું એ ઘટના સમગ્ર સાહિત્યજગત માટે દુઃખદ છે. - ડૉ. નલિન પંડ્યા

ગોયથે ઇન્સ્ટિટ્યૂટને પારિતોષિક

આંતરરાષ્ટ્રિય સાંસ્કૃતિક બાબતોમાં ભાષા બહુજ મહત્ત્વનો ભાગ ભજવે છે. જ્ઞાન અને માહિતીના આદાનપ્રદાનમાં વિચારોની સ્પષ્ટતા અને અભિવ્યક્તિની પારદર્શિતા અતિ જરૂરી ગણાય છે. જર્મનીમાં બુદ્ધિયુક્ત જર્મન ભાષામાં વિચારોની અભિવ્યક્તિ કરવાના આવા પ્રયાસોને દર

વર્ષે હેનિંગ કાઉફમાન ફાઉન્ડેશન મારફત સન્માનવામાં આવે છે. આ સંસ્થાની સ્થાપના ડૉ. હેનિંગ કાઉફમાન (૧૮૯૭-૧૯૮૦) દ્વારા ૧૯૮૩માં કરવામાં આવી હતી. તેઓ એક શિક્ષક ઉપરાંત નામકરણના નિષ્ણાત પણ હતા. જર્મનીમાં વિજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના વિકાસાર્થે તેની સોંપણી ડોનર્સ એસોસિએશનને કરવામાં આવી હતી. ત્રીસ વર્ષોના (૧૯૧૬-૧૯૪૮) સંઘર્ષ બાદ જર્મનભાષી ઇલાકાઓ અને પરગણાંઓની એકતા તરફ દોરી જનાર જર્મન ભાષાની જાળવણી અને પ્રાચીન તથા પ્રલંબ પરંપરાને પુનર્જીવિત કરવાનો આ સંસ્થાનો ઉદ્દેશ છે. આ પરંપરા ભાષાની ભેળસેળની પ્રથાથી તદન વિરુદ્ધ છે. જર્મનીમાં ભાષાનું ખેડાણ કરવાના પ્રયાસો હંમેશાં બિનસરકારી વ્યક્તિઓ દ્વારા થતા રહ્યા છે. જર્મન ભાષાને જાળવવાની પરંપરામાં ભાષાનો ઉપયોગ વ્યાકરણના નિયમાનુસાર કરીને તેને ઉત્તેજન અપાય છે. આને લીધે જવાબદારી વધે છે અને બોલચાલને તથા પોતાની ભાષાને વિચારોના આદાન-પ્રદાન માટે પ્રયોજવાની માનવીની ફરજ બની રહે છે. આથી જર્મનીમાં જર્મન ભાષાની જાળવણી માટે વ્યક્તિગત શૈલીઓનો 'હેનિંગ કાઉફમાન ફાઉન્ડેશન' જર્મન ભાષાના બુદ્ધિયુક્ત અને ચોક્કસ ઉપયોગનું મહત્ત્વ ઠસાવવા ઇચ્છે છે. વિવિધ જર્મન શબ્દોના અનેકવિધ ઉપયોગો અને જર્મન ઇતિહાસ સાથેના તેના સંબંધો અંગે લોકોની સંવેદનશીલતાને પણ એ સંસ્થા જાગ્રત કરવા ઇચ્છે છે. રાજકીય ઊથલપાથલો દરમિયાન ભાષાને ટકાવી રાખવાનું કેટલું ગૂંચવણભર્યું છે, તે જર્મન ભાષાના ઇતિહાસ પરથી ફલિત થાય છે. આથી જ તો હેનિંગ કાઉફમાન ફાઉન્ડેશન ભાષાસંપર્ક, તેની જાળવણી, વિવરણ, વ્યુત્પત્તિ, શબ્દરચના, ભિન્નત્વદર્શક તુલના, પૃથક્કરણ અને ભાષાંતરનાં ક્ષેત્રોમાં આગવું પ્રદાન કરનારાઓને પ્રત્યેક વર્ષે ૧૦થી ૨૦ જર્મન માર્ક્સનું જર્મન ભાષા પારિતોષિક અપાય છે.

૧૯૮૪ના વર્ષથી રૂમાનિયન-જર્મન લેખકો - હેર્તા મુલ્લર અને રિચાર્ડ વાગ્નેર, ગ્રીમ્સ શબ્દકોશની નવી આવૃત્તિનું શબ્દરચનાકાર જૂથ તેમજ જ્યૉર્જ આર્થર સ્મિથ જેવા ભાષાસમાલોચકો અને હાન્સ વૉલ્શલેગર જેવા ભાષાંતરકારોને તેમના અમૂલ્ય સાહિત્યિક પ્રદાન માટે આ પારિતોષિકો અપાયાં છે.

આ વર્ષે લાગલાગટ નવમી વખત જર્મન ભાષા પારિતોષિકો વહેંચવામાં આવ્યાં. ઇનામનું મૂલ્ય ૧૫૦૦૦ ડ્યૂઈશ માર્ક હતું. વિદેશોમાં ભાષાઓને ઉત્તેજન આપવાની પ્રવૃત્તિઓ કરનાર ગોયથે ઇન્સ્ટિટ્યૂટને આ માન અપાયું.

ભાષાકીય શિક્ષણ એ ગોયથે ઇન્સ્ટિટ્યૂટની એક મહત્ત્વની પ્રવૃત્તિ છે. આ સંસ્થાને મતે ભાષાનું શિક્ષણ એટલે માત્ર વ્યાકરણ શીખવવાનું અને જર્મન રાષ્ટ્ર વિશે થોડી ઘણી માહિતી આપી દેવી, એવું નથી. જર્મન ભાષાનું શિક્ષણ અને કિંમતી તેમજ વિરલ કૃતિઓ સહિતનાં પુસ્તકાલયોના પ્રદાન દ્વારા ગોયથે ઇન્સ્ટિટ્યૂટ મહેમાન દેશોને જર્મનો અને જર્મન ભાષા વિષે પોતાનો આગવો અભિપ્રાય ઘડવાની તક આપે છે. તે જર્મન ભાષા વિષે પોતાનો આગવો અભિપ્રાય ઘડવાની તક આપે છે. તે જર્મન સંસ્કૃતિ ઠોકી બેસાડવાના પ્રયાસો કદી જ કરતું નથી. આ સંસ્થાના પેટ્રન વોલ્ફગેન્ગ ગોયથે નામના સદ્‌ગૃહસ્થ આંતરરાષ્ટ્રિય સાંસ્કૃતિક સહકારના પુરસ્કર્તા હતા. વૈશ્વિક સંસ્કૃતિના આવિષ્કાર માટે તેઓ ભાષા અને સંસ્કૃતિઓના સંકુચિત અવરોધો ઉઠાવી લેવા માટે ભારે હિમાયત કરતા હતા.

આથી જ ગોયથે ઇન્સ્ટિટ્યૂટ પોતાના કાર્યક્રમોનું ઘડતર મહેમાન દેશો સાથે વિચારોના ખુલ્લા સંવાદ મારફત કરે છે. ત્રીજા વિશ્વના દેશોમાં પોતાના એ સાથીદારોને વૈશ્વિક પ્રશ્નોની ચર્ચા કરવા તખ્તો પણ પૂરો પાડે છે. તેમાં વસતી વિસ્ફોટ, કુદરતી સ્રોતોની સમાપ્તિ, જૈવિક જાળવણી જેવા કોયડાઓ વિષે વિચારણા કરવામાં આવે છે. આવા પરિસંવાદોમાં જાગતિક સમન્વય જરૂરી મનાય છે, પરંતુ તેનો ઉકેલ સંબંધિત રાષ્ટ્રોની જવાબદારી ગણાય છે. લગભગ ચાલીસ વર્ષોથી પારસ્પરિક સહકાર અને જાહેર ચર્ચાનાં મીઠાં ફળ સહુ ચાખી રહ્યાં છે. આ પ્રક્રિયા જર્મનોની પરિવર્તિત થઈ રહેલી પ્રતિભાનું પ્રતિબિંબ દર્શાવવામાં રચનાત્મક અને ફળદાયક પુરવાર થઈ ચૂકી છે. તેમાં સાંસ્કૃતિક અને વંશીય મતભેદોના પુનઃ મૂલ્યાંકને પણ પોતાનો ફાળો આપ્યો જ છે.

ગોયથેના વિચારોનું અનુમોદન ગોયથે ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પણ કરાઈ રહ્યું છે. તેમાં ભાષાની શુદ્ધતા પર ખાસ ધ્યાન અપાય છે. વિદેશી ભાષાના શબ્દો પ્રત્યે પાંડિત્યપૂર્ણ સૂગ રાખ્યા વગર, શુદ્ધતા જાળવીને, ભાષાને સમૃદ્ધ કરવાની હિમાયત ગોયથે કરતા હતા. વિદેશી શબ્દો વધુ અનુકૂળ જણાય તો તેનું સમર્થન પણ તેઓ કરતા. ચોક્કસ પરિસ્થિતિ અને વસ્તુનું વર્ણન કરવામાં નવા શબ્દો વધુ પારદર્શી કે બુદ્ધિગમ્ય અને સ્પષ્ટ જણાય તો તેને અપનાવી લેવામાં કશું અયોગ્ય નથી, એવી માન્યતા તેઓ ધરાવતા હતા. ભાષાઓના સંપર્કને તેઓ શબ્દસમૃદ્ધિ માટેનો એક સ્રોત ગણાવતા હતા.

વિદેશોમાં જર્મન ભાષાને ઉત્તેજન મળે એવી પ્રવૃત્તિઓ કરનાર આ ગોયથે ઇન્સ્ટિટ્યૂટ પોતાના પુરોગામી ગોયથે ઇન્સ્ટિટ્યૂટ ઓફ જર્મન એકેડેમીથી અલગ થઈ ગયું છે. ૧૯૩૨માં સ્થપાયેલી એ પુરોગામી સંસ્થાનો હિટલરે પોતાની ભાષાનીતિના પુરસ્કાર માટે ભારે ગેરઉપયોગ કર્યો હતો. આંતરરાષ્ટ્રિય સાંસ્કૃતિક સહકારનું પ્રાવર્ધન કરનાર આધુનિક ગોયથે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના ૧૯૫૧માં કરાઈ હતી. તે ૭૯ દેશોમાં ૧૬૮ શાખાઓ દ્વારા સક્રિય કાર્ય કરે છે. ૧૯૭૬થી તે જર્મનીની વિદેશ કચેરી સાથે સંલગ્ન બની છે. જોકે જર્મન ભાષા અને

સંસ્કૃતિનું સંવર્ધન એ જર્મન શાસનનો વિષય નથી ગણાતો તેથી તેણે જાગતિક સાંસ્કૃતિક સંબંધો બાંધવા કેટલીક અન્ય સંસ્થાઓની સેવાઓ મેળવી છે. તેમની મારફત જર્મન સરકારના રાજકીય, આર્થિક અને મુત્સદ્દીગીરીના સંપર્કો જાળવવામાં આવી રહ્યા છે. ગોયથે ઇન્સ્ટિટ્યૂટ આવી જ એક સંસ્થા છે. (- શકુંતલા વિશેષ વૃત્ત પ્રસારણ)

ડિકન્સના પત્રનું લિલામ

હમણાં અંગ્રેજ લેખક ચાર્લ્સ ડિકન્સ (૧૮૧૨-૭૦)ના એક પત્રનું લંડનમાં લિલામ થયું. એના ૫૭૫૦ પાઉન્ડ ઊપજ્યા. આ પત્રમાં એમણે જ્યૉર્જ એલિયટ (૧૮૧૯-૮૦) લેખિકા છે કે લેખક એ વિશે પોતાનો મત પ્રકટ કર્યો હતો. એક પાનાનો આ પત્ર ઇ.સ. ૧૮૫૮માં જ્યૉર્જ એલિયટની પ્રકાશક સંસ્થા બ્લેકવુડના યૉસેફ લૅંગફૉર્ડને લખાયો હતો. ચાર્લ્સ ડિકન્સે એ પત્રમાં જણાવ્યું હતું કે 'સીન્સ ઑફ ક્લેરિકલ લાઈફ' (Scenes of Clerical Life)ના વાચન પછી મને લાગે છે કે જો એ બે ગ્રંથો કે તેમનો અંશ કોઈ સ્ત્રી દ્વારા ના લખાયો હોય તો મારે એમ માનતા થવું પડશે કે હું પોતે એક સ્ત્રી છું. જ્યૉર્જ એલિયટની આ આરંભકાળની નવલકથા હતી. જ્યૉર્જ એલિયટ તો તેમનું તખ્ખલુસ હતું, પણ એ લેખિકાનું સાચું નામ હતું મૅરિ ઍન ઇવાન્સ (Mary Anne Evans).


જ્યૉર્જ એલિયટ


ડિકન્સ

પ્રાપ્ત પ્રકાશનો

શબ્દનો મહિમા, શબ્દની અસર અને શબ્દનું પરિણામ દર્શાવતી પુસ્તિકા 'રજા-રાજ'. લેખક: રામજીભાઈ પટેલ કિં. રૂ. ૧૫-૦ પૃ. ૫૬, સાઈઝ - ક્રાઉન, અક્ષર-ભારતી, ૫, રાજગુલાબ, ભુજ-૩૭૦૦૦૧

'ખતરનાક પાપમાંથી છૂટકારો' બિલ ગ્રેહામના 'નિર્ણયનો સમય' વિશેના વ્યાખ્યાનોની પુસ્તિકા અનુવાદક : એમ.એમ., કિં. રૂ. ૧-૦૦ પૃ. ૬૦, છઠ્ઠી આવૃત્તિ, પ્રકા. જીવન સાહિત્ય સંસ્થા, ૨૦, કેમ્પ, અમદાવાદ-૩૮૦૦૦૩

'સહચિંતન,' શિશુકાળથી લેખક વૈજ્ઞાનિક રીતે અને તાર્કિક રીતે તેમ જ સમતાલક્ષી ચિંતન કરતા આવ્યા હતા એ અંગેનું પુસ્તક, જેમાં કાર્લમાર્ક્સ, લેનિન, સ્તાલિન, માઓ જેવા ચિંતકોના ઉલ્લેખો સાંપડે છે. લેખક: યશવન્ત મહેતા, કિંમત : રૂ.૪૦, ક્રાઉન પૃ. ૧૬૮, પ્રકાશક ઉત્તમ સાહિત્ય પ્રકાશન સહકારી મંડળી લિ., સુરેન્દ્રનગર- ૩૬૩૦૦૧

'અંતર મેલાં ઊજળાં' સામાજિક લઘુનવલ. લેખક - કિશોર બી. માંકડ, કિંમત : રૂ. ૫૦-૦૦, ક્રાઉન પૃ. ૨૦૭, પ્રકા. : શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

પરિચય ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત પરિચય પુસ્તિકાઓ. (૧) ટેલિવિઝન પછીનો વિકાસ : પ્રીતિ શાહ, (૨) આઠમી પંચવર્ષીય યોજના : જીતેન્દ્ર સંઘવી (વિકાસની આંકડાકીય માહિતી સાથે) (૩) મ્યૂચ્યુઅલ ફંડો : સ્નેહલ ન. મુઝુમદાર, (૪) હવાઈ દળ નૌકાદળની તાલીમી સંસ્થાઓ : રમેશ જાદવ, (૫) સુભાષચંદ્ર બોઝ : કૃષ્ણકાંત જોશી, (૬) જગતની રાજકીય ભૂગોળ : યશવંત દોશી (૭) એઈડ્સનો રોગ : ડૉ. જે.કે. મણિયાર (નવા ઉદ્ભવેલા વિનાશકારી રોગ વિશે) (૮) જે. આર.ડી. તાતા : હોમઝદિયાર દલાલ (૯) ભારતની ફિલ્મ સોસાયટીઓ : તરલા મહેતા (૧૦) ગીતાપરિચય : યોગેશ પટેલ (૧૧) ઉદયશંકરની નૃત્યશૈલી : સુનીલ કોઠારી (૧૨) વિક્રમી ક્રિકેટર કપિલદેવ : સુરેશ સરૈયા, (૧૩) ફ્રોઈડ પછીનું મનોવિશ્લેષણ: ડૉ. હર્ષિદા રામુ પંડિત, (૧૪) ઈશ્વર પેટલીકર : નવનીત શાહ (૧૫) ટેલિફોનની સેવાઓ : ચંદ્રકાન્ત શાહ, (૧૬) વિદેશી ચલણનું બજાર : અભિજિત દોશી, (૧૭) સૂફીવાદ શું છે ? : પુષ્કર ગોકાણી, (૧૮) ભારતની રાજકીય ભૂગોળ : મહેશ એમ. ત્રિવેદી, (૧૯) આપણો વીજળી ઉદ્યોગ : જીતેન્દ્ર સંઘવી, (૨૦) બે વિશ્વયુદ્ધો : ડૉ. અશોક પ્રધાન (૨૧) સંત વિનોબા : મીરાં ભટ્ટ, (૨૨) કચ્છમાં સિંધુ સંસ્કૃતિ, ડૉ. પુલિન વસા, (૨૩) જર્મન નાટ્યકાર બર્ટોલ્ટ બ્રેષ્ટ : હસમુખ બારાડી (૨૪) દમનો વ્યાધિ : ડૉ. સુનિલ શાહ, (૨૫) શતાબ્દીમાં પ્રવેશતા મોરારજીભાઈ : યશવંત દોશી, (૨૬) ભારતનો ઇતિહાસ - ઉત્તરાર્ધ : નગીનદાસ સંઘવી, (૨૭) જગતના ધર્મગ્રંથો : યોગેશ પટેલ (૨૮) ભારતનાં વડાપ્રધાનો : રાજેન્દ્ર દવે, (૨૯) જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓ : ઉમેશ મહેતા, (૩૦) પ્રહ્લાદ પારેખ : સુધા અંજારિયા. આ તમામ પરિચય પુસ્તિકાઓના સંપાદક : યશવંત દોશી. પ્રત્યેક પુસ્તિકાની કિં. રૂ. ૫-૦૦ ક્રાઉન પૃ. ૩૨, પ્રકાશક: પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

શિશુવિહારની પુસ્તિકાઓ : (૧) નિઃસંતાનત્વ: લે. રમણલાલ ચી. શાહ, (૩) ચાંપરાજભાઈ શ્રોફ : લે. બાબુભાઈ કરાણી (૩) 'નવધા ભક્તિ' : લે. પ્રો. ડી.ટી.

પટેલ. આ ત્રણે પુસ્તિકાઓ સમાજલક્ષીને જીવનમાર્ગ લક્ષી છે. અનુક્રમે રૂ. ૧-૭૦, રૂ. ૨-૬૦, રૂ. ૨-૦૦, પૃ. ૩૨, ૩૬, ૨૦, પ્રકાશકઃ નિયામક શિશુવિહાર શૈક્ષણિક વિભાગ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪૦૦૧

- 'કૃતિ ટ્રસ્ટ' દ્વારા વ્યક્તિવિશેષ શ્રેણી (પુસ્તિકાઓ) (૧) ઇન્દુલાલ યાજ્ઞિક : લે. ધનવંત ઓઝા, (૨) 'ચાણક્ય': ગુણવંત શાહ (૩) 'મીરાંબહેન' લે. જયન્ત પંડ્યા (૪) 'રમણલાલ વ. દેસાઈ :' લે. પ્રવીણ દરજી. આ ચારે પુસ્તિકાઓના સંપાદક : પ્રફુલ્લ રાવલ, પ્રત્યેકની કિ. રૂ. ૬-૦૦, ક્રાઉન પૃ. ૩૨, પ્રકાશકઃ કૃતિ ટ્રસ્ટ, વી.પી. રોડ, વીરમગામ - ૩૮૨૧૫૦

નવપ્રસ્થ (કાવ્યસંગ્રહ) : તનસુખ ઓઝા, કિ. રૂ. ૮-૦૦, પૃ. ૩૨, ક્રાઉન, પ્રકાશકઃ સંસ્કાર સાહિત્ય મંદિર, પો.બો. ૩૪, ભાવનગર

સુંદર બોધકથાઓનો સંગ્રહ 'સૂતરના ટાંકા' 'હેતના ટેભા', 'અતિચિંતા,' 'ગૂઢ' સંદેશ', 'રહસ્યપૂર્ણ હાસ્ય' જેવી ઉત્તમ અને નોંધપાત્ર કથાઓ. બોધકથાઓના લેખન-સંકલનકર્તા : નવીન જોશી, મૂલ્ય : સાદર ભેટ, પૃ. ૮૮, ક્રાઉન સાઈઝ, પ્રકાશકઃ શ્રી એમ.વી. પરીખ, કડિયા પોળ, ખંભાત - ૩૮૮૬૨૨૦

- શ્રી આસિત ચાંદમલના અંગ્રેજી પુસ્તક 'વન થાઉઝન્ડ મુન્સ કૃષ્ણમૂર્તિ એટ એઈટી ફાઈવ'માંના પ્રારંભિક આલેખનોનો ગુજરાતી અનુવાદ : જે. કૃષ્ણમૂર્તિ એક સાન્નિધ્ય-સંવાદ અનુવાદક : માવજી કે. સાવલા, મૂલ્ય રૂ. ૧૨, પૃ. ૫૧, ક્રાઉન, પ્રકાશકઃ અક્ષર-ભારતી, ૫, રાજગુલાબ શૉપિંગ સેન્ટર, વાણિયાવાડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧

આપના ગામનો પિનકોડ અચૂક લખવો.

ગઝલના ગગનમાં-૭



ઉદયન ઠક્કર

ગુજરાતી ગઝલના જે થોડાક તાજા અવાજો છે તેમાંનું એક નામ છે ઉદયન ઠક્કર. ઓછા શબ્દોમાં સરળતાથી વાત કહી જનાર ઉદયન કરસનદાસ ઠક્કર મુંબઈમાં રીઅલ એસ્ટેટ ડેવલપર તરીકે વ્યવસાય કરે છે. ૨૮-૧૦-૧૯૫૫ જન્મ તારીખ અને અભ્યાસ બી.કોમ. કોસ્ટ અકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ. પ્રગટ પુસ્તકોઃ એકાવન (કાવ્યસંગ્રહ) એન મિલાકે ટેન મિલાકે છૂ (બાળવાર્તા સંપુટ) હાક છીં હિપ્પો (બાળકાવ્ય-સંગ્રહ) જુગલબંધી (કાવ્ય-આસ્વાદ-હાલ પ્રેસમાં છે.)

કૂંપળની પાસે શું કુમળી હથોડી છે ? એણે કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે. આવો પ્રશ્ન કરીને આપણને મુગ્ધ કરી જતા ઉદયન ઠક્કરના થોડાક શેરો માણીએ :

બાલદી, શીશી, તપેલી, પ્યાલું, ડબ્બો, ટોપિયું,
ફૂલ જ્યાં બોળે ચરણ ત્યાં ફૂલદાની થાય છે.

•

અહીં મેં પ્રથમ મેઘને વ્યથા સંભળાવી લીધી,
અને ત્યાં પ્રિયાએ તરત તાડપત્રી લગાવી લીધી.

•

મંગળા સો, રાજભોગ બસો, શયનના દોઢસો,
આપને ઠાકોરજી બહુ વ્યાજબી ભાવે પડ્યા.

•

કે યુગો સુધી પવન મનમાં જ મૂંઝાતો રહ્યો,
પાંદડાંએ શીખવ્યું ગાતાં, સૂરીલો થઈ ગયો.

•

સળસૂનો ઢોલિયો, પળસૂનું ટીપણું,
જળસૂની માટ, સળવળસૂનો ઉંબરો,
ગામને પાદરે એક વેચાઉ ઘર,
કોઈ રહેતું નથી, કોઈ લેતું નથી.

•

દીપડી લોહીને ચાખે જે રીતે,
એમ પીડાએ તને ચાખી હશે.

•

ફૂંકને તૈયાર રાખી માણસો,
પૂછતા : દીવાસળીમાં શું હશે ?

•

કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે ?
કૂંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે ?
સમસ્ત સૃષ્ટિ રજતની બન્યાનો દાવો છે,
હું નથી માનતો, આ ચન્દ્ર તો ગપોડી છે.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

અનુસંધાન] માધુકરી [પૃ. ૩૪૬ પરથી

મિનર્વાને મળતી છે, જે જ્ઞાન, યુદ્ધ અને કલાની દેવી ગણાય છે. વળી, આ અવશેષોમાં એક પરીનું અને કોઈ વણઓળખાયેલા રોમન યોદ્ધાનું માથા વગરનું બાવલું પણ મળી આવ્યું છે. આ બેઈટ શીઆન પ્રાચીન કાળમાં ગ્રીકો અને રોમનો દ્વારા સિથોપોલિસ (Scythopolis) તરીકે ઓળખાતું. આ ખોદકામ હિબ્રૂ યુનિવર્સિટી ઑફ યેરુસાલેમ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્થળ ઇઝરાયલમાં નૅશનલ પાર્ક તરીકે વિકસ્યું છે અને વિશ્વમાં રોમન અને બિઝેન્ટાઈન સ્થાનોમાનું એક મહત્ત્વનું સ્થાન ગણાય છે.



આશાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે !
માતેલા મોરલાના ટૌકા બોલે,
ટૌકા બોલે, ધીરી ઢેલક ડોલે !
આશાઢી સાંજનાં અંબર ગાજે.

- ઝવેરચંદ મેઘાણી

ગિરનાર લૉટરી

સોરઠની ધરતી ઉપર અડીખમ ઊભેલો ગરવો ગિરનાર, જે એક સમયમાં ગિરિનારાયણ, ઉજ્જયંતા અને રેવતાચળ તરીકે ઓળખાતો. હિંદુ પુરાણ પ્રમાણે ગિરનાર ઉપર તેત્રીસ કોટી દેવતાઓનો વાસ છે અને ચોર્યાસી સિદ્ધોનાં બેસણાં છે. તેથી જ સાધુ-સંતોએ જીવનસાફલ્ય તથા મોક્ષ માટે ગિરનારને તપસ્યા માટેના શ્રેષ્ઠ સ્થાન તરીકે પસંદ કરેલ છે. તેવા પવિત્ર ગિરનારની યાત્રા કરવાથી ઘણું પુણ્ય પ્રાપ્ત થાય છે તેવી માન્યતા છે.

પાંચેક માઈલની લંબાઈ અને દોઢેક માઈલની પહોળાઈના વિસ્તારમાં પથરાયેલા ગિરનાર-પર્વતમાળામાં મધ્યમાં ગિરનાર પર્વત આવેલો છે. મુખ્ય પાંચ ટૂકોમાં પહેલી ટૂક ઉપર અંબા ભવાની માતાજીનું મંદિર છે, જે ઘણું જ પુરાતન છે. પહેલાંના સમયમાં ઉપર યાત્રાએ જવા માટે પગદંડીઓ તથા કાચા રસ્તાઓ હતાં. સને ૧૧૬૬માં દીવન શ્રીમાળી અંબા રાણીંગે તળેટીથી અંબાજી સુધીનો રસ્તો તથા કાચાં પગથિયાં બનાવરાવ્યાનો અને સને ૧૬૮૩માં એક યાત્રાસંઘે તે સમરાવ્યાનો ઉલ્લેખ મળી આવેલા શિલાલેખોમાં છે. પગદંડીઓ અને કાચા રસ્તાઓને લીધે યાત્રિકોને સારું એવું કષ્ટ સહન કરવું પડતું. સમય જતાં, યાત્રિકોના સંઘે અને પ્રજાએ ગિરનાર ઉપર યાત્રાએ જવા માટે પાકાં પગથિયાં બનાવી આપવા માટે જૂનાગઢના નવાબ મહોબતખાનજી ત્રીજાને વિનંતી કરી. નવાબસાહેબના મનમાં પણ આ વિચાર ઘૂમતો હતો. પરિણામે સને ૧૮૮૯માં આ કામ માટે લૉટરી કાઢી ફંડ ઊભું કરવાનું નક્કી થયું. આ ફંડની વ્યવસ્થા કરવા માટે વઝીર બહાઉદ્દીનભાઈની દેખરેખ નીચે એક સમિતિની રચના કરવામાં આવી જેમાં જૂનાગઢના, કાઠિયાવાડના તથા ગુજરાતના પ્રતિષ્ઠિત ગૃહસ્થોનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો. તેમણે લૉટરી ફંડની તમામ વ્યવસ્થા કરવાની અને તેમાંથી પગથિયાં બનાવવા માટે ગોઠવણ કરી દેખરેખ રાખવાની.

એક રૂપિયાની કિંમતની ચારેક લાખ જેટલી લૉટરીની ટિકિટો છપાવવામાં આવેલી. ઈનામોની વિગતો ટિકિટ ઉપર છાપવામાં આવી હતી. ડ્રૉની તારીખ નિયત કરેલી ન હતી. પણ બધી ટિકિટો વેચાઈ ગયા બાદ ડ્રૉ કરવાનું નક્કી કરવામાં આવેલું. ટિકિટની એક રૂપિયો કિંમત સદી પહેલાં તો બહુ જ મોંઘી

કેનોપનિષદ

તૃતીય ખણ્ડ

બ્રહ્મની જીત દેવાર્થે; ખરે તે બ્રહ્મને જય
ગૌરવાન્વિત સૌ દેવો થયા.
- કિન્તુ રહ્યા લહી
પોતાનો જય આ કેવો! અમારો મહિમા કશો ? ૧
એમનો ભાવ આ જાણી, થયા પ્રત્યક્ષ એમની
(બ્રહ્મ)
- ના ઓળખી એને શોચે સૌ યક્ષ કોણ આ? ૨
કહે તે અગ્નિને જાઓ, જાતવેદ, જુઓ ખરે
કોણ આ યક્ષ છે આંહીં? તથાસ્તુ કહ્યું અગ્નિએ. ૩
દોડતો આવતો એને સમીપે, જોઈ પૂછતા
બ્રહ્મ, છો કોણ?
હું અગ્નિ; કહે એ, જાતવેદ હું. ૪
શક્તિ શી છે કહે ત્હારી?
- બાળું નિઃશેષ આ બધું,
જાણો, પૃથ્વી પરે જે આ જણાતું, સઘળું દહું. ૫
નાખીને તરણું એક એની આગળ (બ્રહ્મ) તે
કહે, તું બાળશે આને?
પ્રવેગે તે ગયો ત્યહીં,
પરન્તુ ના શક્યો બાળી, ત્યારે પાછો વળી કહે :
(દેવોને) ના શક્યો જાણી હું, આ છે યક્ષ કોણ તે. ૬
કહેતા વાયુને હાવાં : વાયુ હે, કોણ યક્ષ આ?
જાણી તે લાવશો સ્પષ્ટ.
- તેમ હો વાયુએ કહ્યું. ૭
દોડી કને રહ્યો આવી, જોઈને બ્રહ્મ પૂછતા :
કોણ છો તું?
- કહે વાયુ : માતરિશ્વા હું, વાયુ હું. ૮
કેવું સામર્થ્ય છે ત્હારું?
- સર્વ આ હૈ ઉખેડું હું,
જે હો પૃથ્વી પરે આ તે સન્ધુયે. એમ તે કહે. ૯
નાખીને તરણું એની ભણી, આને ઉપાડ તું,
કહેતા બ્રહ્મ.
- ત્યાં પૂર્ણ નિજી વેગે ધસ્યો છતાં
ઉપાડી ના શક્યો એને. તેથી પાછો વળી, કહે
હું ન જાણી શક્યો, દેવ, કોણ છે યક્ષ આ અહીં. ૧૦
કહે સૌ ઈન્દ્રને હાવાં : મઘવન્ આપ આટલું
જાણી લાવો ખરે, સાચે કોણ છે યક્ષ આ મહા.
તથાસ્તુ કહી તે વેગે એની સન્નિધિમાં જતાં....
અન્તર્ધાન થયા બ્રહ્મ. ને.... ૧૧
આવી તે નભમાં નારી ઉમા હૈમવતી, મહા
લાવણ્યે ઓપતી, એને પૂછે : આ યક્ષ કોણ છે? ૧૨

અનુ. રાજેન્દ્ર શાહ


Prizes—1 of Rs 40,000; 2 of Rs 10,000; 4 of Rs 5,000; 10 of Rs 1,000.

No. 19027 GIRNAR LOTTERY.

4,00,000 Tickets of Re. One Each.

By the special permission of the Government of HIS HIGHNESS THE NAWAB SAHEB OF JUNAGADH.

Under the distinguished patronage of Madarul Maham Shaikh Mahomed BAHAUDDINBHAI VALAD HASHAMBHAI VAZIER SAHEB.

C. H. PANDYA, B. A.
PURUSHOTTAM K. GANDHI.
Secretaries, Girnar Lottery.

200 of Rs 50; 200 of Rs 20; 500 of Rs 10; 2,000 of Rs 5.

ગણાય ! ટિકિટો કાઠિયાવાડ, ગુજરાત તેમજ આજુબાજુના પ્રદેશોમાં વેચવા માટે મોકલવામાં આવી હતી. સરકારી ગેઝેટ 'દસ્તુરલ અમલ સરકાર' તથા ચોપાનિયાં દ્વારા તેને પ્રસિદ્ધિ આપવામાં આવેલી હતી. તેની એક ટૂંકી ઝલક નીચે રજૂ કરી છે. સદી પહેલાં પ્રસિદ્ધ થયેલી આ જાહેરાત ટૂંકમાં ઘણું કહી જાય છે.

"લોખંડ ગરમ હોય ત્યારે તે ઉપર હથોડો મારવો તે વધારે ઉપયોગી છે, પણ તમે જાણો છો કે, આળશમાં ઘણીવાર માણસ આજકાલ કરતાં ખરી તક વિસરી જાય છે, અને પછી પસ્તાવો કરે છે કે, ફલાણું કામ મારાથી થયું નહિં. યાદ રાખવુ કે, ચેતતા નર સદાય સુખી. જેમ સ્વાર્થ તેમ પરમાર્થનાં કામમાં ઢીલ કરવી નહિં. સારા કામ મુલ્તવી રાખવાથી ઘણીવાર માઠાં ફળ થાય છે. કહેવત છે કે, કર્યું તે કામ અને કરવાનું એને તો વાર. વિતેલો વખત અને ગયેલી તક ભાગ્યે જ પાછાં મળે છે.

રૂપિયો ખરચસો તે પાલવશે પણ મનમાં ઓરતો રહી જશે તે કેમે કર્યે નીકળશે નહિં. આ લોટરીનો હેતુ પરમાર્થનો હોવાથી માણસો ખુશીથી ટિકિટો ખરીદે છે. ઈનામ આવ્યું તો વિવાહથી રળિયામણું, અને ન આવ્યું તો જાણશો કે રૂપિયો ધર્મનાં કામમાં ભર્યો હતો. હામ વિના દામ મળે નહિં. રૂપિયો ખરચ્યા વિના નસીબની પરીક્ષા પડે નહિં. ધર્મનાા કામમાં ઢીલ કરવી નહિં."

બધી ટિકિટો વેચાઈ ગયા બાદ ડ્રૉ કરવાનું નક્કી કરવામાં આવેલું. બે'ક વર્ષ સુધી ટિકિટોનું વેચાણ ચાલેલું. બાદ ડ્રૉ, બધી ટિકિટો વેચાઈ ગયા પહેલાં, નામદાર દીવાનસાહેબની આજ્ઞાથી નક્કી કરવામાં આવ્યો અને વેચાયેલ ટિકિટોના પ્રમાણમાં ઇનામોની વ્હેંચણી કરવાનું ઠરાવ્યું. ડ્રૉ માટેની તારીખ ૧૫-૫-૧૮૯૨ની મુકરર કરવામાં આવી. સમિતિના સભ્યો રૂબરૂ ડ્રૉની કાર્યવાહી ચાર દિવસ ચાલેલી. જાહેર જનતાને પણ આ કાર્યવાહી નિહાળવાની છૂટ હતી.

જાહેર થયેલ ઈનામોમાં પ્રથમ ઈનામ મેળવવામાં મુંબઈનાં એક પારસી બાનુ સવિતા ડાહ્યાભાઈ ખાંડવાળા ભાગ્યશાળી થયાં હતાં. તેમને ટિકિટ નં. ૭૮૧૮૩ ઉપર રૂ. ૧૦,૦૦૦/-નું પ્રથમ ઈનામ મળેલું. જૂનાગઢમાં સૌથી મોટું ઈનામ રૂ. ૧૦૦/- મેળવવામાં ફક્ત બે વિજેતાઓ (૧) શ્રી ત્ર્યંબકરાય દ્વારકાદાસ, ટિકિટ નં. ૭૬૯૨૦ અને (૨) શ્રી નર્મદાશંકર શંકરદાસ જીકાર, ટિકિટ નં. ૧૩૩૪૨૦ ભાગ્યશાળી થયા હતા.


ગિરનાર લૉટરી ફંડમાં આ રીતે ત્રણેક લાખ રૂપિયા ભેગા થયેલા અને તેમાંથી ગિરનારની મુખ્ય ટૂકો ઉપર જવા માટે કાળા પથ્થરનાં પાકાં પગથિયાં, આશરે ૬૦૦૦ જેટલાં, બાંધવામાં આવેલાં, જે કામગીરી સને ૧૯૦૨ સુધી ચાલેલી અને પવિત્ર ગિરનારની યાત્રાએ આવતા યાત્રિકો માટે તે આશીર્વાદરૂપ નીવડેલી.

આર. એ. માલવિયા

બાઈપાસ સર્જરી

બાઈપાસ એટલે શું ? જેમ રાજ્યના ધોરી માર્ગ પર જતાં આવતા ગામો પર બાઈપાસ રસ્તો હોય છે, કંઈક તેમજ લોહીની નળીમાં જ્યાં અડચણ હોય, ક્ષાર જામ થયો હોય ત્યાં આપણે એક કૃત્રિમ રસ્તો ઊભો કરીએ છીએ, જે આ ક્ષારને અને અડચણને બાઈપાસ કરીને નવું લોહી હૃદયની માંસપેશી સુધી પહોંચાડે છે. આ કામ જેટલું બોલવું અને વિચારવું સહેલું છે તેટલું કરવું અને પાર પાડવું અઘરું છે.

હૃદયની લોહીની નળીઓ બારીક અને નાજુક હોય છે. તેની અંદર ક્ષાર જમા થાય ત્યારે તે રસ્તો સાંકડો બને છે. હવે જ્યારે આ અડચણ બાઈપાસ કરવી હોય ત્યારે બીજી લોહીની નળી બેસાડવી પડે છે. આપણા શરીરમાં બે પ્રકારની લોહીની નળીઓ હોય છે : (૧) ધમની એટલે કે ARTERY જે હૃદયમાંથી શુદ્ધ લોહી પહોંચાડે છે. તે પ્રમાણમાં મજબૂત અને ટકાઉ હોય છે અને (૨) શિરા એટલે કે VEIN જે અશુદ્ધ લોહી હૃદયમાં લઈ જાય છે અને જેમાં લોહીનું



દબાણ ઓછું હોય છે. તેથી તે ઓછી મજબૂત તેમજ ઓછી ટકાઉ હોય છે. જ્યારે દર્દી ઉપર બાઈપાસ નળી બેસાડવી હોય ત્યારે પ્રથમ તો લોહીની નળીની કેટલી લંબાઈની જરૂર પડશે તે જોવું પડે છે. જો ઘણીઘણી લોહીની નળીઓમાં ઘણા BYPASS GRAFTS

મૂકવા હોય તો VEINની જરૂર પડે છે. આ માટે સર્જન પગની અંદર આવેલી લોહીની નળી, જેને GREAT SAPHENOUS VEIN કહેવાય છે તેને એક પગમાંથી કાઢી લે છે. પછી તેને બરોબર ચકાસે છે કે કોઈ ભાગ તૂટલો તો નથી ને ? ત્યારબાદ તે લાંબી નળી કાપીને માપ પ્રમાણેના તેના કટકા હૃદયમાંથી નીકળતી મુખ્ય લોહીની નળી AORTA સાથે જોડવામાં આવે છે અને બીજો છેડો જે જગ્યાએ નળી રૂંધાઈ છે ત્યાંથી આગળના ભાગે જોડવામાં આવે છે, જેથી આ નવી લોહીની નળી હવે હૃદયની માંસપેશીને લોહી પહોંચાડવા કાર્યરત થઈ જાય છે. પરંતુ આ શિરા જે કુદરતી રીતે લોહીના ઓછા દબાણને ટેવાયેલી હોય છે તેને હવે લોહીનું વધુ દબાણ સહન કરવું પડે છે તેથી શક્ય છે કે ૧૦ વર્ષ બાદ આ શિરામાં પણ ક્ષાર જમા થઈ જાય અને આ પણ બગડી જાય. તેથી આજના યુગમાં આપણે VEINનો BYPASS GRAFT તરીકે ઓછો ઉપયોગ કરીએ છીએ અને તેને બદલે સર્જન ARTERYની જ શોધમાં હોય છે.

છાતીનાં હાડકાંની નીચે લોહીની નળી પસાર થતી હોય છે, જેને INTERNAL MAMMARY ARTERY કહેવાય છે. તે પ્રમાણમાં હૃદયની લોહીની નળીને મળતી આવતી હોય છે. તેથી દરેક સારો સર્જન દર્દીને આ ધમનીની જ BYPASS GRAFT મૂકી શકાય તેવો પ્રયાસ કરે છે. આમ, આ નળી બેસાડવાથી ફરી તે રૂંધાઈ જવાની તક ઓછી રહે છે અને ૧૫-૨૦ વર્ષ તો આરામથી કોઈ તકલીફ વગર હૃદયને લોહી મળતું જ રહે છે. આ પ્રકારની ધમનીનો બાઈપાસ તરીકે ઉપયોગ કરવા માટે સર્જનની આવડત, કુનેહ અને અનુભવ ખૂબ જ મહત્ત્વનાં હોય છે. કેમ કે આ લોહીની નળીને હાડકાંના નીચેના ભાગથી છૂટી કરવી પડે છે અને એ કાળજી રાખવી પડે છે કે જે નળી બાઈપાસ તરીકે ઉપયોગમાં લેવાય છે તે જ નળીને કાઢતી વખતે નુકસાન ન થાય. વળી, દરેક સર્જન આ લોહીની નળીમાં લોહીનો પ્રવાહ કેટલો છે તે પણ ટેબલ ઉપર જ માપે છે, જેથી સપ્રમાણ લોહી હૃદયને પહોંચતું થઈ શકે.

હૃદયની પેટ બાજુની દીવાલ અથવા તો પાછળના ભાગને જો લોહી ARTERY વાટે પહોંચાડવું હોય તો ઉપર જણાવેલ INTERNAL MAMMARY ARTERYને આપણે છેક ત્યાં સુધી લંબાવી નથી શકતા. જો ખેંચતાણ કરીને પહોંચાડીએ તો તે બાઈપાસ કરેલ નળી જ બંધ થઈ જવાની શક્યતા રહે છે. આથી છેલ્લાં પાંચ વર્ષમાં નવી ક્ષિતિજો ખૂલી છે. પેટના પડ ઉપર એક લોહીની નળી પસાર થાય છે. જેને LEFT GASTROEPIPLOIC ARTERY કહેવાય છે. તે નળી પણ હૃદયની લોહીની નળીને મળતી આવે છે અને તેને હૃદયના પાછળના ભાગે ચાલતી લોહીની નળી સાથે સહેલાઈથી જોડી શકાય છે.

તેથી હવે આજના યુગમાં બહુ જ જૂજ પ્રમાણમાં પગની લોહીની નળીનો BYPASS GRAFT તરીકે ઉપયોગ થાય છે. દુનિયાનાં સારાં કેન્દ્રોમાં તેમજ આપણા દેશમાં હવે સર્જનો વધુ ને વધુ ARTERYનો ઉપયોગ બાઈપાસમાં કરે છે, જેથી ફરી તે નળી રૂંધાઈ જવી, બગડી જવી, ફરી હાર્ટઍટેક આવવો વગેરે સંભાવના નહિવત થઈ જાય છે.

આમ, સૈદ્ધાંતિક રીતે બાઈપાસ સર્જરીમાં આપણે એક નવો રસ્તો લોહી પહોંચાડવા માટે ઊભો કરીએ છીએ. પરંતુ જે રૂકાવટ છે તેને આપણે અડતા નથી. ઘણા સંજોગોમાં રૂંધાએલો માર્ગ લાંબો અને નીકળી શકે તેવો હોય છે ત્યારે સર્જન હૃદયની લોહીની નળીને ખોલી અંદર જમા થયેલ ક્ષારને બારીકાઈથી કાઢી નાખે છે. આ પદ્ધતિને ENDARTERECTOMY કહેવાય છે. પરંતુ ENDARTERECTOMY કર્યાં છતાં ય સર્જન તે લોહીની નળીને એક વધુ બાઈપાસ માર્ગ તો જરૂર આપે જ છે, કારણ કે કુદરતનો ભરોસો નથી. વળી, પાછો તે જ જગ્યાએ ક્ષાર જમા થાય તો? તેથી બમણી સલામતી માટે બાઈપાસ પણ મૂકવામાં આવે છે. ('ફૂલછાબ')

- ડૉ. ગૌતમ દવે

એથીનાનું શિલ્પ

તાજેતરમાં ખોદકામ કરતાં ઈઝરાયલના બેઈટ શીઆન (Beit she'an) પાસે આરસનાં બાવલાં મળી આવ્યાં છે તેમાંનું આ એક છે. રોમન સ્નાનાગારના જે અવશેષો મળી આવ્યા તેમાં આ બાવલાં પણ હતાં. સ્નાનાગારમાં આ બાવલાં સુશોભન-અર્થે મુકાતાં હશે. એમાં પ્રેમની દેવી ઍફ્રોડાઈટિનું કામદેવ સાથેનું ડૉલ્ફિન પર સવાર થયેલું શિલ્પ આકર્ષક છે. અહીં જે મૂર્તિ દર્શાવી છે તે એથીનાની છે. આ રોમન દેવી એથીના ગ્રીક દેવી



(અનુસંધાન પૃ. ૩૪૭ ઉપર)

સમજદાર સુજાણ, નર અવસર ચૂકે નહિ;
અવસરનાં ઓસાણ, રહે ઘણા દિન રાજિયા !


અમેરિકન નવલકથાકાર નેથેલિયન હોથોર્ન (૧૮૦૪-૧૮૬૪)ના જીવનની આ વાત છે. નોકરીમાંથી છૂટો થતા એ ઘોર નિરાશાથી ઘેરાઈ ગયો. શું કરવું તેની સૂઝ પડે નહિ. તેની પત્નીએ ત્યારે તેની સાથે વાદવિવાદ કરવાને બદલે તેની સમક્ષ ખડિયો અને કલમ ધરી દીધાં: 'ઘણા સમયથી તમે નવલકથા લખવાનો વિચાર કરો છો. હવે તે લખી શકશો.' હોથોર્ને નિરાશા ખંખેરી કલમ ઉપાડી અને સર્જી એમની ખ્યાતનામ્ નવલકથા 'ધ સ્કાર્લેટ લેટર' (૧૮૫૦)

*

મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં સૌપ્રથમ હિંદી પ્રોફેસર હતા દાદાભાઈ નવરોજી, અને તે વર્ષ હતું ૧૮૩૫નું.

*

તાજેતરમાં મીરતના જીવનસિંગ નામના આયકર ખાતાના એક કર્મચારીએ પોતાના ઘરઆંગણે ઉગાડેલાં શાકભાજીમાં એક રીંગણી પર બે ફૂટ લાંબું અને દસ ઇંચ પહોળું તથા ૧.૭ કિલો વજનનું એક રીંગણ ઉગાડ્યું છે.



*

જગન્નાથપુરી (ઓરિસ્સા)ના જગન્નાથ મંદિરનું રસોડું કેવડું મોટું છે તે જાણો છો ? ૧૫,૦૦૦ ચોરસ ફૂટના વિસ્તારમાં ૭૫૨ તો ચૂલા છે, જેના પર મિષ્ટાન્નો સાથે સોથીયે વધુ વાનગીઓ દરરોજ બનાવાય છે.

*

પેલિકન પંખીની લાંબી ચાંચના મૂળમાં ગળાને અડીને જે કોથળી આવેલી છે તે સ્થિતિસ્થાપક ત્વચાની બનેલી છે. તેમાં ચાંચે શિકાર કરેલા માછલાના કદ પ્રમાણે તે નાની મોટીથાય છે. તેમાં સંઘરાયેલો શિકાર પછી પેલિકન નિરાંતે ખાય છે.



AUSTRALIAN BLACK-BACKED PELICAN

*

નેપાળમાં કાઠમંડુમાં પશુપતિનાથના મંદિર નજીક દુધાધારી નામનો એક સાધુ છેલ્લાં બાર વર્ષથી પણ વધારે સમયથી માત્ર દૂધ પર જીવે છે અને તેની જટા પોણા ત્રણ મીટર જેટલી લાંબી છે.

*

કાચના આંટાવાળી બરણી કે શીશીનું પેચવાળું ઢાંકણ વાસતા પહેલાં તે આંટા પર સહેજ તેલ લગાવશો તો ઢાંકણું સહેલાઈથી વાસઉઘાડ થઈ શકશે.

*

કોલંબિયાના મેડેશીન નામક નગરમાં રોજ આશરે ૫૦૦ ટન કચરો બહાર ફેંકાય છે. તેમાંથી શહેરનાં ગરીબો ૩૦ ટન જેટલો કચરો - કાગળ, કપડાં અને ડબલાં વીણીને પાછાં ઘેર લઈ જાય છે.

*

તાજેતરમાં જાપાને જે ૮૦ યેનની ટપાલ ટિકિટ બહાર પાડી છે તે (JOCV Japan Overseas Cooperation Volunteers)ને ૩૦ વર્ષ પૂરાં થાય છે તેની ઉજવણીમાં છે. આ સંઘની સ્થાપના ૧૯૬૫ના એપ્રિલની ૨૦માંએ થઈ હતી. આ પ્રકલ્પમાં સંકળાયેલા સ્વયંસેવકો પછાત દેશોમાં જઈ ત્યાંના સામાજિક-આર્થિક વિકાસમાં સહાય કરે છે. અત્યાર સુધીમાં ૧૩,૦૦૦ સ્વયંસેવકો ૫૮ દેશોમાં મોકલી અપાયા છે. પ્રસ્તુત ટિકિટ પર બાંગ્લાદેશના વતનીને આવા એક સ્વયંસેવક લખતાવાંચતા શીખવે છે.



*

સુધારો. સળંગ અંક ૮૦૭માં છેલ્લા પાને પ્રથમ કોલમમાં છેલ્લે 'બેનઝીર ભુત્તોના પતિ' એમ વાંચવું.

*

જાપાનની બુલેટ ટ્રેન વિશ્વની સૌથી ઝડપી ટ્રેન છે. કલાકના ૧૫૦ થી ૧૭૫ માઈલની ઝડપે તે દોડે છે.

કલાકણિકા : ચોથી સદીનું ચીનનું કલાત્મક ફૂલદાન, જેના પર મોર અને પૅઓની પુષ્પોના આકારોનું સુશોભન કરવામાં આવ્યું છે.



રાગ મેઘની રાગિણીઓ
(કાંગડા શૈલી)


૧. ગોડ મલ્હાર
૨. આશાવરી
૩. કુનકુની
૪. સુહી
૫. સોરઠી







૧



૨



૩